# નિર્ધાર

## વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ

(વિધવા મહિલાઓને સ્વાવલંબન, રોજગારી, પુનર્વસન પ્રવૃત્તિ હાથ ધરતું સંગઠન)

ટ્રસ્ટ રજી. નં. E/૧૫૧૮/સુ.નગર તા. ૧૫-૫-૨૦૧૭ www.nirdharvidhvamahilakalyantrust.com

કાર્યાલય : 'રાજેશ નિવાસ' ૬, વાદીપરા, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧. ફોનઃ ઓ. ૦૨૭૫૨-૨૨૦૯૮૫ મો. ૯૮૨૪૩ ૨૨૫૮૫

આ સંસ્થાને ઈન્કમટેક્ષ વિભાગ ભારત સરકાર દ્વારા ૮૦-G પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે - જે વિદિત થાય

### શ્રીમતી સૂરજબેન લક્ષ્મીદાસ મહેતા વિધવા પુનઃવર્સન ભવન





(સૂચિત બિલ્ડીંગની તસ્વીર)

### વિધવા મહિલાઓ માટે વિવિધ સેવાયજ્ઞ

- વૃધ્ધ વિધવા માતાને સવાર-સાંજ ટિફિન સેવા
- યુવાન વિધવા મહિલાઓ માટે સિલાઇ કામ, જરદોશી કામ, મોતીકામ, કોમ્પ્યુટર ડિઝાઈનીંગ, ભરતકામ, ખાટલી ભરત, તોરણ વર્ક, ભીંડી વર્ક જેવી પુનઃર્વસન માટે તજજ્ઞો દ્વારા તાલીમ
- વિધવા મહિલાઓને વિવિધ ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થાય તે માટે ટૂંકા ગાળાના તાલીમ વર્ગોનું આયોજન
- ઉપરોક્ત સૂચિત વિધવા ભવન બિલ્ડીંગમાં વિધવા મહિલાઓના સર્વાંગી કલ્યાણ માટે ઉપરોક્ત પ્રવૃત્તિઓનું આયોજન કરાશે.

# અંતરના અજવાળે

(વ્યક્તિ વિશેષ લેખ સંગ્રહ)



શ્રી રાજેશભાઈ પ્રેમશંકર રાવલ

સંપાદકો : ડૉ. બળવંત વ્યાસ - ક્રિષ્ના આનંદ રાવલ - હેમાબેન ત્રિવેદી



સુરેન્દ્રનગરમાં છેલ્લા અઢી દાયકાથી વિધવા મહિલાઓના સર્વાંગી કલ્યાણ માટે વિવિધ સેવા પ્રકલ્પો હાથ ધરતી નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રના સંસ્થાપક પ્રજ્ઞાચક્ષુ સમાજ સેવક શ્રી રાજેશ રાવલને રાજ્યના તત્કાલિન રાજ્યપાલ કમલાબેનીવાલના વરદ્ હસ્તે આશીર્વાદ સંસ્થા-અમદાવાદનો ધરતી રત્ન એવોર્ડ પ્રાપ્ત થયો. એ પ્રસંગની તસ્વીરમાં સ્ટેજ પર વિવિધ ક્ષેત્રના મહાનુભાવો દૃષ્ટિગોચર થાય છે.



સ્વામિનારાયણ મંદિર-કુંડળ ધામ ખાતે કેન્દ્રીય મિનિસ્ટરશ્રી અમિતભાઈ શાહ સાહેબના વરદ્ હસ્તે સંસ્થાના વિકાસ માટે કુંડળ ધામ વતી રૂપિયા પાંચ લાખનો ચેક નિર્ધારના સ્થાપક રાજેશ રાવલને આપતા તસ્વીરમાં નજરે પડે છે. આ પ્રસંગે ગુરૂદેવ શ્રી જ્ઞાનજીવનદાસજીએ શ્રી રાજેશ રાવલનું કુલહારથી સ્વાગત કરી વિધવા કલ્યાણની સેવાકીય પ્રવત્તિની અનુમોદના કરી હતી.



રાજકોટ ખાતે દિપચંદ ગાર્ડ સેવા રત્ન એવોર્ડ નિર્ધારના સંસ્થાપક શ્રી રાજેશ રાવલને એનાયત થયો તે પ્રસંગની તસ્વીર



વેદમાતા ગાયત્રીના ઉપાસક ગાયત્રી શક્તિપીઠના સ્થાપક ગુરૂદેવ શ્રી રામ શર્મા આચાર્યજીની પ્રેરણાથી ગાયત્રી મંદિર-સુરેન્દ્રનગર ખાતે યોજાયેલ વિશિષ્ટ સમાજ સેવા ક્ષેત્રેનું બહુમાન નિર્ધારના સંસ્થાપક શ્રી રાજેશ રાવલને પ્રાપ્ત થયું હતું. તસવીરમાં મહાનુભાવો શ્રી રાજેશ રાવલનું અભિવાદન કરતાં દશ્યમાન થાય છે.

# અંતરના અજવાળે

**(વ્યક્તિ વિશેષ લેખ સંગ્રહ)**



**શ્રી રાજેશભાઈ પ્રેમશંકરભાઈ રાવલ**

**: સંપાદકો :**

**ડૉ. બળવંત વ્યાસ - આનંદ રાવલ - હેમાબેન ત્રિવેદી**


Antar na Ajavale

**અંતરના અજવાળે**

(વ્યક્તિ વિશેષ લેખસંગ્રહ)

| | | |
|---|---|---|
| ✦ સંપાદકો | : | ડૉ. બળવંત વ્યાસ<br>આનંદ રાવલ<br>હેમાબેન ત્રિવેદી |
| ✦ પ્રકાશક | : | નિર્ધાર સાહિત્ય વર્તુળ,<br>'રાજેશ નિવાસ' ૬, વાદીપરા,<br>સુરેન્દ્રનગર (ગુજરાત) ફોનઃ (૦૨૭૫૨) ૨૨૦૯૮૫ |
| ✦ પ્રથમ આવૃત્તિ | : | મે, ૨૦૨૨ |
| ✦ પ્રત | : | ૧૦૦૦ |
| ✦ મૂલ્ય | : | અમૂલ્ય |
| ✦ કમ્પ્યુટર સેટીંગ | : | જય જલારામ કમ્પ્યુટર,<br>'જલારામ કૃપા' ૨, વર્ધમાન કોલોની,<br>સુરેન્દ્રનગર. મો. ૯૪૨૭૪ ૯૪૬૩૩ |
| ✦ મુદ્રક | : | શ્રી મહાલક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસ,<br>અંડરબ્રિજ પાસે, સુરેન્દ્રનગર. |

## અનુક્રમણિકા


- અર્પણ
- શુભેચ્છા સંદેશ (મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)
- શુભેચ્છા સંદેશ (શ્રી વડવાળા મંદિર, દૂધરેજ)
- સંપાદકીય — ડૉ. બળવંત વ્યાસ, આનંદ રાવલ, હેમાબેન ત્રિવેદી

| | |
|---|---|
| ૧. અમાસના અંધકારમાં ઉજાસની ફૂલઝરી | સ્વ. સુમંત રાવલ |
| ૨. નિર્ધારના કર્ણધાર | ભવાનીસિંહજી મોરી |
| ૩. વિધવા બહેનોના એકલવીર ભાઈ તરીકે સેવાયજ્ઞો કરતા પ્રજ્ઞાચક્ષુ રાજેશ રાવલ | સ્વ. અતુલકુમાર વ્યાસ |
| ૪. ૬૧ કે ૧૬ ? રાજેશ રાવલ | સદાશિવ વ્યાસ |
| ૫. વેરાન વચ્ચે મીઠી વીરડી : રાજેશ પ્રેમશંકરભાઈ રાવલ | કિશોરચંદ્ર ર. ત્રિવેદી |
| ૬. રાજેશ રાવલને શુભેચ્છા | કલ્પનાબેન ત્રિવેદી |
| ૭. વિધવા બહેનોની સેવા બેલડીઃ પારૂલ રાવલ / રાજેશ રાવલ | પંકજ ડગલી |
| ૮. વિધવાનું પિયર - રાજેશ રાવલનું ઘર | સ્વ. સુમંત રાવલ |
| ૯. એક વિરાટ વ્યક્તિત્વઃ રાજેશભાઈ રાવલ | સંગીતાબેન પરમાર |
| ૧૦. વગર ટ્રસ્ટે વિધવાઓના વૈધવ્યને વહારે વસતા એક પ્રજ્ઞાચક્ષુ શ્રી રાજેશ રાવલ | લોક ફરિયાદ પાક્ષિક |
| ૧૧. એક અદકેરા માનવી | મીનાબેન કે. મહેતા |
| ૧૨. નયન ખોયા પછીનું સુખ | સ્વ. સુમંત રાવલ |
| ૧૩. ૫૧ થી શરૂ થયેલ આજે ૧૧૦૦ વિધવાઓનું પિયર | દિવ્ય ભાસ્કર દૈનિક |
| ૧૪. માનવતાના મોંઘેરા કાર્યોનો સાચો સાથીદાર | અનોપચંદ કે. શાહ |
| ૧૫. વિરલ વ્યક્તિત્વ : રાજેશ રાવલ | મનોજ પંડ્યા |





| | |
|---|---|
| ૧૬. શ્રી રાજેશભાઈ : એક નવો વિચાર અને રાહ | ઈન્દુભાઈ પરીખ |
| ૧૭. રાજેશ રાવલને શુભેચ્છા | ભરતભાઈ પટેલ |
| ૧૮. રાજેશભાઈની રહેમ રૂઠેલી તકદીર પર | પંકજ કે. ડગલી |
| ૧૯. અંધકારમાં પ્રકાશ... | મીના કીર્તિ મહેતા |
| ૨૦. રહે ના રહે હમ... મહેકા કરેંગે | હેમા ત્રિવેદી |
| ૨૧. અંધકારને ભેરુ બનાવી કદમથી કદમ મિલાવતા રાજેશભાઈ | કિશોરભાઈ વી. પટેલ |
| ૨૨. સુરેન્દ્રનગરના પ્રજ્ઞાચક્ષુ રાજેશ રાવલનો નિર્ધાર | હરનેશ સોલંકી |
| ૨૩. ઉમદા વ્યક્તિત્વ : રાજેશ રાવલ | મેહુલ ધોળકિયા |
| ૨૪. છડી : શ્રી રાજેશ રાવલની... | કવિશ્રી જશંત મહેતા |
| ૨૫. વિધવા બહેનોના આધાર સમાન રાજેશભાઈ રાવલ | ડૉ. પી.સી. શાહ |
| ૨૬. વિધવા બહેનોના પાલક પિતા | ગૌરવ જાની |
| ૨૭. બીજાના જીવનમાં અજવાળા પાથરતા માણસ એટલે રાજેશભાઈ | ડૉ. નિખિલેશ દેસાઈ |
| ૨૮. સેવા, સદ્ભાવના અને સદ્વિચારનો ત્રિવેણી સંગમઃ શ્રી રાજેશભાઈ રાવલ | જૈમિનીબા કિરીટસિંહ ઝાલા |
| ૨૯. ભાઈ નહીં ! પણ મોટાભાઈ... | ગીતાબેન પી. મોરી |
| ૩૦. શ્રી રાજેશભાઈ એક ક્રાંતિકારી વ્યક્તિત્વ, એક નવો વિચાર અને નવો રાહ | ગજેન્દ્ર રાવલ/જ્યોતિબેન રાવલ |
| ૩૧. એક ઘરદીવડો - રાજેશભાઈ | ગિરીશ ભટ્ટ |
| ૩૨. મા + મા રાજેશ મામા | કુ. જહાન્વી પરમાર |
| ૩૩. કળિયુગ કે સતયુગ ? | મીના કીર્તિ મહેતા |
| ૩૪. સેવાના ભેખધારી : રાજેશભાઈ | નરેન્દ્રભાઈ પ્રજાપતિ |
| ૩૫. સન્માન અને સેવાકાર્યોની તસવીરી ઝાંખી | - |
| ૩૬. વિધવા બહેનોના આધારસ્તંભ : રાજેશભાઈ રાવલ | જસ્મીનાબેન સોલંકી |

# અર્પણ...




**પૂ. પિતાશ્રી : પ્રેમશંકરભાઈ ત્રિભોવનભાઈ રાવલ**
**પૂ. માતુશ્રી : તારાબેન પ્રેમશંકરભાઈ રાવલ**

જે માતા-પિતાએ સંસ્કારોનું સિંચન કર્યુ
જેમણે જીવન વ્યવહારના પાઠ શીખવ્યા
જેમના આશીર્વાદથી સમાજમાં આગવી ઓળખ મળી
જે માતા-પિતાએ જીવનમૂલ્યો સંવર્ધિત કર્યા
એવા,
જન્મદાતા-સંસ્કારદાતા
માતા-પિતાના ચરણોમાં
ખૂબ આદરપૂર્વક આ પુસ્તક અર્પણ કરતાં
ધન્યતા અનુભવાય છે.

**આપના છોરુ**
**રાજેશ રાવલ પરિવાર**





**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

apro/ab/2022/01/10/ps

તા. ૧૦-૦૧-૨૦૨૨

**સંદેશ**

વિધવા મહિલાઓના સ્વાવલંબન અને કલ્યાણ માટે નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ કાર્યરત છે તે જાણી આનંદ થયો.

સંસ્થાના સ્થાપક **શ્રી રાજેશભાઈ રાવલ**નો તા. ૨૮ **જાન્યુઆરી, ૨૦૨૨**ના રોજ આવતો **જન્મદિન** તેમના જીવન માટે સર્વતોમુખી પ્રગતિ, શાંતિ અને સમૃદ્ધિ અર્પનાર બની રહે, તેવી શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવું છું.

**નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ** દ્વારા **શ્રી રાજેશભાઈ રાવલ**ના **૬૧મા જન્મદિન** નિમિતે ષષ્ટિપૂર્તી કરી અભિવાદન, તેમજ વ્યક્તિ વિશેષ પુસ્તકનું વિમોચન કરવામાં આવનાર છે. જેની સફળતા માટે શુભકામના પાઠવું છું.

આપનો,
(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree Anandbhai Raval**, *Trustee*
Nirdhar Vidhva Mahila Kalyan Trust
'Rajesh Nivas', 6, Vadipara,
Surendranagar – 363001
M. 9408888612, 9824322585

## સંપાદકીય....

મનુષ્ય ઈચ્છે કે ન ઈચ્છે પણ આયુષ્ય હોય ત્યાં સુધી જીવનમાં વર્ષો ઉમેરાતાં રહે છે. કેટલાક વિશિષ્ટ વ્યક્તિઓ હોય છે જેઓ વર્ષોમાં જીવન ઉમેરતાં રહે છે. જીવવું, જીવી નાંખવું અને જીવી જાણવું એમાં ભેદ છે. જેઓ પરહિત કાજે જીવન જીવે છે તેઓ ખરા અર્થમાં જીવી જાણે છે. ઘસાઈને ઉજળાં થનાર વ્યક્તિઓના જીવનની પ્રત્યેક ક્ષણ, જીવનનો દરેક વ્યવહાર, ઉગતો દરેક દિવસ અન્યની ચિંતા અને ચિંતન માટે હોય છે.

ભારતીય સંસ્કૃતિની વિચારધારાના પાયામાં કરુણા, સંવેદના અને માનવતા રહેલાં છે. અન્યનું દુઃખ જોઈ જેની આંખો ભીની થઈ જાય, અન્યનું દુઃખ જોઈ જે દ્રવી ઊઠે, પારકી પીડા જોઈ જે વ્યથિત થઈ જાય, અન્યની આંખમાં દુઃખનાં આંસુ જોઈ જેની રાતો વેરણ થઈ જાય તેનું જીવન સાર્થક છે. ચારે બાજુ સ્વાર્થની આંધી ઊઠી હોય એવા કાળબળમાં પોતાનું દુઃખ ભૂલી અન્યની પીડા હરવા સતત પ્રયત્નશીલ રહે એવા મનુષ્યનું જીવન ધન્ય છે. ખરું જીવન સાર્થક્ય માનવધર્મને ઉજાગર કરવામાં છે.

ઝાલાવાડ તો આવળ-બાવળને બોરડીનો પંથક. અહીં કોઈ ઘેઘૂર વડલો બની કોઈને શીતળતા આપવા કર્મનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ અને સિદ્ધાંતનિષ્ઠ બની કશાય સ્વાર્થ વગર દુઃખી હૃદયને શાતા આપે ત્યારે એ વડલાની શીતળતા આપણને પણ ટાઢક પહોંચાડે છે. આવો કર્મવીર પારકી છઠ્ઠીનો જાગતલ જીવ એટલે 'શ્રી રાજેશભાઈ રાવલ.'

જીવનનું બીજું નામ જ સંઘર્ષ છે. જીવન સંઘર્ષો સામે હતાશ, ઉદાસ કે નિરાશ થઈ નાસીપાસ થઈ જાય એ 'નિર્ધાર' જેવી સંસ્થા ઊભી ન કરી શકે. ભાઈશ્રી રાજેશભાઈ રાવલે આફતને અવસરમાં ફેરવી જીવનની ક્ષણોને મહોત્સવ બનાવી છે. વિધવા બહેનોનો માનસ પિતા કે ધર્મનો ભાઈ બની એમની પીડામાં પાર્ટનરશીપ કરી છે. છેલ્લા વીસ વર્ષથી આંતર ચક્ષુના અજવાળે એમણે અન્યના માર્ગ ઝળહળતાં કર્યા છે. થાકેલાનો થાકલો બની ભગ્ન હૈયાઓનો વિશ્રામઘાટ બનનાર શ્રી રાજેશભાઈ કેટલાય માટે પ્રેરક પથદર્શક બન્યા છે. સાત્ત્વિકતા, આત્મશ્રદ્ધા, નિઃસ્વાર્થ સેવા ભાવના, કરુણા અને પવિત્રતા જેવી મજબૂત ઈંટો 'નિર્ધાર'ના પાયામાં છે. કોઈપણ જાતના ભેદભાવ વગર ચાલતું નિર્ધાર સંસ્થાનું કાર્યક્ષેત્ર જેટલું વ્યાપક છે એટલું જ માનવીય સંવેદનાઓને જાગૃત કરનારું છે.

*'નથી નથી મુજ તત્ત્વો, વિશ્વથી મેળ લેતા,*
*હૃદય મુજ ઘડાયું અન્ય કો' વિશ્વ માટે.'*



કલાપીના આ શબ્દો શ્રી રાજેશભાઈ રાવલના જીવન સાથે બિલકુલ બંધ બેસે છે. જરૂરિયાતમંદ વિધવા બહેનો પગભર થાય, એમના સંતાનો સારું શિક્ષણ મેળવે, સમાજમાં સ્વમાનભેર જીવન જીવે, સંજોગો સામે ઝૂકે નહીં પણ ઝઝૂમે, હિંમત હાર્યા વગર વિકટ પરિસ્થિતિનો સામનો કરે અને એમનું નારીગૌરવ સદૈવ જળવાય રહે એ માટે રાજેશભાઈ વર્ષોથી સેવાપરાયણ રહ્યાં છે. તેમના આ સંવેદના સભર કાર્યની નોંધ મિત્રોએ, વિવિધ જ્ઞાતિ આગેવાનોએ, પ્રતિષ્ઠિત સંસ્થાઓએ, શ્રેષ્ઠીઓ અને દાતાઓએ ગૌરવભેર લીધી છે.

કેટલાય એવોર્ડસ, કેટલાય પ્રમાણપત્રો અને કેટકેટલાં માન-સન્માનો શ્રી રાજેશભાઈ સુધી પહોંચીને ગૌરવાન્વિત થયાં છે. મિત્રો, શિક્ષકો, શિક્ષણવિદ્દો, ઉદ્યોગપતિઓ, ડૉક્ટર્સ, વકીલો, વેપારીઓ, અન્ય સંસ્થાઓના સંચાલકો, યુવાનો અને વયસ્કો - સૌ કોઈ રાજેશભાઈના વિધવા કલ્યાણના કાર્યોથી સુપેરે પરિચિત છે. એમની આ સેવાકીય પ્રવૃત્તિના સાક્ષી બનવાનું સૌને ગમે છે.

હવે જ્યારે, રાજેશભાઈ જીવનના સાંઈઠ વર્ષ પૂરાં કરી એકસઠમાં વર્ષમાં પ્રવેશે છે ત્યારે તેમના સેવાકાર્યની ઉત્તમ નોંધ લઈ સૌ સાથે મળી ષષ્ઠીપૂર્તિ ઉજવે છે, ત્યારે સૌ સ્વજનોએ પોતપોતાનો સદ્ભાવ શબ્દદેહે વ્યક્ત કરી ધન્યતા અનુભવી છે. આ વ્યક્તિ વિશેષ પુસ્તક સેવાધર્મની સુવાસથી મઘમઘે છે. એમને આદરપૂર્વક અર્પણ થયેલાં એવોર્ડ્સ, પ્રમાણપત્રો અને સેવાકીય પ્રવૃત્તિઓની તસવીરી ઝલક એમનાં માનવગૌરવનો દસ્તાવેજ છે. કોરોનાકાળમાં પણ એમણે સેવાનિષ્ઠાની જ્યોત ઝળહળતી રાખી છે. સેવાની ઝળહળતી જ્યોતને સંકોરતાં પરિવારના તમામ સભ્યો પણ અભિનંદનના અધિકારી છે.

શ્રી રાજેશભાઈ રાવલ ખૂબ નિરામય જીવન સાથે પ્રસન્નતાપૂર્વક જીવન સાર્થક્યને ઉજાગર કરતાં રહે એવા શુભ ભાવ સાથે ખૂબ ખૂબ મંગલકામનાઓ.

'અંતરના અજવાળે' (વ્યક્તિ વિશેષ લેખ સંગ્રહ) પુસ્તકમાં સહભાગી બનનાર સૌને ધન્યવાદ. ખૂબ રાજીપા સાથે ધન્યતા અનુભવું છું.

સૌનું શુભ થાઓ... મંગલ થાઓ... કલ્યાણ થાઓ...

ધન્યવાદ.

**-ડૉ. બળવંત વ્યાસ**
**સુરેન્દ્રનગર**

॥ શ્રી સપ્તપ્રજ્ઞાય નમઃ ॥ ॥ હરે રામ ॥ ॥ ભગવાન શ્રી વડવાળા ॥ ॥ હરે કૃષ્ણ ॥ ॥ શ્રી વટેશ્વરો વિજયતે ॥

ટ્રસ્ટ નં. : એ – ૬૮૦ Trust No. A - 680

નિર્મોહિ પીઠાધીશ્વર અનંત શ્રી
વિભુષિત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
**શ્રી કનીરામદાસજી મહારાજ**
**ગુરૂશ્રી કલ્યાણદાસજી મહારાજ**

Nirmohi Pithadhishwar Anant Shree
Vibhushit Shree Shree 1008 Mahamandleshwar
**Shree Kaniramdasji Maharaj**
**Gurushri Kalyandasji Maharaj**

શ્રી વડવાળા મંદિર, દૂધરેજ – ૩૬૩ ૦૪૦, જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) મો. ૯૯૭૯૦ ૧૧૦૦૦
Shree Vadvala Temple, DUDHREJ - 363 040, Dist. Surendranagar (Gujarat) M. 99790 11000

તા. : 30 DEC 2021

પ્રતિશ્રી,
રાજેશભાઇ રાવલ
વ્યવસ્થાપકશ્રી
નિર્ધાર વિધવા મહિલા કેન્દ્ર

અખિલ ભારતીય રબારી સમાજ ધર્મગુરુગાદી શ્રી વડવાળા મંદિર દુધરેજધામ તરફથી નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર ના સ્થપક શ્રી રાજેશભાઇ રાવલ નું શષ્ટિપૂર્તિ સન્માન સમારોહ નું આયોજન કરેલ છે. જેમાં સમાજ સેવક રાજેશ રાવલ વ્યક્તિ વિશેષ પુસ્તક નું વિમોચન કરાશે 1998 થી ઝાલાવાડના વિધવા મહિલા ઓ નું સ્વાવલંબન, રોજગારી અને પુનરવર્ષણ માટે કામ કરી રહ્યા છે અત્યારે તમામ જ્ઞાતિ ના 1100 જેટલાં વિધવા મહિલા ઓ નું પિયર એટલે નિર્ધાર સંસ્થા છે આ પ્રસંગે સમગ્ર આયોજક મંડળ ની ટીમ ને હદય પૂર્વક ની શુભકામના.ભગવાન શ્રી વડવાળા દેવ આપને આવા જ સામાજીક તેમજ રાષ્ટ્રઉપયોગી કાર્ય કરાવતા રહે અને આપને સુખ,શાંતિ અને દિર્ઘાયુષ્ય અર્પણ કરે તેવી પ્રાર્થના...

લિ.
અખિલ ભારતીય રબારી સમાજ ધર્મ ગુરુગાદી શ્રી વડવાળા મંદિર દુધરેજધામથી
નિર્મોહિ પીઠાધીશ્વર અનંત શ્રી વિભુષિત શ્રી શ્રી ૧૦૦૮
મહામંડલેશ્વર શ્રી કનીરામદાસજી મહારાજ ગુરૂ શ્રી કલ્યાણદાસજી
મહારાજ તથા કોઠારી શ્રી મુકુંદરામદાસજી મહારાજ ગુરૂશ્રી
કલ્યાણદાસજી મહારાજ Mo:9429011000

મહંતશ્રી,
વડવાળા મંદિર
દૂધરેજ.

**શ્રી વડવાળા મંદિર, દૂધરેજ ધામની**
**સામાજીક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃતિઓ**

- અન્નક્ષેત્ર : અભિયાગત સેવા
- ગૌશાળા : ઉત્તમ ઓલાદનું રક્ષણ
- શૈક્ષણિક કાર્ય : કુમાર છાત્રાલય,કન્યા છાત્રાલય,હાઈસ્કુલ
- પર્વ ઉજવણી : જન્માષ્ટમિ, દિપાવલી, હોળી-ધૂળેટી અને ગુરૂ પૂર્ણિમા જેવા પ્રસંગોની ઉજવણી
- આ સંસ્થા દ્વારા ભારતના પવિત્ર સ્થળોમાં સેવક સમાજ માટે વિશાળ ધર્મશાળા : શ્રી રઘુવિર ધામ-ડાકોર, શ્રી કલ્યાણ ગુરૂધામ-જુનાગઢ
- આપાતકાળે વસ્ત્રદાન, અન્નદાન વગેરે
- બાર-બાર વર્ષે આવતા ભારતના પ્રસિધ્ધ મહાકુંભ પર્વમાં અન્નક્ષેત્ર ઉજ્જૈન – નાસિક – પ્રયાગરાજ (અલ્હાબાદ) – હરિદ્વાર
- સદ્‌ગુરુશ્રી કલ્યાણદાસજી મહારાજ એમ્બ્યુલન્સ સેવા

Email : dudhrejvadwala@gmail.com Website : www.dudhrejvadwala.com





વઢવાણના પૂર્વ ધારાસભ્ય શ્રી ધનરાજ કેલાની ષષ્ટિપૂર્તિ કાર્યક્રમ નિમિતે નિર્ધારના સ્થાપક રાજેશ રાવલનું ભવ્ય સન્માન કરતા સુરેન્દ્રનગરના આગેવાનો તસ્વીરમાં નજરે પડે છે

## વિધવાનો એક ભાઈ...! અમાસના અંધકારમાં ઉજાસની ફુલઝરી

■ સ્વ. સુમંત રાવલ

વરસ બે હજાર બે ! માસ એપ્રિલ અને તારીખ બીજી, એપ્રિલ ફુલ પછીનો બીજો દિવસ, શહેર-સુરેન્દ્રનગર, સ્થળઃ વાદીપરા શેરી નંબર-૬, સહયોગ પાર્કમાં 'રાજેશ નિવાસ' નામનું એક મકાન... એ મકાનમાં રહેતા ચાલીસ વર્ષના યુવાનની આંખો સમક્ષ એક ઝબકારો થયો... વિજળી જેવો લીસોટો... ઊડી જતી ટ્યુબલાઇટ જેવો આખરી ઝબકારો...! અને પછી કાળોમેષ અંધકાર...! જાણે આંખો સામે કાળા વાદળનું અગાઢ પડ બંધાઈ ગયું ! રાજેશ રાવલ ગભરાઈ ગયો. આંખોમાં કોડિયાનો દિવો ઓલવાઇ ગયો. પવનનો સપાટો આવ્યો અને વાટ ઓલવાઈ ગઈ. હજુ અડધી જ સળગતી હતી... અડધી બાકી હતી.... ત્યાં ઓલવાઇ ગઈ. જિંદગીનો પથ દર્શાવતી રોશની ગાયબ થઇ ગઇ.... હૃદયના ધબકારા તેજ થઇ ગયા. 'અરેરે! પ્રભુ તે આ શું કર્યું ? હું તો તારા આધારે જીવતો હતો, તારો હાથ પકડી ચાલતો હતો, ત્યાં તે મને ઉંચકીને અંધારિયા કૂવામાં ફેંકી દીધો..! અંધારા ઉલેચીને જીવવું કેટલું અઘરું છે એની તને ક્યાં ખબર છે ? તે મારી અડધી ઉંમરે પરીક્ષા લીધી..! પણ, તારી આ પરીક્ષામાં હું નાપાસ છું, આ રીતે મારે જીવવું નથી.'

હજુ તો પોતાની ચાલીસમી વર્ષગાંઠ ઉજવીને ત્રણ મહિના માંડ થયા હતા. સગા-સંબંધી-મિત્રોએ હેપી બર્થ-ડે કર્યું હતું. સુખમય અને નિરામય જીવનની શુભેચ્છા પાઠવી હતી. છ વરસ પહેલાં પિતા સાથ છોડી ચાલ્યા ગયા હતા. પરિવારમાં એંસી વરસની માં (તારામતી) હતી. પાંત્રીસ વરસની પત્ની પારૂલ હતી. બે પુત્રી દિપાલી તેર વર્ષની, ઉર્વી આઠ વર્ષની અને પુત્ર આનંદ તો માત્ર પાંચ વર્ષનો હતો. હવે આ બધા માટે બોજ બનવું નથી, હાથ ફંફોળીને અથવા કોઇના ટેકે ચાલીને જીવવું નથી..! પોતે લ્યુના ચલાવી શકતો હતો, સુરેન્દ્રનગર શહેરના રસ્તા પર લ્યૂના લઇને નીકળતો તે રસ્તા પર હવે કોઇનો હાથ પકડીને નીકળવું પડશે... ના... ના... આવી લાચાર, દયાપાત્ર, દુઃખભરી જિંદગી મને મંજૂર નથી. આ રીતે પરાવલંબી જીવન જીવવું તેના કરતા મરી જવું બહેતર છે..! પણ હમદર્દ મિત્રો કહેતા અમદાવાદ જાવ ડૉક્ટર નાગપાલ પાસે ઓપરેશન કરાવો, સારા થઇ જશો. નાગપાલના હાથમાં જશની રેખા છે. રાજેશભાઈના હૈયામાં હિંમત આવી... ઓપરેશન મોંઘું હતું. સ્ત્રીધન વેંચી દીધું, ફિક્સ ડિપોઝીટના નાણાં ઉપાડી લીધા અને ડૂબતો માણસ તરણું ઝાલે તેમ રાજેશ રાવલે નાગપાલરૂપી ડૉક્ટરનું તરણું ઝાલ્યું. વૃધ્ધ માતા અને શૈલૈષ ભટ્ટ નામના યુવાન ભાણા સાથે રાજેશ રાવલ અમદાવાદ જાય છે. ઉપરા ઉપરી ત્રણ ઓપરેશન થાય છે પણ પરિણામ શૂન્ય છે..! આંખો પાછળની નસો સૂકાઇ ગઇ છે. કોઇ કહે છે નસો ભલે સૂકાઇ ગઇ જિંદગીને સૂકાવા ન દેતા... પોતે વાંચેલું એક વાક્ય યાદ આવે છે. તમારા હૃદયમાં એક વૃક્ષ



લીલુંછમ રાખશો તો ક્યારેક એકાદ ગાતુ પંખી આવી ચડશે.

અઘોર નિરાશા સાથે બધા સુરેન્દ્રનગર પાછા ફરે છે. મા દિલાસો આપે છે, તે ખુદ અંદરથી પડી ભાંગ્યો છે. છતાં કહે છે તમારા ખાતર હું જીવીશ...! પણ ખરેખર તો જીવવાની આશા મરી પરવારી છે. પોતાના ચાલીસ વરસની જિંદગીનો ઇતિહાસ યાદ આવે છે. કેવી રીતે જીવ્યો હતો પોતે...! હાયર સેકન્ડરી પાસ કરી હતી, સોલા ભાગવત વિદ્યાપીઠમાં સંસ્કૃત વિશારદની ઉપાધિ પણ મેળવી હતી. વીસ વરસની ઉંમરે સાયકલ પર ફરીને સેલ્સમેનનું કામ કર્યું હતું. પણ નિયમિત પગારવાળી નોકરી પ્રાપ્ત થતાં પારૂલ સાથે લગ્ન કર્યા હતા. સોળ વરસના દાંપત્યજીવનમાં બે પુત્રી, એક પુત્ર.... હર્યોભર્યો સંસાર... આ સુખ ઘડીમાં છીનવાઇ ગયું...!

તીરાડ પડેલા હૈયામાં આશ્વાસનનું રેણ કરવા માટે તેણે આખરી પ્રયત્ન કર્યો. પ્રજ્ઞાચક્ષુ દંપતિ મુક્તાબેન ડગલી અને પંકજ ડગલીનો ફોન પર સંપર્ક કર્યો. નિરાશ ન થશો રાજેશભાઈ. બીજા દુઃખિયાના બેલી થાવ... ભગવાને તમને સત્કર્મના રસ્તે દોરવા માટે જ રોશની છીનવી લીધી છે. હવે માણસ નહીં ભગવાન તમારો હાથ પકડશે. વઢવાણના રાજપૂત યુવાન ભવાનીસિંહ મોરી અને યુવાન કાર્યકર મિત્ર કુબાવત સાહેબે તો કહ્યું કે, આંખો ભલે ગુમાવી પણ હામ ન ગુમાવશો... આ શબ્દોએ તેને અંધારિયા જીવનમાં આશાનું એક કિરણ પ્રગટાવ્યું. કોઇનું ભલું કરવું, કદાચ એટલા માટે ભગવાને આંખો છીનવી લીધી હતી, આંખો હતી ત્યારે તે તે આડા રસ્તે ફંટાઇ ગયો હતો, આંખો ગઇ અને મુક્તાબહેને સાચું જ કહ્યું હતું કે આંધળાની લાકડી ભગવાન હોય છે. એ જ તેને સાચી દિશામાં દોરે છે જે રીતે અમને બંનેને દોર્યા છે. બંને સાથી મળીને સી.યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ સંસ્થા ચલાવતા હતા પોતે શું કરવું ?

એકાએક આંખો સામે ગાઢ અંધકારમાં એક લીસોટો થાય છે, એક દૃશ્ય ઉપસી આવે છે. ઓગણીસો નવાણુંનું વરસ... સવારની નવની સુરેન્દ્રનગરથી ભાવનગર ફાસ્ટ ટ્રેન ઉપડી ચૂકી છે. એક ખાલી કંપાર્ટમેન્ટમાં માત્ર બે જ મુસાફર... એક રાજેશભાઈ રાવલ અને બીજી એક વિધવા સ્ત્રી પોતાના બે નિરાધાર જેવા બાળકોને ગોદમાં લઇને બેઠી છે. એકલી અટુલી ને ટ્રેન દોડે છે ખટાખટ... ખટાખટ... સામાનમાં એક માત્ર પોટલું છે. બંને બાળકો કરુણ નજરે રાજેશને તાકી રહ્યાં છે અને રાજેશ એ બાળકોને તાકી રહ્યો છે, ત્યાં પેલી સ્ત્રી ડુસકા ભરે છે. કેમ રડે છે બહેન ? તેનું કરુણ રુદન રાજેશથી જીરવાતું નથી એટલે પૂછી બેસે છે. ફાટેલી સાડી, અડવા હાથ, અડવા પગ, વિખરાયેલા વાળ... અને આંખમાં ચોધાર આંસુ વહી રહી જાય છે... શું કરું ભાઈ, મારા પર આભ તૂટી પડ્યું. મારો ધણી નથી રહ્યો... સાસુ, સસરા

અને દેર, દેરાણીએ એક થઇ મને કાઢી મુકી. આ બેય બાળકોને લઇ બોટાદ મારા મામાના ઘેર જાવું છે. તે રડતા રડતા પોતાની વ્યથા વર્ણવે છે. મામાને ત્યાં શું કરીશ બહેન...! ભાઈ ત્યાં હું હીરા ઘસીસ, વિધવાએ હાથના કાંડા બતાવતા કહ્યું, હું મારા બે બાલુડા ખાતર મારી જાત ઘસી નાખીશ તેણે મર્દની જેમ કહ્યું. રાજેશની અંદર પણ એક ટ્રેન ચાલુ થઇ ગઇ. એ યુવાન વિધવા પાસેથી જે શબ્દ સાંભળવા મળ્યા હતા તેમાં મોટી તાકાત હતી. હિંમત હારવાની નહોતી. એ વિખરાયેલા વાળ વાળી જુવાન વિધવા બાઈ તેને એક દિશા બાંધી ગઇ હતી, એક માર્ગ બતાવી ગઇ હતી. એના શબ્દોએ રાજેશને વિચારતો કરી મૂક્યો... આ તો તેણે એક વિધવા માત્ર જોઇ હતી. ગામડામાં, તાલુકામાં અરે કેટલી બધી વિધવા, કેટલી હિરાઘસુઓ હશે ! વાસણ માંઝતી હશે ! બિચારીઓના નસીબમાં સૂકો રોટલો પણ નહીં હોય અને એક વિચાર આવી ગયો. પોતે વિધવાના પથદર્શક બની કામ કરવું. અંધજનને રસ્તે ચાલતા ટોકરી વગાડતા રહેવાની, જેથી દેખતાને ખબર પડે કે આ રાહદારી અંધ છે. તેને મદદ કરવી. રાજેશ રાવલના હાથમાં ભગવાને જે બ્લાઇન્ડ સ્ટીક આપી હતી, તે હતી વિધવાના દુઃખમાં સહભાગી થવાની. ટ્રેનમાં મળેલી એ સ્ત્રીએ રાજેશની બંધ આંખો ઉઘાડી દીધી. બાકીની આયખું વિધવાની સેવા પાછળ જ પૂરૂં કરવું. પેલું કવિનું વાક્ય બંધ આંખોમાં ઝબકી ગયું. It's always devilishness till open your eyes. રાજેશની બંધ આંખોમાં સાફ દેખાવા લાગ્યું. બસ તે દિવસે તેણે નિર્ણય કર્યો મરવું નથી જીવવું છે. વિધવાની જિંદગીમાં ઉજાશના રંગો પૂરીને જીવવું છે. આંખો હતી ત્યારે ઓગણીસો નવ્વાણુંમાં તેમણે વિધવા મહિલા મંડળની સ્થાપના પણ કરી દીધી હતી. એ કામ નવેસરથી ઉપાડી લીધું.

વરસો વીતી ગયા છે. બાર વરસના વહાણા વહી ગયા છે. હવે સુરેન્દ્રનગર શેરી નંબર-૬ માં સહયોગ પાર્કમાં ‘રાજેશ નિવાસ’ નામના મકાનમાં રીતસરનું કાર્યાલય શરૂ થઇ ગયું છે. મકાનમાં ઉપલા મજલે કાર્યાલયમાં એક ટેબલ પાછળ રિવોલ્વીંગ ચેરમાં રાજેશ રાવલ રોજ સાંજે ચાર થી છ સુધી બેસી રહે છે. વિધવાના પ્રશ્નો સાંભળે છે. આંખો પર વાદળી કાચના ચશ્મા, ઝભ્ભા, લેંઘામાં, એક ખડતલ સીત્તેર કિલો વજન ધરાવનાર બેસે છે. રેડિયો (સમાચાર સાંભળવા માટે) મોબાઇલ, લેન્ડલાઈન ફોન, ફોનની રીંગ વાગે કે તરત રીસીવર કાને લગાડી પહેલાં શબ્દો મોંમાંથી નીકળી જાય છે. હલ્લો નિર્ધાર કાર્યાલય...! નીચે ફર્શ પર કે બાજુના ટેબલ ખુરશી પર વિધવા સ્ત્રીઓ રોજીંદુ કામ કરી રહી છે. કોમ્પ્યુટર પર તેમનો પુત્ર આનંદ રાવલ માહિતી તૈયાર કરી રહ્યો છે. ત્યાં પગરવ સાંભળી કહે કોણ ? વિધવા બોલી, મારો ધણી હડકવામાં મરી ગયો. ઘરમાં ફુટી કોડી નથી. પેન્શન ફોર્મ ભરવાનું શરૂ થાય, સાડી આપવામાં આવે, ઘરમાં રસોઇની સામગ્રી પહોંચતી થઈ જાય.



તેમના પત્નીના તંત્રીપદ હેઠળ નિર્ધાર સાપ્તાહિક ચાલુ કરી દીધું છે. જેઓ વિધવાની કથનીઓ, લેખો નિર્ધાર વિધવા વિશેષાંક બહાર પાડે છે. જે વાંચી વિધવાને જીવન જીવવાની પ્રેરણા મળે છે. તે કહે છે કે વિધવાના કામ દ્વારા ખરેખર તો હું મારો પરિતાપ દૂર કરું છું. મારી કાળીમેશ દુનિયામાં થોડો ઉજાસ જોવાની મહેનત કરું છું ! વિધવા બહેનોની હજારો આંખો વડે હું વિશ્વને જુદી રીતે જોઇ શકું છું. આખું સુરેન્દ્રનગર કહે છે કે જે દેખતો ન કરી શકે તેવું કામ એક અંધજને કરી બતાવ્યું છે. જો તેણે આત્મહત્યા કરી લીધી હોત તો છાપામાં નાની નોંધ છપાઈ હોત કે, અંધાપાથી કંટાળી એક યુવાને કરેલી આત્મહત્યા. પણ તે જીવી ગયા અને બીજાને પણ જીવાડતા હતા. હવે તો છાપામાં તેમના કાર્યક્રમના વિસ્તૃત સમાચાર છપાય છે. અત્યારે એમની સંસ્થામાં વિધવા લાભાર્થી બહેનોની સંખ્યા એક હજારનો આંકડો વટાવી ગઇ છે. વર્ષ દરમિયાન થનાર કાર્યક્રમની ટપાલ દ્વારા આગોતરી જાણ કરીને કાર્યક્રમમાં વિધવા સદસ્યને હાજર રાખી શકાય તે માટે કોમ્પ્યુટરમાં સેવ કરેલી યાદી છે. ટપાલ લખવા માટે સેવાભાવી વિધવા બહેનો યોગીતાબેન ઝોલપરા, જૈમીનીબા ઝાલા, નીતાબેન અગ્રાવત અને કોકીલાબેન શાસ્ત્રી છે. નલીનીબેન પટ્ટણી (મોટા બહેન) આંખો પર ચશ્મા લગાવીને તેમને નિયમિત છાપાના સમાચાર વાંચી સંભળાવે છે. તેમના કાર્યાલયનો ફોન નંબર છે ૦૨૭૫૨-૨૨૦૯૮૫ અને તેમનો પર્સનલ નંબર છે ૯૮૨૪૩ ૨૨૫૮૫.

રાજેશ રાવલ પર દાતાને ગળા સુધીનો ભરોસો છે. જેટલી રકમ માંગે તેટલી રકમ પળનોય વિલંબ કર્યા વગર ધરી દે છે. અમદાવાદ, મુંબઇ અને દુબઇ સુધી તેમના કામના કદરદાતા બેઠા છે.

વરસના આરંભે જાન્યુઆરીમાં મકરસંક્રાતિના દિવસે ઉંધિયું-લાડવાનું વિતરણ, દિવાળીના દિવસોમાં વિધવાના બાળકોને મિઠાઈનું વિતરણ, તે સિવાય પ્રસંગોપાત વિધવાની દીકરીના લગ્ન પ્રસંગે કરિયાવર (શેટી, ગાદલા, કબાટ, ટીપોઇ, ખુરશી, વાસણો વગેરે) આપવાનો. વિધવાને માંદગીમાં મેડિકલ મદદ કરવી, વિધવાના બાળકોના ભણતર માટે ફી, પુસ્તકો અરે, લેપટોપ સુધ્ધાની સવલતો પૂરી પાડે છે. આત્માની શાંતિ અર્થે સાંઇઠ જેટલી વિધવા બહેનોને હરદ્વાર, મથુરા, કાશીની યાત્રા કરાવી છે. શિયાળામાં બ્લેન્કેટોનું અને ઉનાળામાં છાસનું વિતરણ, શિયાળાની ઠંડીમાં વિધવાને હુંફ અને ઉનાળાની ગરમીમાં શીતળ છાસનું વિતરણ કરી વિધવાની શારીરિક તંદુરસ્તીની પણ આ સુરદાસ ખેવના રાખે છે. અગાથા ક્રિષ્ટી નામની લેખિકા કહે છે તેમ, તમે એન્જિન ડ્રાઇવર ન બની શકો તો પણ એન્જિનના પૈડામાં તેલ તો સીંચી શકો. વિધવા સ્ત્રીના બંધ પડી ગયેલા ચક્રમાં તેલ પુરવાનું કામ રાજેશ રાવલ કરે છે.

કોઇ પુત્રે પોતાના મૃત પિતાની જન્મ શતાબ્દી ઉજવી હોય તેવા કિસ્સા ઇતિહાસમાં નોંધાયા નથી.

રાજેશ રાવલે પોતાના શિક્ષક અને કવિ પિતાની ૨૦૧૩-૧૪ વર્ષ દરમિયાન જન્મ શતાબ્દી ઉજવી. આ માટે સન્માન સમારંભ અને ભોજનનો એક લાખ ઉપરાંતનો ખર્ચ થયો, જે કોઇ દાતાની મદદ વગર રાજેશ રાવલે પોતાની બચતની મૂડીમાંથી ખર્ચ કર્યો હતો. એકસો વ્યક્તિનું સન્માન (૨૫ સામાજિક કાર્યકરો, ૨૫ મહિલા કાર્યકરો, ૨૫ શિક્ષકો અને ૨૫ લેખક-કવિઓ) કર્યું. તેમના પિતાના રસના વિષયો મુજબ કવિ-લેખક અને શિક્ષકોનું સન્માન અને તદ્ઉપરાંત પિતાનું ભાવતું ભોજન સાચા અર્થમાં તેમણે શ્રાધ્ધ કર્યું.

વિધવા સિવાય પરિણિત સ્ત્રીઓને પોતાના ક્ષેત્રમાં કરેલા વિશિષ્ટ કામો બદલ તા. ૮ માર્ચ વિશ્વ મહિલા દિન નિમિત્તે સેવાજ્યોત (ખાસ પ્રકારની સેવા કરતી મહિલાઓ માટે), ધર્મજ્યોત એવોર્ડ (અંધશ્રધ્ધા નિવારણનું કામ કરતી મહિલા માટે), શ્રમજ્યોત એવોર્ડ (શ્રમ કરીને પરિવારનું ભરણપોષણ કરતી મહિલા માટે) અને ત્યાગજ્યોત એવોર્ડ (પોતાના પતિને કિડની અર્પણ કરીને જીવનદાન આપતી મહિલા માટે) એમ ચાર એવોર્ડ અર્પણ કરે છે.

અત્યાર સુધીમાં તેમની આ નિઃસ્વાર્થ સેવા બદલ ચાર એવોર્ડ આપીને નવાજવામાં આવ્યા છે. ધરતી રત્ન એવોર્ડ (૨૦૦૯), પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા એવોર્ડ (૨૦૧૦), દીપચંદ ગાર્ડી એવોર્ડ (૨૦૧૧) અને પંડિત સુખલાલજી એવોર્ડ (૨૦૧૩) પ્રાપ્ત થયા છે.

વર્ષો પહેલાં તેમના પિતાશ્રી પરિમલકાન્ત રાવલે કરાંચીથી (તે વખતે કરાંચી હિન્દુસ્તાનમાં હતું. હિંદ-પાકના ભાગલા નહોતા પડ્યા) પ્રગટ થતાં 'હિતેચ્છુ' નામના દૈનિકમાં વિધવાની વહારે નામની નવલકથા હપ્તાવાર લખી હતી. તે વખતે પરિમલકાંત રાવલને ક્યાં ખબર હતી કે મારા મરણ પછી અઢાર વરસે મારો સૌથી નાનો પુત્ર વિધવાની વહારે ચઢશે..! આંખો હતી ત્યારે એ પોતાના આંસુ લૂછી શકતો હતો, પણ આંખો ગયા પછી એ બીજાના આંસુ લૂંછી શકે છે. તે કહે છે કે, આંખો હોત તો હું એક સાધારણ મનુષ્યની જેમ ખાધુ પીધું અને રાજ કર્યું રીતે જીવી ગયો હોત, પણ આંખો ગઇ અને તે બીજાને ખવડાવવા અને રાજ કરવા માટે જીવે છે. આંખો છીનવીને ઉપરવાળાએ ઘણું આપી દીધું છે. એક નવા રાજેશ રાવલનો પુનર્જન્મ થઇ ગયો છે. ઇબ્રાહીમ અક્ષકના શેર જેમ,

*હાદસે કુછ દિલસે ઐસે હો ગયે...!*
*હમ સમંદરસે ભી ગહેરે હો ગયે..!*

**(અખંડ આનંદ માસિકના સૌજન્યથી)**






**શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજના ટ્રસ્ટી પંકજ ડગલીના ષષ્ટિ પૂર્તિ કાર્યક્રમમાં નિર્ધારના સ્થાપક રાજેશ રાવલ કોરોના રેમેડિસ પ્રા. લી.ના ચેરમેન ડૉ. કે.એલ. મહેતા સાહેબ પંકજ ડગલીને સન્માનિત કરતા તસ્વીરમાં નજરે પડે છે**

# નિર્ધારના કર્ણધાર : શ્રી રાજેશભાઈ રાવલ

■ ભવાનીસિંહજી મોરી

રાજેશ રાવલ એક એવું નામ છે જે સાંભળતાની સાથે જ આંતરિક પ્રસન્નતાની અનુભૂતિ થયા વિના રહે નહીં અને તુરત જ સ્મૃતિ પટ પર એક સૌમ્ય, અતિ પ્રસન્ન, તેજસ્વી મુખમુદ્રા અને વિવેકસભર મૃદુભાષી વ્યક્તિનો ચહેરો નજર સામે ઉપસી આવે. એમના પરિચયમાં આવેલ કોઈપણ વ્યક્તિને આ કથનમાં જરાપણ અતિશયોક્તિ નહીં લાગે એવું મારું માનવું છે. મારી દૃષ્ટિએ રાજેશ રાવલ એક વ્યક્તિ નહીં પરંતુ એક વ્યક્તિત્વ છે. મારા થકી જ્યારે કોઈ વ્યક્તિ વિશે અભિપ્રાય આપવાની જવાબદારી આવે ત્યારે ક્યાંય અતિશયોક્તિ ન થઈ જાય એના માટે સાવધાની રાખવા અંગે સજાગ રહેવાનું ઉચિત માન્યું છે. કારણ કે જ્યારે કોઈ વ્યક્તિ વિષે સારો અભિપ્રાય આપવાનો હોય ત્યારે સૌજન્યતા સભર ઔપચારિકતા રહેતી હોય છે. જ્યારે કોઈ વ્યક્તિના વખાણ કરવાના હોય અને વળી એમાં એમની લાયકાત કરતા પણ વધી વધીને વખાણ કરવામાં આવતા હોય એને ખુશામત કહેવામાં આવે છે. આવી ખુશામત કાં તો ખુશામતખોર સ્વાભાવના લોકો કરતા હોય છે અથવા જેના વખાણ કરવાના હોય એની પાસેથી બદલામાં કાંઈક મેળવવાની ઈચ્છા ધરાવતા લોકો ખોટા વખાણ કરતા જોવા મળતા હોય છે.

પરંતુ, જ્યારે કોઈ વ્યક્તિ વિશેષ વ્યક્તિના વ્યક્તિત્વના બધા જ પાસાને બારીકાઈથી તટસ્થાપૂર્વક મૂલ્યાંક્ન સાથેની અનુભૂતિ કર્યા પછી જ્યારે એ વ્યક્તિના વ્યક્તિત્વમાંથી જે સદ્‌ગુણો ઉપસીને નજર સામે નિહાળીએ ત્યારે અંતરથી આવતી સ્વાભાવિક લાગણીને પ્રશંસા કહેવામાં આવે છે. છેલ્લા અઢી દાયકાના રાજેશભાઈ રાવલના પરિચય થકી અંતરથી ઊભરી આવતી પ્રશંસાની લાગણી સાથે એમને જન્મ દિવસની ઉજવણીના શુભ પ્રસંગે આ લેખના માધ્યમથી સહર્ષ હાર્દિક શુભેચ્છા પાઠવું છું. સાથે સાથે તેઓશ્રી શારીરિક સ્વાસ્થ્ય અને પ્રસન્ન ચિત્તે સેવા માર્ગમાં આગળ વધીને અનેક વિધવા બહેનોની વધુને વધુ નિસ્વાર્થ ભાવે સેવા કરતા રહે, સાથે સાથે દિર્ઘાયુની શુભકામના પાઠવતા મને અમારા માધ્યમિક શિક્ષણ સમયના કવિશ્રી મીનપિયાસીની એક કવિતા અત્રે સ્મૃતિપટ પર આવતા બે-ત્રણ પંક્તિ લેખને અનુરૂપ જણાતા પ્રસ્તુત છે.

***કબૂતરોનું ઘું... ઘું... ઘું... ચકલા ઉંદર ચૂં... ચૂં... ચૂં...***
***માનવ કહેતો ફરે છે હું... હું... હું...***



***ત્યારે પરમેશ્વર તો પહેલું પુછશે - કોઈનું સુખ-દુખ પૂછ્યું તું***
***આ દર્દભરી દુનિયામાં કોઈનું આંસુ લુછ્યું તું... લુછ્યું તું...***
***ત્યારે ગેં ગેં ફેંફેં થઈને કહેશે હેં... હેં... હેં... શું... શું... શું...***

પરંતુ રાજેશ રાવલને પરમેશ્વર પૂછે તો ગેં... ગેં... ફે... ફે... નહીં કરવું પડે અને છાતી ઠોકીને કહી શકે કે, હજારો વિધવા બહેનોના આંસુ લુછું છું... લુછું છું... રાજેશભાઈનો જન્મ ઉચ્ચ ઔદિચ્ય બ્રાહ્મણ કૂળમાં માતા તારાબેન અને પિતા પરિમલકાન્તભાઈ રાવલના પ્રસન્ન દાંપત્યજીવન થકી પાંચ સુપુત્ર અને ચાર સુપુત્રીઓના પરિવારમાં સૌથી નાના બાળક સ્વરૂપે અવતરણ થયું હતું. એમના પિતા સ્વ. પ્રેમશંકરભાઈ ત્રિભુવનભાઈ રાવલ વ્યવસાયે શિક્ષક હતા. એમને શ્રેષ્ઠ શિક્ષકનો ઍવોર્ડ મળ્યો હતો અને ત્યારબાદ આગળ જતા હેડમાસ્તર બન્યા હતા. એથી વિશેષ સંવેદનશીલ ઉત્તમ કવિ હૃદય હોવાથી કવિતા લખતા. એ કવિતાઓ રાજેશભાઈ એમના વિદ્યાર્થી જીવનકાળમાં ઘરે વાંચતા. જેથી પિતાશ્રીના ઉચ્ચ વિચારોથી ઘણા જ પ્રભાવિત થતા રહેતા. પિતાશ્રીને સાહિત્ય વર્તુળમાં કવિ પરિમલકાન્તના નામે ઓળખતા હતા. રાજેશભાઈએ ઈ.સ. ૨૦૧૩માં એમના પિતાશ્રી રચિત કાવ્ય સંગ્રહ 'પ્રેમનયનમાં' પ્રસિધ્ધ કર્યું. જેનું મૂલ્ય અમૂલ્ય રાખવામાં આવ્યું.

સ્વામી વિવેકાનંદજીના અંગ્રેજી પુસ્તક 'કોલ ટુ નેશન'નો થોડો અંશ ભાષાંતર ભાવ સાથે અત્રે લેખને અનુરૂપ હોઈ ઉચ્ચિત જણાતા પ્રસ્તુત કરેલ છે. સ્વામીજી કહે છે કે કેટલીક વ્યક્તિનું અવતરણ ખાસ હેતુ માટે જ થતું હોય છે અને એમના જન્મ પછી સમયાંતરે એમના જીવનના હેતુનું કાર્ય સહજરૂપે શરૂ થઈ જતું હોય છે અને એની પ્રેરણા થતા જ એ માટે જીવન સમર્પિત કરી દેતા હોય છે. આગળ વધતા અવરોધો ઘણા આવતા રહેતા હોય છે. પરંતુ એના દૃઢ મનોબળ થકી એને પાર કરી લક્ષ્ય પ્રાપ્તિ કરી લેતા હોય છે. સૃષ્ટિના સર્જનહારે પુરુષ અને સ્ત્રીના શરીરની રચના કરેલ છે. પુરુષને શારીરિક શક્તિ વધુ મળી છે. સ્ત્રીનું શરીર કોમળ અને સાથે ગર્ભધારણ અને બાળકને સ્તનપાન કરાવનાર શરીરનું મૂલ્યુ છે. બંનેના સંયોગથી સૃષ્ટિચક્ર આગળ ચાલતું હોય છે. પાષાણ યુગથી નજર કરીએ તો નારી જ્યારે ગર્ભધારણ કરે ત્યારે એ અવસ્થામાં પોતાના બાળકના પોષણ માટે પ્રવૃત રહી શકતી હોતી નથી. ત્યારે સામે પુરુષ શારીરિક રીતે વધુ શક્તિશાળી હોવાથી પોતાના માટે તથા સ્ત્રી અને બાળક માટે પોષણ મેળવી આપવા સક્ષમ હોવાથી યુગોથી પરિવારના ભરણપોષણની જવાબદારી પુરુષના ભાગે સામાજિક બંધારણના રૂપે આપવામાં આવી છે. જે આજ પર્યંત પરિવર્તન સાથે મહત્તમ એમજ ચાલુ છે. પરંતુ અત્યારના આધુનિક શિક્ષણ વિકાસ અને વૈજ્ઞાનિક આવિષ્કારો થકી અને બદલાતી જતી સામાજિક

વ્યવસ્થા થકી નારીશક્તિ પણ આત્મનિર્ભર થઈ રહી છે. જે સમગ્ર સામાજિક વ્યવસ્થાની ઉન્નતિ ગણી શકાય. મારા વાંચનમાં શક્તિ ઉપાસના ગ્રંથમાં મને માતા આદ્યાશક્તિના અનેક રૂપોમાં એક રૂપ વિધવા સ્વરૂપ માતાએ લીધેલ છે. જેમાં 'માતા ધૂમાવતી' તરીકે દર્શાવીને વિધવા મહિલાઓને સન્માનિત કરતું જોવા મળ્યું છે.

ઇતિહાસની અટારીએ જોઈએ તો અનેક પ્રેરણાદાયી દૃષ્ટાંતો વિધવા માતાઓએ પ્રસ્થાપિત કર્યાનું જાણવા મળે છે. અત્યારના સંપ્રદાયની વાત કરીએ તો રાજકીય ક્ષેત્રે વિધવા મહિલા ઈન્દિરા ગાંધી ભારત દેશનું વડાપ્રધાન પદ પણ શોભાવી ચૂક્યા છે. ત્યારબાદ વિધવા મહિલા સોનિયા ગાંધી વર્ષો સુધી દેશ પર શાસન કરનાર કૉંગ્રેસ પક્ષનું સૂકાન આજ પર્યંત પોતાના હસ્તક રાખી શક્યા છે. એજ સામાજિક ક્ષેત્રે સૌરાષ્ટ્રની વાત કરીએ તો પુષ્પાબેન મહેતા એ નારીશક્તિની ઉન્નતિ માટે જીવન સમર્પિત કરીને વિધવા મહિલાની સેવામાં સમર્પિત કરી ઉત્તમ દૃષ્ટાંત પ્રસ્થાપિત કર્યું છે. વઢવાણના બાઈરાજ અને બાજીરાજ વિધવા સાસુ-વહુઓએ વઢવાણ રાજની ધુરા સંભાળી રાખી હતી અને કર્નલ વોકરની માગણીને લઈને હાલના સુરેન્દ્રનગરની જગ્યા કેમ્પ માટે વાર્ષિક ભાડા ૨૨૫૦ના દરે અંગ્રેજ સરકારને જમીન ભાડે આપી શહેર વસાવવા નિમિત્ત બનેલ છે. વિધવા મહિલાઓની ખરી વ્યથા તો ખરેખર વિધવા મહિલાઓ જ જાણી શકે. સામાજિક રિવાજ અને સામાજિક માન્યતાઓ લઈને એમની સમાજમાં અવગણના થતી રહેતી હોય છે. જીવનસાથી પતિનું કોઈ કારણસર અવસાન થાય ત્યારે અચાનક તુરત સુહાગન (પતિવ્રતા) સ્ત્રીને વિધવાપણું નિભાવવાની સામાજિક જવાબદારી આવી પડતી હોય છે. પુરાતન સમયમાં મહિલાઓ સંપૂર્ણ પતિ-પરિવાર પર નિર્ભર જીવન પસાર કરતી હતી. એ સમયની એમની દર્દભરી લાચાર પરિસ્થિતિની વેદનાનું વર્ણન ન થઈ શકે. આશરે પાંચસો વર્ષ પહેલાની વિધવા મહિલાની પરિસ્થિતિ વિષે મહાત્મા તુલસીદાસજીની એક ચોપાઈ અત્રે પ્રસ્તુત છે.

***જીય બીનું દેહ નદી બીનું પાની***
***ઐસે અનાથ પુરુષ બીનું નારી.***

અચાનક પુરુષ પતિનું મૃત્યુ થતા પોતાનો નિર્વાહ અને એમાંય જો નાના બાળકો હોય તો પરિવારના નિર્વાહની પણ જવાબદારી આવી પડે અને અર્થ-ઉપાર્જનનો કોઈ જ અનુભવ પોતાને હોય નહીં અને અર્થ વિના જીવન નિર્વાહ આગળ ચાલે નહીં. એવા અંધકારના ઓળાઓ જ્યારે ઘેરી વળ્યા હોય ત્યારે સુખી ભાષતા સંસારમાં આપણે લોકો હિલોળા લેતા હોય ત્યારે કોઈક ઘરના ખૂણામાં વિધવા મહિલાઓ પોતાનું રડવું રોકવા પોતાના ઉપર નીચેના બંને હોઠને કસીને ભીડીને રાખતી હોવા છતાં



ક્યારેક એના અથાગ પ્રયાસો છતાં એની અંતરની વેદના ડુસકા સાથે બહાર નીકળી જતી હોય છે. ત્યારે માત્ર પોતાના અને પોતાના પરિવારની સુખ-સુવિધા માટે રચ્યા-પચ્યા રહેતા આપણા લોકોને વિધવા મહિલા (આજુબાજુ)માં રહેતી મહિલાઓના દર્દભર્યા ડુસકાનો અવાજ સંભળાતો હોતો નથી. એ તો કોઈ છઠ્ઠીના જાગતલને જ સંભળાય ! આવા એક જાગતલ ઝાલાવાડના પર્યાય તરીકે ઓળખાતા સુરેન્દ્રનગર જિલ્લામાં માતા તારાબેનની કૂંખે એક સિતારાને જન્મ આપ્યો એનું નામ રાજેશ રાવલ. રાજેશભાઈના સેવા પંથના નિર્ધાર માટે નિમિત્ત બની એમના પૂજ્ય પિતાશ્રીની એક કવિતા 'વિધવાનો વિલાપ'માં કવિ પરિમલકાન્તજીએ વિધવાની વેદના વર્ણવી છે અને એ વેદનાની સંવેદના પ્રગટ થઈ પુત્ર રાજેશમાં અને એ સંવેદનાના સથવારે અનેક વિધવા મહિલાના આંસુઓ લૂછીને પોતાના પિતાને સાચી કર્મણાંજલી અર્પણ કરીને સાચા સુપુત્રનું બિરુદ સાર્થક કર્યું છે.

૧૯૯૯માં નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર શરૂ કરીને નિઃસ્વાર્થ સેવાપંથની કેડી કંડારીને આગળ ડગલા ભર્યા અને પોતાની આગવી સૂઝ અને અંતર પ્રેરણા થકી વિધવા મહિલાઓને અનાજ સહાય તથા તહેવારો અનુસાર મિઠાઈ-ફરસાણ, સાડીઓનું વિતરણ શરૂ કર્યું સાથે આવતા વિધવા મહિલાના બાળકોને જોઈને વિશેષ કરુણાભાવ જાગતા બાળકો માટે કપડાં, નોટબુક, સ્કૂલબેગ, વોટરબેગ વિગેરે જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ શરૂ કર્યું. શરૂઆત એકાવન વિધવા મહિલાથી શરૂ કરેલ. પરંતુ સેવાની સુવાસ ફેલાતા દિનદયાળ 'નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર'ની લાભાર્થી મહિલાઓની સંખ્યા વધવા લાગી. સેવાની ઉમદા ભાવના સાથે સાથે વધતી સંખ્યાને મદદ પહોંચાડી શકવાની ચિંતા પણ વધવા લાગી. એવી ચિંતાની મનોવ્યાથાની લાગણીને અનુરુપ એક દેશી દુહો યાદ આવી રહ્યો છે.

***'ચિત ચોડાવત સાંકડી વતમાં ગતનો માય***
***ઈન કારણે દાતારના ઝૂંરતા દિવસ જાય'***

ભાવાર્થ વિચાર ઉદાર હાથે મદદ કરવાના હોય, પણ આવક સ્ત્રોત (આર્થિક સંપન્નતા) ઓછી હોય ત્યારે ઉદાર અને પરગજુ વ્યક્તિના દિવસો ગહન ચિંતામાં વ્યતિત થતા હોય છે અને એવા સમયે ક્યારેક એવા સ્વભાવની વ્યથામ મનોમન ઈશ્વરને પણ ભક્તિભાવે ઠપકો આપતા હોય એવો એક બીજો દુહો પ્રસ્તુત કરું છું.

***'સમજણ દે તો ભેળું ધન પણ દે નહીંતર સમજણને પાછી વાળ***
***એક સમજણ બીજું ધન નહીં એવા બબ્બે ધકા ન માર.'***

વિધવા મહિલાઓનું તથા બાળકોનું ભરણપોષણ પણ મુશ્કેલીથી થતું હોય એવા સંજોગોમાં એમને ઘરની બહાર બહારગામ યાત્રા કે પર્યટન સ્થળો કે પછી અન્ય સ્થળોએ એ ફરવા જવાનું તો વિચારી જ ક્યાંથી શકે ? એવી સેંકડો વિધવા બહેનોને નિર્ધાર વિધવા મહિલા સેવા કેન્દ્ર તરફથી વિવિધ દાતાઓના સહકારથી અનેક યાત્રાઓ કરાવીને એમના નિરાશા ભરેલા જીવનમાં આશા ઉમંગનો સંચાર કરેલ છે. એટલું જ નહીં પરંતુ વિધવા મહિલાઓને સ્વાવલંબી બનાવવા માટે પણ વિવિધ યોજનાઓનો લાભ અપાવીને એમને આર્થિક ઉપાર્જન ક્ષેત્રે પગભર કર્યા છે. એ સિવાય એમના બીજા સામાજિક પ્રશ્નો અંગે પણ ખરા હમદર્દ બનીને જે તે વ્યક્તિઓના સંપર્ક કરીને વિધવા મહિલાઓને પડતી મુશ્કેલીઓમાંથી બહાર કાઢવા બાબત નિમિત્ત બન્યા અને બનતા રહે છે. રાજેશભાઈનો પરોપકારી સ્વભાવ સામે આર્થિક સંકડામણનો ભાર અને સ્વમાની વ્યક્તિ હોવાને કારણે પોતાના માટે સંકોચવશ કોઈની મદદ માગવી ગમે નહીં. પરંતુ વિધવા મહિલા બહેનો માટે પોતાના સ્વમાનને પણ દાવ પર લગાવતા મનોમન નક્કી કર્યું.

***'નિજ હિત કાજ કદી કોઈ સામે કરુ નહીં લાંબો હાથ***
***મારી વિધવા બહેનો કાજે મને માંગતા ન આવે લાજ.'***

રાજેશભાઈના વ્યક્તિત્વને અનુરૂપ એક બીજી એક સાખી.

***પ્રિય બોલના સજ્જનતા દાતારી સુરપંથ,***
***એના હાટે મીલે નહીં વાતો મિલે જો કૃપા હોય ભગવંત***

આ સાખી અનુરૂપ રાજેશભાઈને કદી અપ્રિય વાણી બોલતા સાંભળ્યા નથી. એમનો વ્યવહાર દરેક સાથે સજ્જનતા સભર રહ્યો છે. એમનો સ્વભાવ દાતારીની શૂરવીરતા ભાવસભર રહ્યો છે. જે આ બધા સદ્‌ગુણો કોઈને પણ દુકાનેથી વેચાતા મળતા નથી. એતો જેના પર ભગવાનની અસીમ કૃપા હોય એને જ સહજ પ્રાપ્ત થાય. રાજેશભાઈનો પરિવાર ભલે દ્રવ્યથી અધિક ધનવાન ન હોય, પરંતુ સુસંસ્કાર અને સજ્જનતા સભર પરોપકારી સ્વભાવના મહા ધની રહ્યા છે. કારણ કે મોટાભાગના સમાજના લોકો પોતાના અને પોતાના પરિવારના સુખ-સગવડની વ્યવસ્થામાં જ વ્યસ્ત રહેતા હોય છે. રાજેશભાઈએ નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર શરૂ કર્યું ત્યારે મેં અને મારા જેવા બીજા એમના સ્નેહીજનોએ સલાહ આપેલી કે તમે નિર્ધાર વિધવા મહિલા કેન્દ્રને રજીસ્ટર ટ્રસ્ટ બનાવો, ત્યારે રાજેશભાઈ કહેતા કે મેં હવે દૃષ્ટિ ગુમાવી દીધી છે. જેથી ટ્રસ્ટના વહીવટ વાંચી ન શકું. કોઈ દિવસ જાણતા-અજાણતા જો કોઈ ભૂલચૂક થઈ જાય તો લોકોના મારા પરના વિશ્વાસને ઠેસ પહોંચે. એ મારાથી સહન ન થઈ શકે. કેટલી



વહીવટમાં પારદર્શકતા ? આપણો ભારત દેશ પૂર્વની ઓળખાણ આશ્રમની સંસ્કૃતિના દેશની રહી છે. જેમાં ઋષિમુનિઓ આશ્રમમાં રહીને ગૃહસ્થી બની પરોપકારી જીવન જીવીને સમાજને ઉપયોગી બનતા હતા. પશુ-પ્રાણી-પંખી, પ્રકૃતિની સેવા માટે સમાજના ઉત્કર્ષ માટે નિઃસ્વાર્થ સત્કર્મ પ્રદાન કરવાનો ઉદ્દેશ રહેતો. સમયના બદલાવની સાથે એવા આશ્રમો રહ્યા નથી. રામાયણ કાળમાં અનેક આશ્રમોના વર્ણન મળે છે અને કૃષ્ણ અવતારમાં સાંદિપની આશ્રમમાં શ્રી કૃષ્ણજી વિદ્યા શીખ્યા હતા. જાણવા મળે છે. હવે આધુનિક એવી સેવાભાવના સાકાર કરવા માટે વિવિધ અનેક સંસ્થાઓ અર્વાચીન આશ્રમ સ્વરૂપે ચાલી રહી છે. એમાં નિઃસ્વાર્થ સેવા પ્રદાન કરતા અર્વાચીનમાં ઋષિ જેવા આપણા સૌનો આદરણીય રાજેશભાઈ રાવલ પરિવાર છે.

રાજેશભાઈની સર્વિસ સરકારી કૃષિ વિભાગમાં ખેડૂતોને તાલીમ આપવાની રહી છે. જે સુપેરે ચાલુ રહી અને ૨૦૨૨ના ૩૧ જાન્યુઆરીના રોજ વયમર્યાદાના કારણે કૃષિ વિભાગમાં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા છે. સર્વિસ દરમિયાન એમના કૃષિ વિભાગના સર્વ અધિકારીગણ અને સહકર્મચારી રાજેશભાઈની સમાજ સેવાથી પરિચિત હોઈ, હંમેશા એમના પ્રત્યે આદરભાવ તથા સંપૂર્ણ સહકાર ભરેલ વ્યવહાર રાખીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્થાપિત કરેલ છે. એ બદલ સૌ અભિનંદન પ્રાત્ર રહ્યા છે. રાજેશભાઈનું જીવન ગૃહસ્થી જીવનમાં મધ્યમવર્ગી રહ્યા છે. પગાર સિવાયની કોઈ જ આવક નથી અને બિનઅધિકૃત આવકની ખેવના પણ નહીં અને કપરી મોંઘવારીની આર્થિક સંકડામણ વચ્ચે આવકનો સ્ત્રોત ફક્ત નોકરીનો પગાર. એ પગારમાંથી બે દીકરીઓ તથા એક દીકરાના અભ્યાસ સાથેનો ઉછેર અને મોટા થતા એમના લગ્ન સુપુત્રી દિપાલીના લગ્ન દિવ્યાંગકુમાર વ્યાસ સાથે તથા સુપુત્રી ઊર્વીના લગ્ન ગૌરાંગકુમાર જાની સાથે કરાવીને એમને ગૃહસ્થમાં પ્રવૃત્ત કર્યા છે તથા સુપુત્ર આનંદના લગ્ન ક્રિષ્ના સાથે ૨૦૨૧માં કરાવીને એક આદર્શ ગૃહસ્થામીનું કર્તવ્ય નિભાવી જાણ્યું છે. આ સમગ્ર યજ્ઞમાં ભાગીદાર રાજેશભાઈના પત્ની પારૂલબેનને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. કારણ કે ગૃહસ્થી જીવનમાં ગૃહિણીનું યોગદાન પરિવાર સિવાય બહારની વ્યક્તિને ઓછી જાણ રહેતી હોય છે. ગૃહિણીની ઉત્તમ જવાબદાહરી નિભાવવાની સાથે પારૂલબેને નિર્ધાર સાપ્તાહિકના તંત્રી તરીકે પણ સેવા આપી છે. સાથે સુપુત્ર આનંદભાઈ પણ નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રના દરેક કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજેશભાઈના વારસાને સારી રીતે નિભાવી રહ્યા છે. નિર્ધાર વિધવા મહિલા સેવા કેન્દ્ર વધુને વધુ વિધવા મહિલા પરિવાર સુધી પહોંચીને વધુને વધુ સેવા કરતા રહે એજ અભ્યર્થના સહ અસ્તુ... વંદેમાતરમ્.

## વિધવા બહેનોના એકલવીર ભાઈ તરીકે
## સેવાયજ્ઞ કરતાં પ્રજ્ઞાચક્ષુ રાજેશ રાવલ...!

■ સ્વ. અતુલકુમાર વ્યાસ

પેરેડાઈઝ લોસ્ટના લેખક મિલ્ટને લખ્યું છે કે ઈશ્વર માણસને બે પ્રકારના ચક્ષુ આપે છે. એક બાહ્ય અને બીજા અંતઃચક્ષુ ! જેમને ઈશ્વરે તેનું કામ કરવા મોકલ્યા હોય છે એ લોકોને ચક્ષુઓની જરૂર પણ પડતી નથી. એમ રાજેશ રાવલે જે દિવસે આંખો ગુમાવી એ દિવસ ૨-એપ્રિલ ૨૦૦૨નો દિવસ હતો. એકાએક આંખોની સામે કાળો મેશ પરદો પડી ગયો જાણે...! રાજેશભાઈ સરકારનાં ખેતીવાડી ખાતાના કર્મચારી... ભર યુવાનીમાં આંખો ગુમાવી. પરિવાર સાવ એકલો અને બાળકો નાના, હજુતો સમાજ માટે ઘણું કામ કરવાનું બાકી હતું... સાહિત્યના શોખીન... પ્રેમાળ સ્વભાવ અને હંમેશા રૂબરૂ મળે કે ફોન પર ત્યારે 'જય હો, તમારી' કહીને વાત કરે એવા હસમુખા સ્વભાવના વ્યક્તિ રાજેશભાઈ રાવલની આંખો સામે રોજ ઉગતો સૂર્ય હંમેશને માટે અસ્ત થઈ ગયો.

પણ ત્યારે ભૂતકાળના કાળા અંધકારમાં એક ઘટનાનો લિસોટો પડ્યો અને એક દૃશ્ય એમની સામે ખડું થયું. એ દૃશ્ય કાંઈક આમ હતું. ૧૯૮૮નું વર્ષ હતું. સુરેન્દ્રનગરથી બોટાદ જતી ટ્રેઈનના એક ડબ્બામાં એકત્રીસ વરસના રેખાબેન બેઠા હતાં. નાની વયે વિધવા રેખાબેન સાવ કરુણ અને દર્યાદ ચહેરો લઇને બેઠાં તાં...! બે જોડિયા બાળકોને લઇને બોટાદ જતાં હતાં ત્યાં હીરા ઘસવાની ઘંટીએ મજૂરી કામ કરતાં. રેખાબેન કહેતા હતાં કે એમના બાળકોને એ હીરા ઘસીને હીરા જેવા ઉજળાં અને કિંમતી બનાવવા ઈચ્છે છે...! આ દૃશ્ય રાજેશભાઈની બંધ પાંપણમાં વર્ષોથી સચવાઈ રહ્યું હતું. પ્રેરણા આપી કે સમાજની નિરાધાર વિધવા બહેનો માટે કાંઈ કરવું.

બીજા દિવસની સવારે રાજેશભાઈની આંખો ખૂલી ન હતી પણ અંતઃપડળ ખુલી ગયા હતાં. અંધત્વ એ આઘાતરૂપ ન બની રહે એ માટે વિધવા બહેનોનો સહારો બનવાનો નિર્ધાર મનોમન કરી લીધો. નિર્ધાર એ જ સંસ્થાનું નામ બની ગયું... પણ રાજેશભાઈનું કામ તો એક સંસ્થા કરતાં પણ વધારે છે...! નિર્ધાર સંસ્થા સવારના આઠથી રાતના નવ વાગ્યા સુધી ખુલ્લી રહે છે અને એ સંસ્થામાં સામેની ચેર પર હંમેશા રાજેશભાઈ રાવલ હાજર જ હોય... બહેનોના પ્રશ્નો સાંભળે... એનો ઉકેલ વિચારે, સમર્થ લોકોને ભલામણ કરે, આંખોની મર્યાદા હોવા છતાં જરૂર હોય ત્યારે એવા બહેનોની સાથે સરકારી કચેરીઓ સુધી પણ જઈ આવે....! સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત બહેનોને મળતી આર્થિક સહાય માટે અરજીઓ લખાવે, જેવી જેની જરૂરિયાત એ મુજબ રાજેશભાઈ વિધવા બહેનોના સહાયક તરીકે હંમેશા અડીખમ ખડા હોય...! અમે નિર્ધાર સંસ્થાના કાર્યાલયમાં રાજેશભાઈ રાવલની સમક્ષ બેઠાં હતાં



ત્યારે કેટલીક બહેનો પણ ત્યાં હાજર હતી. દીકરી પિયરમાં આવી હોય એમ નિર્ધારમાં રાજેશભાઈ રાવલ પાસે આવેલી અમે જોઈ છે.

નિરાધાર વિધવા બહેનોનો આધાર થવાનો વિચાર રાજેશભાઈને આવ્યો એ વરસ હતું ૨૦૦૨નુ. એકાએક આંખો પર પરદો પડી ગયો અને રાજેશભાઈને બહારનું જગત દેખાતું બંધ થઈ ગયું ! આમ આંખનો દિવો અચાનક બૂઝાઈ જશે એવી તો કદી કલ્પના ય કરી ન હતી. ગમે તેવો ખમતીધર પણ મુંઝાઈ જાય એવી કુદરતની કપરામાં કપરી કસોટીમાં રાજેશભાઈ ડગ્યા નહીં... કારણ કે દિમાગમાં ઉગેલી એક પ્રેરણાએ રાજેશભાઈના અંતર ચક્ષુને ખોલી નાખ્યાં હતાં. અનેક વિધવા બહેનો આજીવિકા અને સહાય માટે ઝૂરતી હતી. એ કુલ ચારસો પાંસઠ (૪૬૫) નિરાધાર વિધવા બહેનોને વિધવા પેન્શન માટે પેપર વર્ક કરીને એમને પેન્શન શરૂ કરાવ્યું.

૨૦૦૨માં નિર્ધાર સંસ્થા સ્થાપવાનો વિચાર આવ્યો, ત્યારથી આજ પર્યન્ત રાજેશભાઈએ આ સેવાકાર્યમાં પાછળ ફરીને જોયું નથી. વિધવા બહેનોના બાળકોને સ્કૂલની નોટબુક, પુસ્તકો, દફતર, શૈક્ષણિક સાધનોની કીટ આપવાનું પણ રાજેશભાઈએ શરૂ કર્યું. દિવાળીના તહેવારોમાં મિઠાઈ, ફરસાણના પેકેટ વહેંચવાથી શરૂ કરીને નવા જૂના કપડાંઓના વિતરણ સુધીનું કામકાજ રાજેશભાઈ અને તેમની નિર્ધાર સંસ્થા કરી રહી છે. શિક્ષિત બહેનોને સ્વ-રોજગારી માટે પગભર થવા સરકારી સહાય અને સેવાભાવી સંસ્થાઓના સહકારથી રાજેશભાઈએ સીવવાના સંચા, પાપડ અને ખાખરા વણવાના મશીન જેવા અનેક રોજગારીના સાધનો પણ ઉપલબ્ધ કરાવ્યા છે.

જુદા જુદા યાત્રાધામોના સ્થળોએ પ્રવાસ યોજી વિધવા બહેનોને યાત્રા પ્રવાસે ય લઈ જવાનું આયોજન રાજેશભાઈએ અનેકવાર કર્યું છે. વિધવા બહેનોની શૈક્ષણિક લાયકાતો મુજબ તેમને સલામત નોકરી માટેની વ્યવસ્થા પણ તેમણે કરાવી છે અને તદુપરાંત પતિના અવસાન પછી ખિન્ન અને દુઃખી રહેલી બહેનોને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે કાઉન્સીલીંગ કરીને તેમને પગભર થવા માટેની યોગ્ય તાલીમ અને વર્ગો પણ યોજ્યા છે. ૨૦૦૧માં ગુજરાતમાં ભયંકર ભુકંપ થયો તે પછી નિરાધાર થઈને રસ્તા પર આવી પડેલ અનેક લોકોની સેવામાં રાજેશભાઈએ જાતે મહેનત કરી હતી... તે પછીના વરસે ૨૦૦૨માં આંખો ગુમાવી ત્યારે તેમના અંગત જીવનમાં પણ એક ભયાવહ ભૂકંપ થયો હતો, પણ રાજેશભાઈએ ખુમારીથી એ ભૂકંપને સહી લીધો અને તેમની ઈશ્વરદત્ત શક્તિઓને સમાજજીવનમાં નિરાધાર બની જતી વિધવા મહિલાઓના કલ્યાણમાં પરોવી લીધી !

અનેક શ્રેષ્ઠીઓને રાજેશભાઈ રાવલની સેવા પ્રવૃત્તિઓમાં ભરોસો બેસવા માંડ્યો હતો... એ પછી રાજેશભઆઈએ ક્યારેય કોઈ સેવા પ્રવૃત્તિ માટે કોઈની પાસે હાથ લંબાવવો પડ્યો નથી. રાજેશભાઈ

કોઈપણ નવો વિચાર રજૂ કરે એટલે શ્રેષ્ઠીઓ સખાવતની ગંગા વહાવી દે... પણ રાજેશભાઈની સેવાકીય વ્યક્તિ તરીકે પ્રતિબદ્ધતા પણ એવી કે અંજલિ ભરીને સખાવતની જરૂર હોય તો એક જ અંજલિ ભરવાની એનાથી સુંદર બુંદ પણ વધારે નહીં લેવાની...! મુંબઈના દાનવીરશ્રી ડૉ. કે.એલ. મહેતા, મીનાબેન મહેતા, નવીનભાઈ અમૃતભાઈ મણિયાર, ચંદ્રકાન્ત દેસાઈ, ચીમનભાઈ મહેતા, હરેશ રાવાણી. પ્રિયંકાબેન રાવાણી માનવ જ્યોત ટ્રસ્ટના શ્રી કે.સી. લૂઠિયા વગેરે જરૂર પડ્યે હંમેશા રાજેશભાઈના સેવા મિશનને સખાવત કરતા રહ્યા છે ! સુરેન્દ્રનગર વિસ્તારના પૂર્વ ધારાસભ્ય શ્રી ધનરાજ કેલા, હસુભાઈ એમ. શાહ, જાણીતા તબીબ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ, દ્વારકા શંકરાચાર્ય પીઠના ટ્રસ્ટીશ્રી મોહનભાઈ પટેલ, વઢવાણના અગ્રણી ભવાનીસિંહ મોરી અને રાજકોટના સમાજસેવક શ્રી ચંદ્રકાન્તભાઈ શાહ રાજેશભાઈની સંસ્થા નિર્ધારના સલાહકારો તરીકે સેવા આપી રહ્યા છે.

રાજેશભાઈએ વિધવા બહેનોને સ્વરોજગારી માટેનું એક મહત્વાકાંક્ષી અભિયાન હાથ ધર્યું અને એમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ બદલ તેમને ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી ડૉ. કમલા બેનીવાલના વરદ્ હસ્તે 'ધરતી રત્ન એવોર્ડ' પણ એનાયત કરવામાં આવ્યો હતો. તદુપરાંત 'દીપચંદ ગાર્ડી સેવા રત્ન એવોર્ડ' પણ જાણીતા સામાજિક કાર્યકર ચંદુભાઈ શાહના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

નિરાધાર લોકોની મજબૂરી, ગરીબની કઠણાઈ, ભૂખ, અભાવ, વિધવા અને નિરાધાર થયેલી મહિલાઓની ઠેર ઠેર ખરીદાતી લાચારી એ બધું દેખતા સમાજના સચેતન લોકો પણ જ્યારે ચૂપચાપ અને નિશ્ચેતન દૃષ્ટિએ જોયા કરે છે. ત્યારે પારકી પીડાને સમસંવેદનથી વેઠીને જાગતો એક માણસ એટલે રાજેશભાઈ રાવલ...! જે આ સમાજને આગવો રાહ ચીંધે છે... કે જેને પારકી પીડાને મટાડવાની હોંશ છે એને કુદરતની કોઈ મર્યાદા નડતી નથી... કેમ કે જેના બાહ્ય ચક્ષુ કુદરતે બંધ કરી દીધા છે. એના અંતઃચક્ષુ એ જ કુદરતે ખોલી નાખ્યા છે, એ અંતઃચક્ષુની વિશાળ દૃષ્ટિએ તેઓ માણસની આરપાર રહેલા માનવીય તત્વને ખૂબ સારી રીતે જોઈ શકે છે, પરની પીડાને સ્વયં વેઠીને અનુભવી શકે... એ પારકી પીડા તેમના આત્માને દઝાડે છે પણ પરાઈ પીડને મટાડ્યા પછી તો સુખ પણ અપાવે છે એ સુખ રાજેશભાઈ માટે નયન ખોયા પછીનું સુખ છે..!!

ઝાલાવાડની પાવન સરજમીને ગિરા ગુર્જરીના ચરણે જાહેર ક્ષેત્રના અનેક સેવા રત્નો ધર્યા છે, જેની નોંધ હંમેશા બહુ આદરથી લેવાય છે. ભાઈશ્રી રાજેશભાઈ રાવલ પણ આ ઝાલાવાડી ધરાની એ જ ખુમારીના વારસ છે, જે આજીવન સેવાના ભેખ લઈને ખરેખર જીવતો અને જાગતો ઝાલાવાડી મનેખ છે... એનું આ ધરતીને ગૌરવ થાય એટલું ઓછું છે...!





**નિર્ધારના સ્થાપક અને વિધવા મહિલાઓના સર્વાંગી કલ્યાણ માટે સતત કાર્યદક્ષ રહેતા સંસ્થાપક પ્રજ્ઞાચક્ષુ રાજેશ રાવલનું બોકરવાડિયા રાવલ બ્રહ્મસમાજ-વઢવાણ વતી જાણીતા સમાજ સેવક શ્રી ભવાનીસિંહ મોરી સાફો બાંધી સન્માન કરી રહ્યા છે તે પ્રસંગની લાક્ષણિક તસવીર.**

# ૬૧ કે ૧૬ ? : રાજેશ રાવલ

**■ સદાશિવ વ્યાસ**

રાજેશભાઈ રાવલને આજકાલ ૬૧મું વર્ષ ચાલે છે. શારીરિક અને માનસિક સ્થિતિ તરોતાજા છે. એમના જીવનમાં આવેલ અવરોધક બમ્પ વટાવ્યા પછી, એમનું જીવન બળુકી રીતે ઊભરી આવ્યું છે. ચાલીસમાં વર્ષે એમના જીવન પથ પર ખીલા જડેલો બમ્પ આવ્યો. એકાએક આંખોએ દૃષ્ટિ ગુમાવી દીધી. સૂરજ, ચાંદા, તારા, ગ્રહો, નક્ષત્રોએ અંધકાર ઓઢી લીધો. પૃથ્વી પરની હરિયાળી પર કાળો અંચળો પથરાયો,

*અચાનક આવ્યું તોફાન !*
*આંખ વિના જીવવાનું ?*
*આવું જીવન શે જીવાય ?*

નથી જીવવું. વિચાર આવ્યો, મરી જવાનો રૂમમાં પુરાઈ ગયા આપઘાત કરવાનો મનસૂબો કર્યો

પણ, અચાનક વિચારે પડખું બદલ્યું હું તો મરીને છૂટી જઈશ પણ મારી સાથે જોડાયેલા વળગણોનું શું ? શું હું એમના જીવનનો ભરોસો નથી તોડી રહ્યો ? વૃધ્ધ મા, પત્ની, બે નાનકડી પુત્રીઓ અને સૌથી નાનો પુત્ર આનંદ આ બધાને શું હું શેહ દેવા તૈયાર થાઉં ?

... ત્રિવળાંકી પ્રશ્નાર્થ ચિહ્નો રાજેશ રાવલના મસ્તક પર હથોડા જેમ ઝીંકાવા લાગ્યા. મસ્તકમાં ખાલીપો ઊભરાયો. જોરથી પાંપણ બીડી. અચાનક બંધ પાપણના પરદે તારલાઓ ઝળાંહળાં થયા. જાણે નવું આકાશ ઉઘડ્યું. મન અને શરીર ટટ્ટાર થયું. નથી મરવું. પરિવારને નોધારો છોડી મરી જવું એ તો નરી કાયરતા છે. મનમાં પાકું થયું, મારું મરવું એટલે પરિવારને દિશાહીન ભવિષ્યમાં ધકેલી દેવાનું પાપ વહોરવું.

ઓહ માય ગોડ ! આવો દોષ હું શા માટે વ્હોરૂં ? જીવવું છે, સતત સંઘર્ષ કરતા કરતા પણ જીવવું છે.

ઈશ્વરનો ચહેરો નહીં પણ, પોતીકા માસૂમ ચહેરા પ્રત્યેનો લગાવ માણસને મરતા રોકે છે. એક કથા છે... એક નાનકડા પરિવારમાં વૃધ્ધ મા, પતિ-પત્ની અને નાનકડું બાળક હતું. પતિ મીલટ્રીમાં હતો. એક દિવસ એ સૌનિકનો સંદેશો આવ્યો કે, આવતા રવિવારે પાંચ વાગ્યાની ટ્રેઈનમાં હું ઘેર પહોંચીશ. વૃધ્ધ મા અને પત્ની રાજીના રેડ થઈ ગયા. પત્નીએ બાળકોને ચૂંબનથી નવરાવી દીધું. પત્ની સેકન્ડ અને મિનિટ ગણતી હતી. આખરે રવિવાર આવ્યો. સમય કેમે કરી પસાર થતો ન હતો. માંડ માંડ પાંચ વાગ્યા.



ટ્રેઈન આવ્યાની વ્હીસલ સંભળાઈ. દિલ થડકો ચૂકી ગયું. પત્ની વારે વારે ખડકી તરફ તાકતી હતી. આમને આમ એક કલાક વીતી ગયો. પાંચના છ થયા. એ વિચારતી હતી કે હવે તો ઘેર પહોંચી જવા જોઈએ. હજુ કેમ ન આવ્યા ? એ ઉતાવળે ખડકી તરફ ગઈ. ખડકી ખોલી. ત્યાંથી પસાર થતા રિક્ષાવાળા ભાઈને ટ્રેઈન બાબત પૂછ્યું તો જવાબ મળ્યો કે ટ્રેઈન તો સમયસર આવી પહોંચી હતી અને બધા પેસેન્જરો ક્યારના ય ઘેર પહોંચી ગયા છે.

ખડકી બંધ કરી પત્ની ઓસરીમાં આવી. મગજ ગડમથલમાં ગૂંચવાયું. કેમ ન આવ્યા ? એ હાંફળી ફાંફળી અહીં તહીં આંટા મારવા લાગી. ત્યાં અચાનક ખડકી પાસે શેરીમાં વાહન ઊભા રહેવાનો અવાજ સંભળાયો. એ દોડીને ખડકીએ પહોંચી. જોયું તો મિલટ્રીનું વાહન ઊભું હતું. સૈનિકો નીચે ઉતર્યા. વાહનનું પાછળનું બારણું ખોલ્યું, હવામાં ધ્રૂજારી પેદા થઈ. સૈનિકો પતિના શબને ઉંચકીને બહાર લાવ્યા. શબને અંદર લઈ ઓસરીમાં સૂવડાવ્યું. સાથે આવેલો એક સૈનિક ત્રૂટક ત્રૂટક અવાજે બોલ્યો, આ અમારો મિત્ર જીવતો ઘેર આવવા નીકળવાનો હતો. એ ટેન્ટ પર જવાની તૈયારી કરતો હતો ત્યાં અચાનક દુશ્મન દેશના સૈનિકે હુમલો કર્યો અને એ શહીદ થયો.

વૃધ્ધ મા પુત્રના શબ પાસે બેસી હૈયાફાટ રડવા લાગી. પત્ની શબના ચહેરા પાસે ઢગલો થઈ બેઠી. એ એકધારું પતિના ચહેરાને તાકતી હતી. એના જીવનની ગતિ, બધા વિચારો થંભી ગયા હતા. આંખમાંથી આંસુનું એક ટીપું બહાર આવતું ન હતું. એને કશું ભાન ન હતું. એ માત્ર ચહેરાને એકધારું જોતી હતી.

આડોશી-પાડોશી લોકો આવ્યા. માજીને આશ્વાસન આપવા લાગ્યા. પત્ની તો નિર્જીવ લાકડાની જેમ બેઠી હતી. કોઈ શબ્દ એના કાને પડતો ન હતો. એ એકધારું માત્ર એટલું જ વિચારતી હતી કે, જગત આખું મરી પરવાર્યું. હવે મારું કોઈ નથી. જીવતરના તમામ અર્થો અચેતન બની ગયા. હું જીવીને શું કરું ?

...ઓસરીએ થાંભલીના ટેકે ઊભેલી એક વયસ્ક સ્ત્રી સૈનિકની પત્નીની મનોદશાને પામી ગઈ. એવું નથી કે માણસમાંથી ચેતન ઊડી જાય એનું નામ મોત. જીવનની ગતિ થંભી જાય અને આંખ દૃશ્યો ગુમાવી બેસે એ પણ એક મોત છે. એ વયસ્ક સ્ત્રી એકદમ ઉતાવળે ઓરડામાં ગઈ. ઘોડિયામાં સૂતેલા બાળકને તેડીને સૈનિક પત્નીના ખોળામાં મૂક્યું. બાળકને જોતાંવેંત એ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. બાળક તરફ આંગળી ચીંધી હૈયાફાટ બોલી, હું જીવીશ, હું આ બાળકને ખાતર જીવીશ.

રાજેશ રાવલનો નવેસરથી જીવતરને પામવાનો મનસૂબો કંઈક આવો જ હતો. વળી, જીવવું અને જીવી જવું એ બે વચ્ચે પૃથ્વી અને આભ જેટલું અંતર છે. રાજેશ રાવલ પહેલેથી જ જીવી જવા માગતા હતા. એમણે દૃષ્ટિ ગુમાવી એ પહેલા પોતે વ્યક્તિ મટી સામાજિક મિલ્કત બનીને જીવે એવી અદમ્ય

ઈચ્છા એમનામાં હતી. આથી વિધવા મહિલા મંડળની એમણે સ્થાપના કરી હતી. કદાચ આ વિચાર એમના પિતાશ્રી પરિમલકાન્ત રાવલની કલમની વાચામાંથી પણ મળ્યો હોય ! એમના પિતાશ્રી કરાંચીથી પ્રસિધ્ધ થતા દૈનિક 'હિતેચ્છુ'માં 'વિધવાની વ્હારે' હપ્તાવાર લખતા હતા. (થોડા વરસ પહેલાં એમનો કાવ્ય સંગ્રહ પણ રાજેશભાઈએ પુનઃ મુદ્રિત કર્યો છે)

સામાજિક મિલકત બનીને જીવવાની રાજેશભાઈની મનષાએ દૃષ્ટિ ગુમાવવાની ઘટનાએ થોડા અસંમજસમાં મૂક્યા. મેં ઉપર કહ્યું તેમ જીવનની ગતિ થંભી જાય અને આંખ દશ્યો ગુમાવી બેસે એ પણ એક મોત છે. પણ રાજેશભાઈને ખુદની લાશ કાંધે ગોઠવી જીવવાનું મંજૂર ન હતું. જીવનને સતત ગતિશીલ રાખવું અને બંધ પાંપણે નવા આકાશનો ઉઘાડ કરવાની એમની તીવ્ર ઝંખના હતી. એવામાં એક ઘટનાએ એમના વિચારને ઠેલો આવ્યો. રાજેશભાઈ આંખ બતાવવા અમદાવાદ જતા હતા. એમના કમ્પાર્ટમેન્ટમાં એક વિધવા સ્ત્રી એના બે નિરાધાર બાળકો સાથે બેઠી હતી. વાતચીતમાં જાણ્યું કે, એ સ્ત્રીનો પતિ મરી ગયા પછી એના સાસરીયાએ એને તગડી મૂકી છે. એના મામા બોટાદ રહેતા હતા ત્યાં એ જઈ રહી હતી. એ પછી એ સ્ત્રી મક્કમ અને ઊંચા સ્વરે બોલી કે, હિંમત હારી જાય ઈ બીજા. હું હીરા ઘસવાનું કામ કરીશ. બેય છોકરાનું જીવતર ઉજાળવા રાત-દિ મહેનત કરીશ. એ સ્ત્રીના સ્પષ્ટ અને ઊંચા અવાજે રાજેશભાઈના માંયલાને ઉશ્કેર્યો. એ ક્ષણે એમને એવું ફીલ થયું કે પોતે જે ટ્રેઈનમાં મુસાફરી કરી રહ્યા છે એ ટ્રેઈનને તળિયું જ નથી અને ટ્રેઈન એમને બે પાટા વચ્ચે રાજેશભાઈ એ ટ્રેઈન પાછળ દોડ્યા. દોડતા દોડતા એન્જિનના ડબ્બે આવ્યા. કુદકો મારી અંદર ઘૂસ્યા. પોતે એન્જિન ચાલક બની ગયા. એમની નિર્ણાયક શક્તિએ એ સ્ત્રીની વાતથી આવો ધક્કો અનુભવ્યો. પછી તો પૂછવું જ શું ? આ અરસામાં ૧૯૯૯માં નિર્ધાર સંસ્થાની સ્થાપના કરી અને પોતે એના ચાલક બન્યા.

આજે આ નિર્ધાર સંસ્થા સતત સતત ધબકતી સંસ્થા તરીકે ઊભરી છે. ને રાજેશ રાવલ એક વ્યક્તિ મટી સંસ્થા બની ગયા છે.

નિર્ધાર સંસ્થા સાથે ૧૦૯૫ ઉપરાંત વિધવા બહેનો જોડાયેલી છે. એમને રોજીંદી જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. વિધવા બહેનો અને એના બાળકો માટે આરોગ્ય અને શિક્ષણમાં મદદરૂપ થાય છે. મકરસંક્રાંતિ, દિવાળી આવા બધા તહેવારોએ જમણવાર રાખવામાં આવે છે. આ સિવાય શિયાળામાં બ્લેન્કેટો તેમજ ઉનાળામાં છાસનું વિતરણ કરવું એવી સિઝનેબલ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વિધવા સ્ત્રીના પુત્રીને કરિયાવર આપવો એવા વ્યવહારિક પ્રસંગોએ સંસ્થા ખડેપગે તૈયાર રહે છે.

નિર્ધાર સંસ્થાની કામગીરી આટલેથી અટકતી નથી. વિશિષ્ઠ સેવા આપતી મહિલાઓને 'સેવા જ્યોત', અંધશ્રધ્ધા નિવારણનું કામ કરતી મહિલાઓને 'ધર્મ જ્યોત', શ્રમિક મહિલાના વિશિષ્ટ



યોગદાન માટે 'શ્રમ જ્યોત' તેમજ શરીરના કોઈ અંગનું જેમ કે કિડનીનું દાન કરતી મહિલાને 'ત્યાગ જ્યોત' એવોર્ડ સમારોહ યોજી આપવામાં આવે છે.

૨૦૧૩-૧૪માં રાજેશભાઈના સ્વ. પિતાશ્રીના જન્મ શતાબ્દી વર્ષે ૨૫ મહિલા કાર્યકરો, ૨૫ શિક્ષકો તેમજ ૨૫ કવિ-લેખકોને એવોર્ડથી નવાજવામાં આવેલ. રાજેશભાઈ પોતાના ખર્ચે આ કામગીરી કરેલ.

રાજેશભાઈના પત્ની શ્રીમતી પારૂલબેનના તંત્રી પદે 'નિર્ધાર' સાપ્તાહિક ચાલે છે.

ઉપરાંત ઝાલાવાડના લેખકો અને કવિઓની બેઠકો યોજી સાહિત્ય પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. આ બેઠકમાં નોંધપાત્ર કૃતિઓની ચર્ચા થાય છે તેમજ કલમ ધારકે નવું લખ્યું હોય એનું વાચન થાય છે.

મહિલા દિને સમારોહ યોજી વિશિષ્ટ પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન કરવામાં આવે છે.

આવું ઘણુંબધું...

રાજેશભાઈને 'ધરતી રત્ન', 'પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા એવોર્ડ,' દિપચંદ ગાર્ડી એવોર્ડ, પંડિત સુખલાલજી એવોર્ડ એનાયત થયા છે.

બાવીસ વર્ષથી સતત પ્રવૃત્તિમય જીવન જીવતા રાજેશ રાવલ ખુદ એક વિચાર છે. વિધવા બહેનોની નિરસતાને દેશવટો આપી એમના માટે હુંફાળું વાતાવરણ સર્જ્યું છે. નિર્ધાર સંસ્થાના નેજા હેઠળ બધી બહેનો એકત્ર થઈ હોય ત્યારે વાતાવરણ કિલ્લોલથી ગુંજી ઊઠે છે. એમની ઓફિસે બહેનો આવી મોકળાશ અનુભવે છે. રાજેશભાઈના વિચારે રચનાત્મક કૃત્યને જન્મ આપ્યો છે.

નહીં તો એવું પણ બને છે કે સમાજ ઉપયોગી પ્રવૃત્તિ માટે ઘણાના મનમાં વિચાર આવે. આરંભે શૂરા જેમ પ્રવૃત્તિ શરૂ કરે પછી પણ, એમના લગાવેલા મોટા મોટા બોર્ડ નિહાકા નાખતા હોય છે. જ્યારે રાજેશભાઈના કાર્યક્ષેત્રનું ફલક દિન-પ્રતિદિન વધતું રહે છે. કોણ જાણે આ માણસ કઈ માટીમાંથી ઘડેલો છે થાકતો જ નથી - નથી થાકતો. આ પણ એક અચરજ છે. એમની કર્તવ્ય નિષ્ઠાની ભાવનાથી પ્રેરાઈ દાન આપનારા દેશ-પરદેશથી સામેથી મળી આવે છે... ફ્લોરિડાના વનમાં એક એવું ગામ છે કે સેવા આપવા માટે ડૉક્ટરો પોતાનું નામ વેઈટીંગ લીસ્ટમાં લખાવે છે અને વારો આવે ત્યારે એમને જણાવવામાં આવે છે. વિચાર કરો, આ ગામે કેવડી મોટી લાયકાત પેદા કરી છે. આવી રીતે જ નિર્ધાર સંસ્થાએ આગવી સામાજિક પ્રતિષ્ઠા હાંસલ કરી છે. તેમની પ્રવૃત્તિને આર્થિક સહાય મળતી રહે છે.

આજકાલ આ રાજેશભાઈને ૬૧મું ચાલે છે પણ અંક ઉલટાવીને ૧૬ લખીએ તો પણ ચાલે.

અસ્તુ.

## વેરાન વચ્ચે મીઠી વીરડી : રાજેશ પ્રેમશંકરભાઈ રાવલ

■ **કિશોરચંદ્ર ર. ત્રિવેદી**

કોઈ પીડિત અબળાને જોઈને, કોઈ સંતદૃષ્ટિનું ગાંભીર્ય અને પછી તે પીડ જાણ્યા પછી તેને હસતા વદનમાં વિલીન થતું જોઈ જે આનંદ કે સુખ ઊપજે તે જોવું હોય તો ૭૩૫ 'નિરાધાર મહિલાઓનું હાસ્ય' અર્થાત્ મદદ અર્થેનો 'નિર્ધાર' એ આજના દિવસે શ્રી રાજેશભાઈ રાવલ છે.

સુરેન્દ્રનગર જિલ્લાની આ ક્ષેત્રે કામ કરતી એકમાત્ર સંસ્થા એ 'નિર્ધાર' સંસ્થા છે.

કોઈપણ માણસનો એક ધ્યેય હોય છે... લક્ષ્ય હોય છે... સંકલ્પ હોય છે... અને એ પૂર્ણ કરવા તરફ એની ગતિ હોય છે, પણ એ બધું સ્વકીય રીતે, સ્વ કે સ્વયં માટે, નિજી પરિવાર માટે પણ હોય છે. પરંતુ અહીં તો જે અબળા નિઃસહાય છે... બાળકો નાનાં હોય... અને આકસ્મિક સંજોગોમાં જ્યારે પોતાનો આધાર ગુમાવે ત્યારે તેનો આધાર ઘરનો મોભી હોય છે, તેના ભાઈ-ભાંડરુ હોય છે; પણ, તે પણ ન હોય ! હા, એવા પણ બહેનો હશે... જેઓનું કોઈ જ નહીં હોય ! કેવળ ભગવાનને સહારે આશા રાખીને જ્યારે આયખું પૂરું કરવાના કોડ સેવતી હોય ત્યારે, કહેવા દો... એનાં એવાં જીવનમાં ભાઈશ્રી રાજેશભાઈ જેવા પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષપણે 'મદદનો હાથ' બનતાં હોય છે. તે ક્ષણે ભગવાનનું એ સ્વરૂપ જાણે સ્વયં-પ્રત્યક્ષપણે દર્શિત થાય છે-

-કોઈનાં જીવનમાં અજવાળાં પાથરવાનું કામ એટલું આસાન પણ નથી, કેમ કે રાજેશભાઈએ પોતાના પરિવાર સાથે પોતાની ફરજ-નોકરી કરતાં કરતાં આ બધું કર્યું છે.

દૃષ્ટિ ગઈ... આંખોની રોશની ગઈ... પણ અમાસની રાતની ફૂલછડી જ નહીં પણ ચઇતરી ચાંદનીનું અજવાળું તો ખરું જ... જે શીતળતાનું શાણપણ એટલું જ ભળ્યું છે. તેમનાં આ કાર્યમાં ઉદાત્ત સખાવતીઓનું યોગદાન સદૈવ મદદની આલબેલ પોકારતું રહ્યું છે. જેના પ્રતિબિંબરૂપ આવાં અત્યાર સુધીમાં ૧૬૩ કાર્યક્રમો કરી ચૂક્યાં છે. નિરાધાર બહેનોની પ્રવાસયાત્રા, કિટ્સ વિતરણ, દિવાળી પર મીઠાઈ વિતરણ, સાડી વિતરણ, સર્વરોગ નિદાન કેમ્પ, શિબિરો અને સ્વરોજગાર અંગે પ્રોત્સાહિત કર્યાં છે.

પિતાશ્રી પ્રેમશંકરભાઈ કવિ-શિક્ષક અને બ્રાહ્મણનું ખોળિયું. માતાશ્રી તારાબેન લાગણીપ્રધાન હૈયું. આ બધા જ સંસ્કાર-તેજનું અજવાળું રાજેશભાઈમાં પથરાયું છે - પ્રગટ થયું છે...

કોઈ કુદરતી આપત્તિ કે વિક્ષેપ સમતોલ-સાંસારિક જીવનને અસમતોલ બનાવે છે ત્યારે શરૂ થાય છે એક પડકાર ! એક કસોટી ! - અને એને પાર કરવા જિંદગીના કેટલાંક પ્રશ્નો વાંચી જવા પડે છે - વિચારવા પડે છે... એમાંથી જો પાર કરીને-ઉત્તીર્ણ કરીને નીકળી જાય તો સમગ્ર પરિવાર મઘમઘતો બનાવી શકે છે, પરંતુ જો હતાશા આવી જાય તો જીવન વેરાન બની જાય છે પણ, આ વેરાન વચ્ચે જેમ અફાટ રણમાં કોઈ વીરડી મળી આવે તેમ માનવીય જીવન મૂલ્યોને પરિમાણ બક્ષતાં અરે ! સમજોત્થાન કરનારી સંસ્થાઓ વહારે આવી જાય છે ત્યારે ફરી પાછું એ વેરાનની પગથાર છોડી, હતપ્રભ બનેલાને માટે ફૂલ ખીલે હૈં ગુલશન... ગુલશન... બની રહે છે.



આવી વ્યક્તિઓને કોઈ દૈવી-સંકેતનાં સંદેશ સાથે જ મોકલી હોય છે. આવી વ્યક્તિ રાજેશભાઈ રાવલના સ્વરૂપે પણ હોઈ શકે ! -પ્રજ્ઞાવાન પણ હોઈ શકે ! આંતરચક્ષુ તો જેનાં ઊઘડ્યાં છે, જે સમાજના દોજખશીલ બહેનો માટે, જે પ્રેરણા 'આંતર ચક્ષુ' ઉઘાડી નાખનારી પણ બની રહે છે... નહિતર ક્યાં બોટાદ રેલ્વે સ્ટેશન.. એ ટ્રેન.. તેનો ડબ્બો... સામી પાટલી પર બેઠેલાં નાનાં-નાનાં ભૂલકાંઓને લઈને, તરછોડાયેલી - વેદનામાં વલોપાતી એ અબળા... અને ભીનાં હૈયાનાં જીવતરના કોરાં આંસુ ! તે સમયે તો રાજેશભાઈ જીવનની ચાલીસીએ પહોંચેલાં. તે સ્થળ... સમય અને ક્ષણ વચ્ચે કરુણાસભર કથાનો સંવાદ રાજેશભાઈનું હૃદય વલોવી નાખે છે...

'બહેન, કેમ તારાં અવાજમાં વેદનાભરી છે ?' -એટલું પૂછતાં એ બાઈને ગળે ડૂમો બાઝી જાય છે અને વલોપાતને ગાળીને જાણે કે જીવતરનું વહેણ નહીં.. જીવનભરના બધાં જ દરવાજાનો અનુબંધ ખોલે છે... રાજેશભાઈ સાંભળે છે - નિરાધારની ડાયરીનાં પાનાં નહીં, હૈયાની ચાળણીમાં ગળાઈ-ચળાઈને આવતાં આંસુઓને વાચા આપવા - કૃત નિશ્ચયી બને છે. આવી જિંદગીઓ માટે 'કંઈક' કરી છુટવાની પ્રેરણા - વિચારબીજ અંકુરિત થાય છે તે ક્ષણે આવી વિધવા બહેનોને માટે 'નિર્ધાર' સંસ્થાનો જન્મ થાય છે અને આરંભાય છે કંઈક કરી છુટવાની મથામણ. મથામણ એટલા માટે કહું છું કે બહેનોની વ્યથાને રજૂ કરવા હૈયું તો નારીનું જોઈએ ! તેનાં શુભનિષ્ઠાભર્યાં આ કાર્યમાં જીવનસંગિની પારુલબહેન, પુત્ર આનંદ પણ જોડાયાં છે. ટ્રસ્ટ અને ટ્રસ્ટ-વિશ્વાસ બંને શ્વસે છે. સંસ્થાનું ભવ્ય મકાન પણ આકાર પામ્યું છે. શહેરના, મુંબઈ, અમદાવાદ, મોરબી એમ વિધ્ વિધ્ નગરનાં તબીબો-ઉદ્યોગપતિઓ-કલાકારો-કવિઓ-લેખકો-વકીલો સૌ આ કાર્યાન્વિત સંસ્થાના હિસ્સેદાર બન્યાં છે.

માત્ર વિધવા બહેનો માટે - ઉત્કર્ષ માટે કામ કરતી નિર્ધાર સંસ્થાનું એક ગણનાપાત્ર કાર્ય પણ રહ્યું છે સાહિત્ય ક્ષેત્રે - શિક્ષણ ક્ષેત્રે - સામાજિક ક્ષેત્રે અને પારિવારિક ક્ષેત્રે ઉમદા પ્રદાન કરનારી વ્યક્તિઓને - પ્રતિભાઓને, નિર્ધાર સંસ્થાએ ઍવોર્ડ-પુરસ્કારથી નવાજીને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કર્યું છે. કવિ પ્રતિભા ક્ષેત્રે પિતાશ્રી 'કવિશ્રી પરિમલકાન્ત રાવલ ઍવોર્ડ' મેળવવાનું સૌભાગ્ય આ લખનારને પણ પ્રાપ્ત થયું છે. ખભે ખભો મિલાવીને કામ કરતા સુમંતભાઈ રાવલનું જરૂર સ્મરણ થઈ આવે છે.

આજે રાજેશભાઈ ષષ્ટિપૂર્તિ-ઉજવણી તરફ ડગ માંડી રહ્યા છે ત્યારે 'અમાસની રાતની ફૂલછડી રાજેશ રાવલ' એ સમાજની એક આધારશીલ-વ્યક્તિ તરીકે અહીં નવાજતા પ્રશંસાના પુદ્‌ગુલો ઘણાં ઓછાં પડે છે. કેમ કે એક કર્મઠ વ્યક્તિના જીવનમાં અર્પણ... તર્પણ અને સમર્પણ એવાં તો ગૂંથાઈ જાય છે કે 'નિર્ધાર' બોલતાં જ રાજેશભાઈ સ્મરાંક્તિ થાય છે.

ષષ્ટિને સરોવરે ઊભેલાં રાજેશભાઈ ખુબ દીર્ઘાયુષી બને અને આ ઉમદા કાર્યમાં જોડાયેલાં પરિવાર- 'નિર્ધાર પરિવાર'ને સદૈવ સુખ-શાંતિ અને સમૃદ્ધિ પરમકૃપાળુ પરમાત્મા હંમેશ બક્ષતા રહે એ જ આરઝુ ને અભ્યર્થના...

**ધોળીપોળ, ફૂલચોક, હરખચંદ ડગલીની દુકાનની બાજુમાં,**
**વઢવાણ-સિટી. પિન-૩૬૩ ૦૩૦ મો. ૯૪૨૬૩ ૭૮૬૬૧**

# દઢ મનોબળના સ્વામી : શ્રી રાજેશ રાવલ

■ **કલ્પનાબેન ત્રિવેદી**

આજે શ્રી રાજેશભાઇ રાવલના ૬૧ માં જન્મ દિવસની ખૂબ ખૂબ વધાઇ. ઇશ્વર એમને લાંબુ આયુષ્ય અને તંદુરસ્તી બક્ષે એવી આશા. શ્રી રાજેશભાઈના પરિચયમાં દસેક વર્ષથી છું. એમને મેં ક્યારેય શાંતિથી બેઠેલા જોયાં નથી. સતત કામ, અને પોતાની હજારો વિધવા બહેનોની ચિંતા. એમને રોજ એકજ ઇચ્છા થાય કે શું કરું તો આ બહેનોને જીવન નિર્વાહમાં તકલીફ ન પડે. આ માટે એટલાં બધાં કાર્યક્રમ કર્યા છે કે ગણવા બેસીએ તો પાર ન આવે. સિદ્ધિ મળી જ્યાં એક, લાખો દિશાઓ ત્યાં ખૂલી, કોને ખબર ક્યાં સુધી મારો વિકાસ છે. સતત લોકસંપર્ક અને લોકચાહના મેળવીને વિધવા પુનર્વસનનું કાર્ય કરતાં રહ્યાં છે. આ બહેનોને કપડાં, મિઠાઈ રોજગારી, સમાજમાં પ્રેમ ભર્યું સ્થાન મળે એ માટે અથાગ મહેનત કરી છે. આપ અલ્પચક્ષુ નથી પણ દિવ્યચક્ષુ ધરાવો છો. હજારો બહેનોના આશીર્વાદ આપને મળ્યાં છે. સાથે સાથે બાળકો અને વૃદ્ધો માટે પણ આપે ખૂબ જહેમત ઉઠાવી છે.

દરેક ગામમાં આપે વિધવા બહેનો માટે ઉત્તમ કામ કરી એક આસ્થાનો દિપક પ્રગટાવ્યો છે. એક સામાન્ય સેલ્સમેનથી સેવાધારી ભેખમેન સુધી આપે ઘણા સંઘર્ષ વેઠીને મહિલાઓ માટે કામ કરી એમને સાચા અર્થમાં આત્મનિર્ભર બનાવી છે. એમનાં નાસીપાસ જીવને એક અલગ દૃષ્ટિ આપી છે. આ સંદર્ભે આપ ઘણાં સન્માન અને એવોર્ડ્સ પણ મેળવી ચૂક્યાં છો. સુરેન્દ્રનગર શહેરનું એક ઉમદા અને પ્રામાણિક વ્યક્તિત્વ એટલે શ્રી રાજેશભાઈ રાવલ. જ્યારે કોઈ કાર્યક્રમ હોય તો દરેક બહેનો અને બાળકોના નામ કંઠસ્થ હોય, વિધવા બહેનોની સંઘર્ષ કથા કંઠસ્થ હોય, અને એમના માટે શું કરું એ આયોજન પણ ચાલુ જ હોય.આ એક વિશિષ્ટ લાક્ષણિક્તા છે. આપે ક્યારેય 'સ્વ'નો નહીં પણ 'સર્વ'નો વિચાર કરેલ છે. વિધવા બહેનો વેકેશન દરમિયાન પોતાના પિયર આવી શકે એ માટે વિધવા ભવનનું નિર્માણ કોઇ વિરલ વ્યક્તિ જ કરી શકે ! હજારો બહેનોના ભાઇ બની રક્ષા કરી રહ્યાં છો. જીવનમાં સંઘર્ષનો સામનો આત્મવિશ્વાસથી કરી રોજીરોટી મેળવી શકાય છે, બહેનોને આ વાત દૃઢ કરાવી લાખો રુપિયાના પ્રોજેકટ કર્યાં છે. પચાસ બહેનો થી ચાલુ કરેલી સેવા આજે હજારો વિધવા બહેનો સુધી પહોંચી છે. કોરોના કાળમાં પણ આરામ નહીં, અવિરત સેવા. મારી બહેનોને દવા, ખોરાક, કપડાં કે અન્ય તકલીફ ન પડવી જોઈએ... એક જ વિચાર. આ સંજોગોમાં પણ અનાજ વિતરણ મેડીકલ ચેકઅપ, કપડાં વિતરણ કાર્યક્રમ ચાલુ જ રાખ્યાં. આપને સતત કામ કરતાં જોયાં છે. રોજરોજ નવું વિચારી સમાજની સાવ સામાન્ય મહિલાઓનાં સન્માન કરી એમને ગૌરવ અપાવ્યું છે. દરેક ક્ષેત્રે મહિલા અગ્રણીનાં સન્માન કરી એમને એક પ્રોત્સાહન આપ્યું છે. આજે કોઈ વિધવા બહેન નાસીપાસ નથી. તરત જ આપના પ્રયત્ન થી એને જીવન જીવવાની જાણે જડીબુટ્ટી મળી જાય છે. આપની સાથે આપનો પરિવાર... પત્ની અને પુત્ર બંને આપની સાથે સતત કદમ મિલાવી આપના સ્વપ્નને સાકાર કરી રહ્યાં છે. એક્સઠ વર્ષ એટલે હજુ આપ આ સેવાયજ્ઞ આગળ વધારવાનું કૌવત ધરાવો છો. આપની તંદુરસ્તી સતત સારી રહે. સમાજ આપની સાથે જ છે. આપ હજુ પણ આ સેવામાં ઘણી યશકલગીઓ ઉમેરો એવી હૃદયથી પ્રાર્થના છે. અથાગ પરિશ્રમ કર્યો છે દિન રાત, આ કર્મ કહાની અવિરત છે ! વ્યથા અન્યની પોતાની ગણી છે, મારુંકર્મ જ મારો સંદેશ બને એ આશ રાખું છું.

**સુરેન્દ્રનગર**





**શ્રીમતી સૂરજબેન લક્ષ્મીદાસ મહેતા વિધવા પુનઃવર્સન ભવનના ભૂમિ પૂજન કરતા નિર્ધારના સ્થાપક રાજેશ રાવલ**

# વિધવા બહેનોની સેવા બેલડી : પારૂલ રાવલ / રાજેશ રાવલ

■ પંકજ ડગલી

વિધવા શબ્દ સાંભળતા જ મનમાં દુઃખની અનુભૂતિ થાય છે. હૈયું ગદ્‌ગદિત્ થઇ ઊઠે છે અને આંખ અશ્રુથી ભરાઈ જાય છે. વિધવા શબ્દનો શાબ્દિક અર્થ વિ એટલે વિધાતા, ધવા એટલે વિધાતાએ જેના જીવનનો ધ્વંસ કર્યો છે. એટલે કે જેનું જીવન છિન્ન-ભિન્ન થઇ ગયું છે, જેનું એક અંગ પરમાત્માએ છીનવી લીધું છે, જેના સહારાએ તે જીવે છે અને તેમાંય કેટલીય ભારતીય નારીઓ જેના માટે જીવે છે તેવી નારીઓના પતિ છીનવાઈ ગયા છે. જેમના પતિ પરલોક સિધાવ્યા છે, તેવી નારીઓ નિરાધાર બને છે. સ્ત્રી માટે પતિ જ સર્વસ્વ છે. એટલે જ મીરાભાઈએ ગાયું છે કે,

*'મુજ અબળાને મોટી મિરાંત,*
*શામળો ઘરેણાં મારે સાચું રે...'*

આપણી ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીના પતિને અમર ચૂડલાની ઉપમા આપી છે. પતિ તો સ્ત્રીનું સૌભાગ્ય છે અને જ્યારે પતિ પરલોક સિધાવે ત્યારે આપણે એમ કહીએ છીએ કે 'ચૂડલા નંદવાણો' અને આ વાત ખરેખર સાચી જ છે. એક હિન્દી કવિશ્રીએ લખેલું ગીત લત્તા મંગેશકરે ગાયું છે.

*'દુનિયા મેં ઐસા કહા સબકા નસીબ હૈ,*
*કોઈ કોઈ અપને પિયા સે કરીબ હૈ.'*

આ બહેનો માટે તો પિયાની ઉપસ્થિતિ જ નથી તો તેમના જીવન વિશેની કલ્પના કેટલી અસહ્ય થઈ પડે છે.

સુરેન્દ્રનગરમાં નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર દ્વારા મહિલાઓ માટેની વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. આ કેન્દ્ર આવી ભાંગેલી મહિલાઓનો ભેરૂ બન્યું છે. આ કલ્યાણ કેન્દ્ર આવી દુઃખી મહિલાઓ માટે ખારા સમૃદ્રમાં મીઠી વિરડી સમાન છે. આ કેન્દ્રના સ્થાપક અને સંચાલક શ્રીમતી પારૂલબેન રાવલ અને સહાયક રાજેશભાઈ રાવલ છે. શ્રી રાજેશ રાવલ અંધત્વનો શિકાર બન્યા છે. આમ છતાં ૧૯૯૬માં શરૂ કરેલી આ પ્રવૃત્તિ તેમને ચાલુ રાખી છે. શ્રી રાજેશ રાવલ આ પ્રવૃત્તિ કરીને પોતાના અંધત્વના અભિશાપને ભૂલી ગયા છે. ભાઈ રાજેશ વર્ષ દરમિયાન આવી મહિલાઓ માટે પ્રવૃત્તિઓ કરે છે. જેમ કે વિધવા મહિલાના બાળકોને મે મહિનામાં નોટબુક વિતરણ કરવી, તેમને મળતી સરકારી સહાયની વિધિ કરી તેમને સહાય અને લોન પહોંચતા કરવા, દાતાઓની મદદથી આવી વિધવા બહેનોને દર મહિને ખાદ્ય સામગ્રી આપવી, આવી બહેનોના રોજગાર માટે શિબિરો કરી તેમને તાલીમ આપવી, દિવાળીમાં આ બહેનો માટે મીઠાઈઓનું વિતરણ કરવું વગેરે. હું ક્યારેક શ્રી રાજેશભાઈના મુખેથી આવી વિધવા બહેનોની વેદના સાંભળું છું ત્યારે કમકમી ઊઠું છું. આ બહેન ગરીબ મજૂર વર્ગની તથા મધ્યમ વર્ગની બહેનો છે. આ



બહેનોના બાળકોને પીવડાવવા માટે ક્યારેક દૂધ નથી મળતું, તો ક્યારેક તેમને ખાવા ખીચડી નથી મળતી. આવી બહેનો જ્યારે જ્યારે દુઃખી થાય છે ત્યારે ત્યારે રાજેશ અને પારૂલના ઘરની વાટ પકડે છે. રાજેશભાઈ આ બહેનોની વ્યથા સાંભળે છે અને કોઇક દાતાને ફોન કરીને તેની યાતના મટાડવાના પ્રયત્ન કરે છે. કેટલીક બહેનોના બાળકોની શિક્ષણ ફી પણ કેટલાક દાતાઓ તરફથી આ કલ્યાણ કેન્દ્ર દ્વારા ભરાઈ જાય છે અને જે દાતાઓએ રાજેશની આ પ્રવૃત્તિને ઓળખી છે તેઓ તેનો આદર કરે છે. આટલી વિશાળ પ્રવૃત્તિ માટે શ્રી રાજેશભાઈએ પોતાના ઘરને જ કાર્યાલય બનાવ્યું છે અને ઘરનો ટેલિફોન આ રાજેશભાઈનો સાથી બની રહ્યો છે. આ માટે તેને કોઠારી બાલમંદિર કે રોટરી હોલ જેવી સંસ્થાઓનો સહકાર મળી રહે છે. આવી બહેનો સાથે વાત કરતાં રાજેશભાઈએ વિચાર્યું કે આ બહેનોને એક વખત યાત્રા કરાવી જોઇએ. આ વાત તેમને નોટબુક વિતરણના સમારંભમાં મૂકી અને લોકલાડીલા પૂર્વ ધારાસભ્યશ્રી ધનરાજભાઈ કેલા અને ભવાનીસિંહ મોરીએ ઉપાડી લીધી.

અને આ બંને વડીલોએ પોતાના તરફથી એક એક બસનું વચન આપ્યું અને રાજેશભાઈની ખુશીનો કોઇ પાર ન રહ્યો. છેવટે શ્રાવણ માસના અંતમાં એક યાત્રા ગોઠવાઇ. આજે બહેનો ખુશ હતી, કારણ કે વૈધવ્ય પછી ઘણી બહેનો યાત્રા કરી શકી ન હતી. આજે આ બહેનો જડેશ્વર, ચોટીલા, સાયલા, રફાળેશ્વર જેવી જગ્યાના દર્શને જઇ રહી હતી તેથી તેમની ખુશીની કોઈ સીમા ન હતી. છેવટે આ પ્રવાસની પૂર્ણાહુતિ સી.યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજમાં હતી અને આ પ્રસંગે સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના માજી પ્રમુખશ્રી ખેતશીભાઈ, સામાજિક કાર્યકર શ્રી ભવાનીસિંહ મોરી તેમજ ભવાનીસિંહભાઈને ત્યાં આવેલા મહેમાન સુપ્રિમ કોર્ટના એડવોકેટ સોનિયાજી પણ ઉપસ્થિત હતા. બહેનોના જીવનને પ્રેરણા અને હિંમત મળે તેવા ટૂંકા વક્તવ્યો અપાયા અને રાત્રિના લગભગ ૧૧ કલાકે કાર્યક્રમ પૂરો થયો. જેમની આંખ નથી તેવી બહેનો સાથે જેમના પતિરૂપી આંખ ચાલી ગઇ છે તેવી બહેનોનું મધૂર મિલન થયું અને વાતાવરણ કરુણા અને આનંદથી છલકાઈ ગયું. આ પ્રસંગે પારૂલબેનના માતુશ્રી અને રાજેશભાઈના માતુશ્રી ઉપસ્થિત હતા. આ માતાઓએ તેમના પુત્રોના ભવ્ય કામનો કેટલો આનંદ થયો હશે ?

શ્રી રાજેશભાઈની આંખ પારૂલબેન તો છે જ. સાથે સાથે મંગળદાસ રામાનુજ, કિશનભાઈ સોલંકી, વસંતભાઈ દલસાણિયા તથા અન્ય મિત્રો પણ તેમની આંખ બની રહ્યા છે. રાજેશભાઈના જૂના સાથીઓએ આંખ ગુમાવ્યા પછી પણ રાજેશભાઈનો સાથ છોડ્યો નથી જ તેથી આવા નામી-અનામી સૌ મિત્રોને ધન્યવાદ દેવા ઘટે ! સુખના સૌ સંગાથી છે, પણ રાજેશ ઉપર આવી પડેલા દુઃખના ડુંગરને ઉપાડવા માટે પણ આ મિત્રો તૈયાર રહ્યા છે. દુઃખના દાવાનળથી દાઝીને દૂર જનારા આ મિત્રો નથી, પણ આ મિત્રો મલમ બનીને રાજેશને સાંત્વના આપી રહ્યા છે. આ મિત્રોએ મુશ્કેલીઓમાં મોંઢું મરડીયું નથી, પણ સાચા અર્થમાં રાજેશભાઈના સાથી બની રહ્યા છે. ધન્ય છે આવા મિત્રોને અને ધન્ય છે આવા સેવાર્થીઓ શ્રીમતી પારૂલ રાવલ તથા રાજેશ રાવલને...

**(વૃક્ષ પત્રિકાના સૌજન્યથી)**

# વિધવાનું પિયર - રાજેશ રાવલનું ઘર

**■ સ્વ. સુમંત રાવલ**

વર્ષ ૨૦૦૨ એપ્રિલની બીજી તારીખ... પહેલી તારીખે બધા એપ્રિલફુલ બનાવે છે... પણ બીજી તારીખે તો કુદરતે એક વ્યક્તિને એપ્રિલફુલ બનાવી દીધી... એ વ્યક્તિનું નામ રાજેશ પ્રેમશંકર રાવલ. રહેવાસી : ૬, વાદીપરા, સુરેન્દ્રનગર. ચાલીસ વરસના રાજેશ રાવલ હજુ ઓફિસે જવા તૈયાર થતા હતા. ત્યાં આંખો સમક્ષ વીજળી જેવો એક ઝબકારો થયો અને તરત જ આંખોના દીવા હોલવાઇ ગયા ! જીવનમાં ગાઢ અંધકાર છવાઈ ગયો. જીંદગીરૂપી દિવાની જ્યોત હજુ અડધી જ સળગી હતી ત્યાં કુદરતે પવન મોકલ્યો અને દિવો મરી ગયો. રાજેશ રાવલ ગભરાઈ ગયાં... અરે પ્રભુ આ તેં શું કર્યું ? હજુ તો ચાલીસમાં વર્ષગાંઠ ઉજવ્યાને ત્રણ મહિના માંડ થયાં હતા, ત્યાં તેં મને અંધકારભરી દુનિયામાં ધકેલી દીધો. છ વરસ પહેલાં પિતા સાથ છોડી ચાલ્યા ગયાં હતાં. ઘેર એંસી વરસની વિધવા મા... પાંત્રીસ વરસની જીવનસંગિની પારૂલ... તેર વરસની દીકરી દિપાલી, આઠ વરસની ઉર્વી અને એક માત્ર પાંચ વરસનો પુત્ર આનંદ... આ પાંચ જણનો પરિવાર પોતાની નોકરીના પગાર પર જીવતો હતો. પરિવારને એક માત્ર પોતાનો ટેકો હતો, હવે બીજાનો ટેકો લેવાના દિવસો આવી ગયા. ના... ના... આ રીતે પરાધિન થઇને નથી જીવવું બહેતર છે. મરી જવું... એક ક્ષણમાં આત્મહત્યા કરવાના વિચારો આવી ગયા. સુરદાસ દંપતિ પંકજ ડગલી અને મુક્તાબેન ડગલીએ આશ્વાસન આપ્યું, આંખ ભલે ગુમાવી પણ હામ ના ગુમાવતા... ડૉક્ટર કુબાવત અને યુવા કાર્યકર ભવાનીસિંહ મોરીએ પીઠ થાબડી... બેંકના ફિક્સ ડિપોઝીટના નાણા ઉપાડી લીધા અને અમદાવાદના આંખના પ્રખ્યાત ડૉક્ટર પાસે પહોંચી ગયા, ઉપરાઉપરી ત્રણ ઓપરેશન... પણ પરિણામ શૂન્ય ! હારેલા, ભાંગેલા, તૂટેલા હૃદય સાથે ઘેર પાછા ફર્યા, એકલા પડતા ફરી આત્મહત્યાના વિચારો હાવી થઇ ગયાં મનમાં થયું આંખોની નસો સૂકાઇ ગઇ એ રીતે જિંદગી પણ હવે સૂકાઇ ગઇ... સુખમય દિવસોનો આરંભ થયો ત્યાં અંધકાર છવાઇ ગયો. આવા અંધારા ઉલેચતા, ઠેબા ખાતા ખાતા પારકાનો હાથ પકડીને જીવવું નથી...

પ્રજ્ઞાચક્ષુનો ગુજરાતભરમાં સૌથી મોટી સંખ્યા ચલાવતું અંધ દંપતિ પંકજભાઈ અને મુક્તાબહેને કહેલું યાદ આવી ગયું, આંધળાની લાકડી ઇશ્વર હોય છે. એ આંધળાને સાચી દિશામાં દોરી જાય છે. અમને પણ ઇશ્વર જ દોરી ગયા હતાં... સેવા કાર્ય કરો... તેમાં જે સુખ મળે છે એવું સુખ કરોડો રૂપિયા મળશે તોય નહીં મળે... ત્યાં દૃશ્ય બદલાયું. પોતે સુરેન્દ્રનગરથી ભાવનગર જતી ટ્રેનમાં બેઠા હતા. આખો ડબો ખાલી હતો, સામેની બર્થ પર એક વિધવા યુવાન સ્ત્રી પોતાના બે બાલુડાને પડખામાં લઇને બેઠી હતી.

આંખોમાં આંસુ હતા.

બહેન, શું દુઃખ છે ? રાજેશભાઈની ન રહેવાયું એટલે પૂછી બેઠા.

'વિધવાથી મોટું બીજું દુઃખ ક્યુ હોય, ભાઈ... મારા ઘરનું છત્તર ગયું મારા આ બે દીકરા નોંધારા થઇ ગયાં. અત્યારે બોટાદ મારા મામાને ત્યાં જાઉં છું.'



'મામાને ત્યાં શું કરશો બહેન !'

'હું હીરા ઘસીને પૈસા કમાઇશ અને મારા આ બે દીકરાને ભણાવીશ... હું કોઇના ઉપર બોજ બનવા માંગતી નથી...' ગળામાંથી નીકળેલું ડૂસ્કુ રાજેશભાઈના હૈયાને દઝાડતું ગયું. ભગવાને કરેલો ઈશારો સમજાઈ ગયો, બસ બાકીનું આયખું આ વિધવાને મદદ કરવા ખર્ચી નાખવું... વિધવાનો ભાઈ બનીને જીવવાનો નિર્ધાર કર્યો... વિધવાને સહાયભૂત થવા સંસ્થા ઓછી છે... પોતાના હાથમાં જે બ્લાઈન્ડ સ્ટીક હતી તે હવે તેમને વિધવાના પુનર્વસન, સ્વાવલંબન અને રોજગારીની દિશામાં દોરી જતી હતી, રાજેશ રાવલે પોતાના ઘરને જ 'વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર' બનાવી દીધું. તે માટે 'નિર્ધાર' નામનું સાપ્તાહિક પણ શરૂ કર્યું, જેમાં તંત્રીપદ માટે તેમના પત્ની પારૂલ રાવલ તૈયાર થઇ ગયાં... અને વિધવા બહેનોના બાળકો માટે દિવાળીના તહેવારોમાં મીઠાઈ વિતરણ, વિધવાના બાળકોને ભણાવવા, પુસ્તક, નોટબુક અને કંપાસ જેવી સામગ્રીનું વિતરણ ઉપરાંત મેરીટ મુજબ રોકડ રકમ ! તેમની પ્રમાણિકતા અને નિષ્ઠાને કારણે ગુજરાતમાં જ નહીં, પણ ગુજરાત બહારથી પણ દાતાઓ મળતા ગયા, છેક વિદેશ દુબઈથી પણ એક દાતાએ વિધવા માટે ખટારો ભરીને બ્લેન્કેટ મોકલી આપ્યા. પ્રવૃત્તિ એટલી વેગવાન બની ગઇ કે તેમણે કોમ્પ્યુટર વસાવવું પડ્યું. વિધવાના સ્કોલર દીકરાને લેપટોપની પણ મદદ કરી... તે ખુદ જીવી ગયાં અને બીજાને પણ જીવાડતા ગયા !

તેમના કાર્યાલયે જઇ વિધવાએ એક ફોર્મ ભરી વિનામૂલ્યે સભ્ય થવાનું હોય છે, પછી સઘળી જવાબદારી રાજેશભાઈ રાવલની અને તેમના વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રની છે. માત્ર ૫૧ વિધવા બહેનોથી શરૂ થયેલું કેન્દ્ર અત્યારે ૧૦ ઉપરની સંખ્યા ધરાવે છે. તેમણે રોપેલું બીજ વટવૃક્ષ બની ગયું છે. જેની છાયામાં વિધવા બહેનોના બાળકો ભણીગણી યુનિવર્સિટીમાં નામ રોશન કરી રહ્યા છે.

અત્યાર સુધીમાં આ સેવાયજ્ઞના ભેખધારી રાજેશ રાવલને પોતાની સેવાકીય કારકિર્દી માટે ૨૦૦૯માં 'ધરતી રત્ન એવોર્ડ,' ૨૦૧૦માં 'પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા એવોર્ડ,' ૨૦૧૧માં 'દીપચંદ ગાર્ડી એવોર્ડ,' ૨૦૧૩માં 'પંડિત સુખલાલ એવોર્ડ' અને ૨૦૧૪માં 'ઝાલાવાડ સેવાભૂષણ એવોર્ડ' મળી કુલ પાંચ એવોર્ડ મળી ચૂક્યા છે.

અંતમાં તેમને લગતો ઇબ્રાહિમ અશ્કનો એક શેર યાદ આવે છે.

*હાદ સે કુછ દિલ સે એસે હોય ગયે,*
*હમ સમરકે ભી ગહરે હો ગયે.*

**(માહિતી ખાતું ગાંધીનગરથી પ્રકાશિત**
**(ગુજરાત 'પાક્ષિક'ના સૌજન્યથી)**

# એક વિરાટ વ્યક્તિત્વ : રાજેશભાઈ રાવલ

■ **સંગીતાબેન પરમાર**

રાજેશભાઈ રાવલ એક એવું વિરાટ વ્યક્તિત્વ છે કે જેમની વાણીમાં મીઠાશ છે. હૃદયમાં નારીની વેદનાને સમજવાની સંવેદનશીલતા છે. જેમણે કુદરતી આપત્તિ સામે પણ આત્મ વિશ્વાસથી પડકાર ફેંક્યો છે. આંખોની જ્યોત બુઝાવા છતાં જેઓ પોતાના સત્કર્મોની સુવાસથી લાખો જ્યોત સદાય જલતી રાખે છે. 'નિર્ધાર' સાપ્તાહિક દ્વારા સમાજમાં સ્ત્રી જાગૃતિ પર ભાર મૂકવામાં આવે છે. તો નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર દ્વારા હજારો વિધવા બહેનોના ભાઈ બની સુખ-દુઃખના સાથી બને છે. સગો ભાઈ પણ વર્ષે એકવાર રક્ષાબંધને બહેનને થોડી ઘણી મદદ કરે છે, પરંતુ રાજેશભાઈ વર્ષભર વિધવા બહેનોને મદદરૂપ થવા માટે સતત કાર્યશીલ રહે છે અને આવા ઉમદા કાર્યની વચ્ચે પણ તેમની સરળતા અને સહૃદયતા દરેક વ્યક્તિના હૃદયને સ્પર્શી જાય તેવી છે.

તેમની કાર્ય કરવાની ધગશ અને ચીવટતા બે આંખોવાળાને પણ પાછા પાડી દે તેવી છે. તેમની કાર્યશૈલી નિહાળતા એવું લાગે કે કુદરતે તેમની બે આંખો છીનવી નથી પરંતુ તેમને લાખો આંખો આપી છે કે જેના દ્વારા તેઓ વિધવા બહેનોની વેદનાને નિહાળી શકે છે અને તેમનાથી થતા તમામ પ્રયત્નો દ્વારા તેમની આંખોમાં ખુશી આપવાનો પ્રયત્ન કરે છે અને તેમના આ ઉમદા કાર્યમાં આદર્શ પુત્રની ફરજ શ્રવણની જેમ આનંદભાઈ રાવલ બજાવી રહ્યા છે. આધુનિક સમયમાં પોતાના સંતાનોને કોઇ કાર્ય સોંપવામાં આવે તો અરૂચિ દર્શાવતા હોય છે. પરંતુ આનંદભાઈ રાવલ, રાજેશભાઈ રાવલના દરેક શબ્દને પોતાની ફરજ સમજી સહર્ષ સ્વીકારે છે, ત્યારે 'નિર્ધાર' સાપ્તાહિક ૨૦૧૯ ના વાર્ષિક અંકના વિમોચન પ્રસંગે રાજેશભાઈ રાવલ આનંદભાઈ રાવલને પ્રગતિસભર ખૂબ ખૂબ અભિનંદન...

**(નિર્ધાર સાપ્તાહિકના સૌજન્યથી)**

**શુભેચ્છા સંદેશ...**

રાજેશભાઈ રાવલ ઘણા સમયથી સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવાઓ માટે અનેક સામાજિક પ્રવૃતિઓ નિર્ધાર સંસ્થાના માધ્યમથી ચલાવે છે. રાજેશભાઇ રાવલે કરેલ પ્રવૃતિઓના લીધે સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લો તેમના પ્રત્યે ગૌરવની લાગણી અનુભવે છે

રાજેશભાઈ રાવલને ષષ્ઠી પૂર્તિની શુભકામનાઓ

**છાયા શુક્લ**
સમસ્ત બ્રહ્મસમાજ મહિલાપાંખ, મંત્રી





**કુંડલ ધામ ખાતે પરમ પૂજ્ય જ્ઞાનજીવનદાસજીના સાનિધ્યમાં તેમના આશીર્વાદ અને સ્વામીજી રાજેશ રાવલનું સન્માનિત કરતા તસ્વીરમાં નજરે પડે છે**

## વગર ટ્રસ્ટે વિધવાઓનાં વૈધવ્યને વહારે વસતા એક પ્રજ્ઞાચક્ષુ શ્રી રાજેશ રાવલ

■

ગુજરાત રાજ્યમાં સેવાકીય ટ્રસ્ટોનો રાફડો ફાટ્યો છે. મોટાભાગે સેવા કરવાના શોખીનો રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ હોય છે. આવા શોખીનો પોતાના શોખ પૂરા કરવા અને શોર્ટકટમાં નાણાનાં ભંડારો ભરવા, તો ક્યારેક કાળા નાણાનું મબલખ ઉત્પાદન કરવાનું જ અઘરું કાર્ય કરતા હોવાની ચર્ચાઓ લોકમુખે હોય છે.

આવા વાતાવરણમાં સૌરાષ્ટ્રનાં સુરેન્દ્રનગરમાં એક એવા પ્રજ્ઞાચક્ષુ લોક ફરિયાદની મુલાકાતે આવ્યા. જેઓ વગર ટ્રસ્ટે સેંકડો વિધવા બહેનો કે જેઓ પર બાળકોની જવાબદારી હોય તેઓનું સંગઠન બનાવી તેઓ માટે દાનેશ્વરીઓનાં દાન હાથમાં લીધા વગર સીધું જ દાન રોકડ સ્વરૂપે નહીં પરંતુ ચીજવસ્તુઓ, અનાજ-કરિયાણું, નાના-મોટા ગૃહઉદ્યોગો, વિધવાના બાળકો માટે અભ્યાસ કરવા માટેની સામગ્રી, સ્વરોજગારી વર્કશોપ, રોગ માટેનાં નિદાન કેમ્પો સ્વરૂપે અપાવી સેવાનું ભગીરથ કાર્ય કરે છે.

શ્રી રાજેશ રાવલ નામનાં આ પ્રજ્ઞાચક્ષુ જે એક ખારા રણમાં વહેતી મીઠી વીરડી ગણાય. તેમની કાર્યશૈલી માત્ર સેવાભાવનાથી ભરેલી છે. ૧૦૫૦થી વધુ નિરાધાર વિધવા મહિલાનું એક અનોખું સંગઠન બનાવેલ છે. તેઓ આ વિધવાઓ માટે આર્થિક અનુદાન હાથમાં લેતા નથી પરંતુ જેઓ મદદે આવતાં હોય તેમનાં હાથે જ વિધવાઓની જરૂરિયાત મુજબ સેવા કરે છે.

ગુજરાત સરકાર દ્વારા વિધવા મહિલાઓને શરતોને આધિન રહી પ્રતિમાસ રૂ. ૧૨૫૦ કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના તળે વિધવા મહિલાઓને રૂ. ૨૦,૦૦૦ આર્થિક સહાય આપવામાં આવે છે. તે બંને યોજનાઓમાં તેમના દ્વારા અનુક્રમે ૯૪૦ તથા ૨૪૫ વિધવા મહિલાઓને ફોર્મ ભરાવવામાં તથા અન્ય સલાહો આપી ફાઈલો બનાવવામાં મદદ કરી સહાય આપવામાં આવે છે.

નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર નામની આ સંસ્થા દ્વારા અત્યંત દયનીય સ્થિતિ ધરાવતા નાના બાળકોની જવાબદારી જેને શિરે છે તેવી ૩૫૫ વિધવાઓનાં વૈધવ્યની વહારે વસતા પ્રજ્ઞાચક્ષુ રાજેશ રાવલની સંસ્થા દ્વારા મહિલાઓને દાતાઓનાં આર્થિક સહયોગથી અનાજ-કરિયાણાની મદદ આપવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા શિક્ષિત-અશિક્ષિત વિધવા મહિલાઓ પગભર બની તેમના બાળકોની આવતીકાલને ઉજ્જવળ બનાવવા પ્રયત્નશીલ થાય તે માટે તજજ્ઞોની મદદથી તેમજ વિવિધ સંસ્થાનાં સહયોગથી વિવિધ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે. તે અંતર્ગત ૧૬૦ વિધવા મહિલાઓને વિવિધ ઉદ્યોગો અંગેની



તાલીમ આપી પગભર કરવામાં આવેલ છે.

વિધવા મહિલાઓ કે જેઓની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોય તેમનાં બાળકોનાં શિક્ષણ માટે પ્રતિવર્ષ નોટબુકો-કંપાસ બોક્સ-લંચબોક્સનું વિનામૂલ્યે વિતરણ છેલ્લા દશ વર્ષથી કરવામાં આવે છે તેમજ ૭૫ ટકાથી વધુ માર્કસ મેળવનાર બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા અત્યંત વિષાદમાં જીવન વ્યતીત કરતી વિધવા મહિલાઓને માનસિક શાંતિ પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુથી એક-એક દિવસની ધર્મયાત્રાનાં આયોજનો સમયાંતરે દાતાઓનાં આર્થિક સહયોગથી કરવામાં આવે છે.

આ ઉપરાંત પ્રતિવર્ષ સ્વરોજગાર વર્કશોપ, સ્ત્રીરોગ માર્ગદર્શન શિબિર, ધાર્મિક તહેવારો પર મીઠાઈ, ફરસાણ વિતરણ, ઉત્તરાયણ પર્વ પર ઊંધિયા-લાડુનું વિતરણ, ધંધા-રોજગાર માટે સાધન સહાયનું વિતરણ, તેજસ્વી બાળકોના શિક્ષણ માટે સહાય, બાળકો માટે કોમ્પ્યુટર પ્રેક્ટીસ કેન્દ્ર વિગેરે પ્રકારનાં કાર્યો પણ સીધા જ દાતાઓનાં આર્થિક સહયોગથી તેમના હાથે જ હાથ ધરવામાં આવે છે.

વિધવા મહિલાઓનાં કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે પ્રજ્ઞાચક્ષુ લેખક અને નિર્ધાર સંસ્થાના સ્થાપક શ્રી રાજેશ રાવલને આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'ધરતી રત્ન એવોર્ડ' રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રીમતિ કમલા બેનીવાલનાં હસ્તે અર્પણ કરવામાં આવેલ.

નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર જેવા સંસ્થાપક શ્રી રાજેશ રાવલ તથા સંયોજક શ્રી પારૂલ રાવલનાં આ ભગીરથ સેવાકાર્યોમાં સમાજ સેવક જૈન અગ્રણી મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ ચંદ્રકાંત દેસાઇ, ડૉ. કે.એલ. મહેતા, મીનાબેન મહેતા તથા હરેશભાઈ રાવાણી, મુંબઇનાં સમાજ સેવક-ચિંતક ચિમનભાઈ મહેતા, માનવ જ્યોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી શ્રી કે.સી. લુઠિયા, સુરેન્દ્રનગરનાં પૂર્વ ધારાસભ્ય ધનરાજભાઈ કેલા, રાજકોટનાં સમાજ સેવક ચંદ્રકાંતભાઈ શાહ, સુરેન્દ્રનગરનાં હસુભાઈ એમ. શાહ અને કુશળ તબીબ ડૉ. પી.સી. શાહ, સમાજ સેવક મોહનભાઈ પટેલ અને ભવાનીસિંહ મોરી, રજનીકાંત ખાટડિયા વિગેરે સંસ્થાના સલાહકારો તરીકે સેવા બજાવે છે.

**(લોક ફરિયાદ પાક્ષિકના સૌજન્યથી)**

# એક અદકેરા માનવી

■ **મીનાબેન કે. મહેતા**

વિધવા બહેનોના લાડીલા વડિલબંધુ રાજેશભાઈ રાવલ...

આપને ગમતું નથી કે કોઇની આંખમાં દુઃખના અશ્રુ આવે, કોઇ નોધારા બની જાય, પણ આપણે કશું કરી શકતાં નથી. પણ ઇશ્વરે એક અદકેરા માનવીને બીજાને આધાર આપવા કહ્યું અને અશ્રુ લુછવા પસંદ કર્યા. એ અદકેરા માનવીને થયું કે ઇશ્વરે મારી પસંદગી ભલે કરી પણ હું પોતે તો પ્રજ્ઞાચક્ષુ છું. હું કેવી રીતે કરી શકીશ ? ઇશ્વરે જવાબ આપ્યો તું પ્રજ્ઞાચક્ષુ ભલે છો પણ તારી કરૂણા. તારા પોતાના પરનો આત્મવિશ્વાસ અને નિસ્વાર્થ સેવાની ભાવના મેં ઓળખી લીધી છે અને મે બરાબર પસંદગી કરી છે. ઇશ્વરે કહ્યું, 'વત્સ ! મારા તને આશિષ છે કે તું હંમેશા વિધવા બહેનો માટે તારાથી બનતું બધું જ કરી શકશે અને તેમાં તને બીજા બહેનો, દાતાઓ વગેરે પણ સહાય કરશે - અને બીજા આવા જ એક મહાનુભાવ પ્રજ્ઞાચક્ષુ પંકજભાઈ ડગલી અને મુક્તાબેન ડગલી માર્ગદર્શન આપશે. જા, આજથી તને હું નિર્ધાર સંસ્થા સ્થાપવાના અને એના માટેના તમામ સેવાકીય કાર્ય માટે આશિષ આપું છું. તને ક્યારેય એમ લાગે કે હું પોતે મારા અશ્રુ નથી લૂછી શકતો તો બીજાના અશ્રુ કેવી રીતે લૂછીશ ! ત્યારે, યાદ રાખજે કે તારા અશ્રુ લુછવા હું મારા હજાર હાથનો ઉપયોગ કરીશ. તું તારા ટેરવાને મજબૂત બનાવી શકીશ અને બીજાનાં અશ્રુ લુછી શકીશ.' ત્યારથી બસ, આ અદકેરા માનવી રાજેશભાઈ વિધવા બહેનો માટે એક પછી એક એવી સરસ પ્રવૃત્તિ કરે છે. બહેનો યાદ રાખજો તમે નિરાધાર નથી, એકલા નથી. તમને આધાર આપવા રાજેશભાઈ અને કાર્યકર બહેનોની ફોજ તમારી સાથે છે.

બહેનો રાજેશભાઈની પ્રેરણાથી તમે તમારી તમામ શક્તિ અને પરિશ્રમથી તમારા નાના-મોટા કાર્યમાં સફળતા મેળવી આગળ ને આગળ વધતા રહેજો. નારી શક્તિ અમાપ છે જ . એને જાગૃત કરી ઓશિયાળા બન્યા વગર મહેનત કરજો. તમારી મહેનત ચોક્કસ રંગ લાવશે. કેમ કે

*જિંદગી બહોત કુછ શીખાતી હૈ,*
*કભી હસાતી હૈ, કભી રૂલાતી હૈ,*
*પર જો હર હાલમે ખુશ રહેતે હૈ*
*જિંદગી ઉનકે આગે સર ઝુકાતી હૈ.*

ઇશ્વરે ફક્ત રાજેશભાઈને જ કામ નથી સોંપ્યું. સમાજે પણ આમાં આગળ આવી તન, મન અને ધનથી સહકાર આપવો પડશે અને બહેનોને ફક્ત મદદ કરવાના બદલે તેને પગભર કરવાના પ્રયત્નો કરવા પડશે. સંસ્થા જે પુનઃવિવાહનું કાર્ય કરે છે તેમાં પણ સહકાર આપવો પડશે. બહેનો પાસે જે શક્તિ છે તેનો ઉપયોગ કરી તેને વધારે ને વધારે રોજીરોટી મળે તેના માટે દરેક રીતે સહકાર આપવો પડશે. વિધવા બહેનોના બાળકોને સારૂં શિક્ષણ મળી શકે, વિધવા બહેનોની દીકરી સારી જગ્યાએ સારી રીતે પરણી શકે તેના માટે પણ સમાજે નિર્ધાર સંસ્થાને સહકાર આપવો જોઇએ.



બહેનો તમને ખાસ કહેવાનું છે કે જેમ રસ્તા પર વળાંક એટલે રસ્તાનો અંત ન ગણાય તે જ રીતે જીવનમાં એક ખરાબ વળાંક આવ્યો છે તેને જીવનનો અંત ન ગણાય. ભલે સ્હેજ અત્યારે ગતિ ધીમી પડે પણ પછી તો સડસડાટ ચાલવું જ પડશે ને ? અને એના માટે બીજાની મદદ લેવી પડે તો વાંધો નહિ પણ અંતે તો સ્વનિર્ભર થઇ સફળતા મેળવવી જ પડશે.

ઇશ્વરને હું વારંવાર પ્રાર્થના કરૂં છું કે 'રાજેશભાઈ તમને તંદુરસ્ત દીર્ઘાયુ મળે અને તમે વધારે ને વધારે વિધવા બહેનોના રાહબર બની તેમને મજબૂત સહારો આપી સક્ષમ બનાવો.' રાજેશભાઈ તમારા માટે બીજું તો શું કહેવું ?

પલક ઝૂકે અને નમન થઇ જાય,
મસ્તક ઝુકે અને વંદન થઇ જાય
એવા શ્રી રાજેશભાઈને સાદર પ્રણામ.

**(નિર્ધાર સાપ્તાહિકના સૌજન્યથી)**

**શુભેચ્છા સંદેશ...**

અડગ, સૌહાર્દપૂર્ણ અને કર્મઠ વ્યક્તિત્વ શ્રી રાજેશભાઈ રાવલ સહુને સાથે રાખીને પ્રવૃત્તિ કરનારા અને જીવનની અનેક વિટંબણાઓ વચ્ચે શ્રી રાજેશભાઈ રાવલ.

જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ ૬૦ વર્ષ પૂર્ણ કરીને ૬૧ માં મંગલ વર્ષમાં પ્રવેશ કરે છે. તે નિમિતે તેમની ષષ્ટિપૂર્તિ આપણને પણ ગૌરવાન્વિત કરે છે. સમાજ સેવા, સાહિત્ય સેવા, શિક્ષણ સેવા, વિધવાઓની સેવાનો જીવનમાં મોટા નિર્ધાર કરનાર બહુવિધ પ્રતિભા ધરાવતા શ્રી રાજેશભાઈ રાવલ નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર, નિર્ધાર સાહિત્ય વર્તુળ અને નિર્ધાર સાપ્તાહિકના સર્વેસર્વા છે.

શ્રી રાજેશભાઈ રાવલ એમની સતત સંતર્પક ધબકતી પ્રવૃત્તિઓથી ઓળખાય છે એ પરિચયના મોહતાજ નથી. પ્રવૃત્તિઓ જ એમનો પરિચય છે. કાર્યક્રમ નાનો હોય કે મોટો હમેશા એ કોઈને ભૂલતા નથી. આમંત્રણ સાથે ફોન પર આગ્રહભર્યો એમનો ટહુકો પણ સાંભળવા મળે. રાજેશભાઇ વિશે મારો અનુભવ એજ કે સંસ્થાની ધબકતી પ્રવૃત્તિ એજ એમનો નિર્ધાર છે. મેં એમને રચનાત્મક અને સેવાકીય પ્રવૃત્તિ વિશે સતત વિચારતા અને ચિંતા કરતા જોયા છે.

ગૌરવની વાત તો એ છે કે તેમના સુપુત્ર આનંદ રાજેશ રાવલ પણ સાંગોપાંગ આ પ્રવૃત્તિમાં એવા જ સંવેદન સાથે સમાજ ઉત્થાનના પ્રયોજન સાથે દરેક કાર્યોમાં સક્રિય રહ્યા છે. શ્રી રાજેશભાઈ રાવલને દેવાધિદેવ મહાદેવ અને માં સરસ્વતી, સમાજ કલ્યાણના કાર્યો માટે પ્રેરણા અને સહાય આપતા રહે એવી લાખ લાખ શુભેચ્છાઓ.

**ડૉ. નરેન્દ્ર રાવલ**

## નયન ખોયા પછીનું સુખ !

**■ સ્વ. સુમંત રાવલ**

ફોન કરીએ એટલે સામો પ્રશ્ન થાય 'હલ્લો કોણ ?'

'હું સુમંત રાવલ !'

'જય હો... જય હો...' આ ખાસ લહેકાવાળો અવાજ હૃદયને સ્પર્શી જાય. આ અવાજ છે રાજેશ રાવલનો. 'સારું કર્યું સુરદાસને યાદ કર્યો !' રાજેશ રાવલ સુરદાસ નહોતા, તે સમય મને યાદ છે. ૧૯૯૨ સુધી હું સુરેન્દ્રનગરમાં હતો. જિલ્લા પંચાયતમાં નાયબ ચિટનીસની ફરજ બજાવતો હતો અને જીનતાન રોડ પરના આનંદ પાર્કમાં તે સાંઇઠ નંબરના સીંગલિયા મકાનમાં સહપરિવાર રહેતો હતો. તે વખતે રાજેશ રાવલનો સંપર્ક થયો હતો. પ્રભાવશાળી ચહેરો, માથા પર ટૂંકા વાળ, સશક્ત શરીર અને લાગણીભીનો અવાજ. તે વખતે તેમને આંખો હતી. જોઈ શકતા હતા. તેમના પિતાશ્રી સાથે હું સાહિત્યિક વાર્તાલાપ કરવા તેમના ઘેર જતો. ત્યારે પિતાશ્રીના કરાંચીના નિવાસ દરમિયાનના બહુ જૂના અખબારો મને બતાવ્યા હતા. જે આઝાદી પહેલાંના હતાં ! પિતાની જેમ પુત્ર રાજેશ રાવલ પણ સાહિત્યક જીવ. તે વખતે તેમની આંખો પર વાદળી કાચના ચશ્મા નહોતા, પણ હા, હોઠો પર સ્મિત હતું, જે હજુ ય અકબંધ રહી ગયું છે.

'પેરેડાઈઝલોસ્ટ'ના લેખક મિલ્ટને નોંધ્યું છે કે ઇશ્વર બે પ્રકારના ચક્ષુ આપે છે. એક બાહ્ય અને બીજા આંતર ચક્ષુ ! બહારની આંખોમાં પડળ બંધ થાય ત્યારે જ અંદરની આંખોના પડળ ખૂલે છે. આંખો હતી ત્યારે મિલ્ટને જે 'પેરેડાઈલોસ્ટ'ના પ્રકરણો લખ્યા તે આંખો ગુમાવ્યા પછી લખેલ પ્રકરણો જેટલા મર્મસ્પર્શી નથી બન્યા.

વાત વિધવા સહાયક રાજેશ રાવલની ! જેમની આખો અચાનક છીનવાઈ ગઈ. એ ગોઝારી તારીખ હતી બીજી એપ્રિલ બે હજાર બે. જે બાબુલાલ પટેલની ગઝલ પંક્તિ જેવું થયું. 'સાવ સામા વાયરે દોડી ગયો, હાથમાં દીવો હતો ભૂલી ગયો...' આમ તો આંખોમાં દીવો અચાનક બૂઝાઈ ગયો, જાણે મધરાતે કમરામાં ઉજાસ પાથરતો બલ્બ ફૂટી ગયો. પૂર્વાકાશમાં ઉગતો સૂરજ અચાનક ડૂબી ગયો. આંખો ગયા પછી રાત-દિવસ સતત વિચારો આવતા રહ્યાં, શું કરવું ? એ પ્રશ્ન સતાવતો હતો.

અચાનક આંખો સામેના કાળા અંધકારમાં લિસોટો પડ્યો અને એક દૃશ્ય ખૂલતું હતું. ૧૯૮૮નું વર્ષ સુરેન્દ્રનગરથી બોટાદ જતી ટ્રેઈન... એ ડબ્બો જેમાં ત્રીસ વરસના વિધવા રેખાબેન બેઠા હતા. કરુણ ચહેરો લઈને ! જે તેમના બે જોડિયા બાળકોને જીવાડવા માટે બોટાદ હીરા ઘસવાના કારખાનામાં મજૂરી કામ કરતાં હતાં. હીરાની જેમ પોતાની જાત ઘસીને તે બાળકોને ઉજળા બનાવવા મહેનત કરી રહી હતી. આ દૃશ્યે રાજેશભાઈના દિમાગમાં એક પ્રેરણા આપી. સવારે ઊઠ્યા ત્યારે તે તરોતાજા થઇ ગયા હતા. અંધ



આંખોના પડળ ખૂલી ગયા હતા અને જીવવાનો એક મકસદ મળી ગયો હતો. વિધવાઓનો સહારો બનવાનો 'નિર્ધાર' કર્યો.

પોતાના ઘેર 'રાજેશ નિવાસ'માં જ કાર્યાલયની સ્થાપના કરી, જે સવારથી રાતના દસ સુધી ખુલ્લું રહે છે. તે વખતે ખબર પડી કે આ દેશમાં કેટલી બધી વિધવા નિરાધાર થઈ પોતાની આજીવિકા માટે ઝૂરી રહી છે. ચારસો પાંસઠ વિધવાઓ માટે પેપર વર્ક કરીને પેન્શન શરૂ કરાયું. વિધવાના સંતાનોને સ્કૂલની નોટબુક, પુસ્તક, દફતર, શૈક્ષણિક કિટ આપવાના કાર્યક્રમો શરૂ કર્યા. દિવાળીના દિવસે બાળકોને મિઠાઈના બોક્સ વિતરણ કરવામાં આવે છે.

મકરસંક્રાન્તિએ લાડવા તથા ઉંધિયાનું વિતરણ કરવું, વિધવા બહેનોને પગભર કરવા રોજગારીના સાધનો, તદુપરાંત જરૂરિયાતમંદ વિધવા મહિલાઓને રેશનકીટ, સાડી વિતરણ તેમજ દર્શનયાત્રા યોજી જુદા જુદા ધાર્મિક સ્થળોની મુલાકાત, શૈક્ષણિક લાયકાત અનુસાર તાલીમ વર્ગો યોજી મહિલાને તાલીમબધ્ધ કરવી. રાજેશ રાવલ અને તેમના સેવાભાવી મિત્રોએ વિધવા માટે જબરજસ્ત અભિયાન હાથ ધર્યુ છે. રાજેશભાઈને રાજ્યપાલના હસ્તે 'ધરતી રત્ન એવોર્ડ' અને સામાજિક કાર્યકર ચંદુભાઈ શાહના વરદ્ હસ્તે 'ગાર્ડી સેવા રત્ન' પ્રાપ્ત થયા છે. હવે જ્યારે ફોન પર તેઓ કહે છે કે, સુમંત રાવલની જય હો... ત્યારે મારો પ્રત્યુત્તર છે કે, 'જય મારી નહિ, પણ રાજેશ રાવલની જય હો. કારણ કે મારા જેવા સાધારણ લેખકને લેખ લખવા માટે એક અવિસ્મરણિય ઘટના તેમના જીવન દ્વારા પ્રાપ્ત થઇ છે. જે કામ અમારા જેવા દેખતા ન કરી શક્યા, તે કામ એક અંધે કરી બતાવ્યું. એક સુરદાસે વગર રાવણહથ્થાએ ગાઇ બતાવ્યું. તેમની દૃષ્ટિ ભલે છીનવી લીધી, પણ તેના બદલામાં અનેક ઘણી સિધ્ધી આપી દીધી.'

*'આ જ નયન જે ઝંખતા'તા સુખ વધુ*
*તે મળ્યું અમને નયન ખોયા પછી.'*

**('સમય' સાપ્તાહિકના સૌજન્યથી)**

**શુભેચ્છા સંદેશ...**

શ્રીમાન રાજેશભાઇ રાવલ એટલે સુરેન્દ્રનગરની ધરતીનું એક એવું રત્ન કે જેના પર સમગ્ર ઝાલાવાડને ગૌરવની લાગણી અનુભવાય છે.

વિધવાઓની સહાયથી માંડીને અનેક સામાજિક પ્રવૃતિઓ સાથે જોડાયેલા રાજેશભાઇ રાવલ સમાજ સેવા કરવા માંગતા અનેક લોકો માટે પ્રેરણા સમાન છે. રાજેશભાઇ રાવલને જીવનના ૬ દાયકાની મજલ પુરી ક્ર્યાની શુભકામનાઓ...

**વિશ્વાસ શુક્લ**
**પત્રકાર**

## ૫૧ થી શરૂ થયેલ આજે ૧૦૯૫ વિધવા મહિલાઓના વટવૃક્ષ સમાન બન્યું વિધવાનું પિયર એટલે નિર્ધાર વિધવા મહિલા કેન્દ્ર

■

સુરેન્દ્રનગરનું નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર ભાંગેલી મહિલાઓનું ભેરૂ બન્યું છે. વર્ષ ૧૯૯૯માં શરૂ કરાયેલ સંસ્થામાં આજે ૧૦૯૫ જેટલી વિધવા મહિલાઓ જોડાયેલી છે. વિધવા મહિલાઓના સ્વાવલંબન, રોજગારી અને પુનઃવસન માટે વિવિધ પ્રવૃત્તિ સાથે વાર-તહેવારે તેઓને વિવિધ ચીજવસ્તુઓ આપીને પગભર બનાવાય છે.

વિધવા શબ્દ સાંભળતા જ મનમાં દુઃખની અનુભૂતિ થાય છે. હૈયું ગદ્‌ગદિત થઈ ઊઠે છે. આંખ અશ્રુથી છલકાઈ જાય છે, ત્યારે વર્ષ ૧૯૯૯માં ટ્રેનમાં મુસાફરી દરમિયાન સુરેન્દ્રનગરમાં રહેતા રાજેશભાઈ રાવલને સામે બે નાના બાળકો સાથે બેઠેલી વિધવા મહિલાઓને જોઈને આમનું કોણ તેવો વિચાર આવ્યો હતો. આ વિચાર માત્રથી તેઓએ સુરેન્દ્રનગરમાં વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રની સ્થાપના કરી હતી. શરૂઆતમાં સોસાયટી, ઘેર-ઘેર ફરીને ૫૧ મહિલાઓનું રજીસ્ટ્રેશન કરાવી સંસ્થાની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૨માં બંને આંખે અંધ થયા બાદ પણ રાજેશભાઈએ વિકલાંગતા તનની પણ મનની નહીં માનીને પોતાના સેવાકાર્યને આગળ ધપાવવાનું શરૂ રાખ્યું હતું. ૫૧ મહિલાઓથી શરૂ થયેલ સંસ્થામાં આજે ૧૦૯૫ જેટલી મહિલાઓ જોડાયેલી છે. મહિલાઓને અનાજની કિટ સહિતની ચીજવસ્તુઓ, સંતાનોને શૈક્ષણિક કિટ, મીઠાઈ, કપડાં વગેરે આપીને સંતોષ ન માની સંસ્થા દ્વારા મહિલાઓને સિવણ, બ્યુટી પાર્લર, કૉમ્પ્યુટર જેવા વિષયોની તાલીમ આપીને પગભર બનાવવામાં મદદ કરવામાં આવે છે.

*સામાન્ય રીતે સંસ્થામાં ૧૦૯૫ બહેનોમાં દરેક જ્ઞાતિની મહિલાઓનો સમાવેશ થાય છે, પરંતુ રૂઢિચુસ્ત રિવાજો અને સામાજિક જીવનને ધ્યાને લઇ અમુક જ્ઞાતિની વિધવા મહિલાઓને સંસ્થા સાથે જોડવામાં કોઇવાર તકલીફ પડે છે. આ મહિલાઓ ઘરની બહાર નીકળી શકતી ન હોવાના લીધે તેમને ઘેર બેઠા ચીજવસ્તુ પહોંચાડવાનું કામ સંસ્થા દ્વારા કરાય છે. – **રાજેશભાઈ રાવલ***

*મારા પતિનું વર્ષ ૨૦૦૭માં બીમારી બાદ અવસાન થતાં ૮ વર્ષની દીકરી અને ૭ માસના દીકરા સહિતની જવાબદારી માથે આવી પડી હતી. ત્યારે સંસ્થાની મદદથી મળેલ સિલાઇ મશીનથી રોજગારી મેળવી હાલ બંને બાળકોને અભ્યાસ કરાવું છું. ખરેખર, નિર્ધાર વિધવા કલ્યાણ કેન્દ્ર ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન છે.* *– **આરતીબેન ખોડકિયા***

('દિવ્ય ભાસ્કર'ના સૌજન્યથી)





ઝાલાવાડના વરિષ્ઠ પત્રકાર ભાનુભાઇ શુક્લના દિકરા રાહુલભાઈ શુક્લ દ્વારા 'ઝાલાવાડનું સોનુ ૨૦૧૭' એવૉર્ડ નિર્ધારના સ્થાપક રાજેશ રાવલને રાહુલભાઈ શુક્લ, સુરેન્દ્રનગરના એસ.પી. દિપકકુમાર મેઘાણી, આંતરરાષ્ટ્રીય હાસ્યકલાકાર ડૉ. જગદીશ ત્રિવેદી, ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલના વરદ્ હસ્તે એવોર્ડ આપતાં તસ્વીરમાં નજરે પડે છે

## માનવતાના મોંઘેરા કાર્યોનો સાચો સાથીદાર...

■ અનોપચંદ ખેમચંદ શાહ, જૈન વર્લ્ડ વિઝન-મુંબઇ
(પૂર્વ ધારાસભ્ય /સાંસદ-મુંબઇ)

નિરાધાર વિધવા - દીન દુખિયારી બહેનોનો સધિયારો એટલે ગુજરાતના સુરેન્દ્રનગરના એક નાનકડા ખૂણે બેસી કાર્યરત એવો માનવતાનો મહેકતો બગીચો શ્રી રાજેશ રાવલ. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં આજે જે કાર્ય કરી રહેલ છે તે જોયા પછી - જાણ્યા પછી વંદન કરવાનું મન થાય તેવો આ મહામાનવ છે. માત્ર ૪૦ વર્ષની ઉંમરે એકાએક આંખની રોશની ચાલી જાય છે અને જીવનમાં અંધકાર છવાઈ જાય છે ત્યારે શ્રદ્ધાના સહારે આ માનવીએ અનેક તકલીફો વચ્ચે - વિકટ સંજોગો વચ્ચે વિચાર કર્યો કે મારે તો હવે નિરાશાને હટાવી - દિવ્યચક્ષુના સહારે માનવતાની સેવા કરવી છે.

પત્ની પારૂલબેન શરૂઆતમાં થોડા હતાશ થયા. અંધ પતિનો સહારો બનવાનું હતું. બે દીકરીઓ દિપાલી અને ઉર્વી તથા દિકરા આનંદને ઉછેરવાના હતા. ૮૦ વર્ષની વૃદ્ધ માતા અને બે દિકરીઓના સંસારને ચલાવવાનો હતો. પરંતુ આ આદર્શ સન્નારીએ ગભરાયા વગર પતિના સેવાયજ્ઞમાં સામેલ થઇ 'ચક્ષુ ગુમાવનાર' જીવનસાથીના 'ચક્ષુ' બનીને જીવવાનો મક્કમ નિર્ધાર કર્યો.

પ્રજ્ઞાચક્ષુ સેવા કેન્દ્રના શ્રીમતિ મુક્તાબેન ડગલી અને પંકજભાઈ ડગલી જેવા પ્રજ્ઞાચક્ષુ દંપતિમાંથી પ્રેરણા મેળવી અને નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રની સ્થાપના કરી. આ સંસ્થા દુઃખિયારી - દુભાયેલી - નાની ઉંમરે વૈધવ્ય પ્રાપ્ત કરનારી બહેનોને સ્વાવલંબનના પાઠ શીખવાડે છે. તેઓને રોજગારી પૂરી પાડે છે. તેઓનું પુનઃર્વસન કરે છે. તેઓ - રાજેશભાઈ પોતે કહે છે કે મારી આંખની રોશની પાછી લાવવા મારા પત્ની પારૂલે પોતાનું સ્ત્રીધન વેચીને પણ સારવાર કરાવી હતી અને આ સારવાર બાદ કોઇ જ પરિણામ ન આવ્યું ત્યારે તેઓને એક જ વિચાર આવ્યો આ વિશ્વફલક પર હું એક જ અંધ નથી. મારા જેવા અનેક અંધજનો જીવી રહ્યા છે, મારે નિરાશા ખંખેરી કોઇ માનવતાનું કાર્ય શરૂ કરવું જોઇએ.

જીવનમાં કોઇ એકાદ ઘટના એવી બને છે કે તેની અસર ક્યારેક માનવીનું જીવન પલટી નાંખે છે. એવું જ કાંઇક રાજેશભાઈના જીવનમાં બન્યું. આજે તેઓ નિર્ધાર વિધવા બહેનોનો સહારો બનીને જીવી રહ્યા છે. નાના નાના ગામડામાં બબ્બે કે ત્રણ ત્રણ સંતાનોની માતા જ્યારે કોઇ કર્મના-નબળા કર્મના ઉદયે પતિનું શિરછત્ર ગુમાવે છે ત્યારે તેનો સહારો બનતી આ સંસ્થા એટલે હતાશા - નિરાશા - હતપ્રભ સ્થિતિમાંથી બહાર આવી માનવતાના કાર્યો કરતા શ્રી રાજેશભાઈ તેમનો સહારો બની જાય છે.

આ નિર્ધાર મહિલા કલ્યાણ કેન્દ્ર દુભાયેલી - નાની ઉંમરે વિધવા થયેલી - અક્ષરજ્ઞાન વિનાની બહેનો માટે સ્વરોજગારની તક પૂરી પાડે છે. દર વર્ષે લગભગ ૨૫થી ૩૦ બહેનોને વ્યાજમુક્ત લોન આપી સ્વાવલંબી બનાવવા પ્રયત્ન કરે છે. આવા પરિવારના સંતાનોને અભ્યાસ માટે સહાય કરે છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડે છે. ખરેખર આ સંસ્થા પોતાના નામ પ્રમાણે કામ કરી રહી છે તેમાં



રાજેશભાઈનો ફાળો નાનો-સૂનો નથી. રાજેશભાઈ આ સંસ્થાના પ્રાણસમા છે. તેઓએ વર્ષ ૧૯૯૯માં સ્થાપેલી આ સંસ્થા લગભગ છેલ્લા બે દાયકાથી પોતાના કાર્યોની સુવાસ વિવિધ મોટા શહેરો સુધી પ્રસરાવે છે. લોકો આવે છે, સંસ્થાના કાર્યને બિરદાવવા આર્થિક અનુદાન આપી પ્રોત્સાહન આપી સંતોષ અનુભવે છે.

તેઓનું જીવન આજે અનેક માનવતાના કાર્યોથી ભરેલું બની ગયું છે. અનેક વિધવા બહેનો માટે રાજેશભાઈ 'મસીહા' બની ગયા છે. અંધ આંખો પણ બધું જ સમજી શકે છે. દિવ્ય ચક્ષુથી જોઇ શકે છે - આત્મબળથી કાર્યરત રહી શકે છે. અન્ય પ્રજ્ઞાચક્ષુઓને માટે પથદર્શક બની ગયા છે. માનવતાના અનેક કાર્યો કરવાની તમન્ના સાથે જીવનના દિવસો પસાર કરી પ્રભુનો પાડ માની રહ્યા છે. આવા એક નાનકડા 'ઘર દિવડા'ની વાતો જૈન વર્લ્ડ વિઝન પરિવાર માટે રજૂ કરી ધન્યતા અનુભવીએ છીએ. શ્રી રાજેશભાઈને આપણા પરિવાર તરફથી અંતરની શુભેચ્છા પાઠવીએ છીએ. 'તુમ જીઓ હજારો સાલ, સાલ કે દિન હો પચાસ હજાર.'

**(જૈન વર્લ્ડ વિઝન-મુંબઇના સૌજન્યથી)**

## આદર્શ કર્મયોગી - શ્રી રાજેશ રાવલ

ભાઈશ્રી રાજુભાઈ રાવલ સાથે ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૧ થી ૫ માર્ચ ૨૦૧૪ સુધી સુરેન્દ્રનગર ખાતે સર્વિસ કરવાનો મારો સમય હતો. આ સમય દરમિયાન ભાઈશ્રી રાજુભાઇના સ્વભાવ, સંસ્કાર, કાર્યનિષ્ઠા કાર્ય કરવાની આગવી પદ્ધતિ, લોકો સાથે ખુબ સારા સંબંધો વગેરે બાબતો નોંધનીય છે. ભાઈ શ્રી રાજુભાઇનો સ્વભાવ હંમેશા બીજાને ઉપયોગી થવાનો છે, બીજાના દુઃખમાં ભાગીદાર થઈ તેમને મદદ કરવાનો તેમનો સ્વભાવ છે.

ખાસ કરીને ક્યેરીની વાત કરીએ તો ખેડુત તાલીમ કેન્દ્રમાં અને તેમાં પણ ખાસ કરીને બહેનોના વર્ગ માટેની કામગીરીમાં તેમની જવાબદારી ન હોવા છતાં જવાબદારી લઇ ઉત્તમ કામગીરી તેઓએ કરેલ છે. તેઓ ઉત્તમ વક્તા છે, તેઓ હંમેશા બીજાને ખૂબ ગમે તેવી ભાષા વાપરે છે. વધુમાં તેઓ નિર્ધાર સંસ્થા ચલાવી રહ્યા છે તે કામગીરી આ કળિયુગમાં ખુબ જ સરાહનીય છે. તેઓના તમામ કાર્યોને હું બિરદાવું છું અને આનાથી પણ સારી કામગીરી, સારા કાર્યો, સારી લોક સેવા તેમનાથી થાય તેવી ઇશ્વર તેમને શક્તિ આપે અને તેમનું જીવન તંદુરસ્ત ભર્યું રહે તેવી મારી હૃદયપૂર્વકની શુભેચ્છા.

મારી સમગ્ર નોકરીના કાર્યકાળ દરમિયાન જે ગણ્યાગાંઠ્યા કર્મચારી મિત્રો કે જેઓ ને ભૂલી ન શકાય તે પૈકીના એક શ્રી રાજુભાઈ રાવલ છે. નીચેના બે દુહા શ્રી રાજુભાઇ માટે રજુ કરું છું. ***આણંદ કે પરમાણંદા માણસે માણસે ફેર, એક લાખો દેતા ના મળે (રાજુભાઈ રાવલ જેવા લાખો દેતા ના મળે) અને બીજા તાંબિયાના તેર એક આવે દુઃખ ઉપડે, એક આવે દુઃખ જાય, એક પરદેશ બેઠો સાંભરે (રાજુભાઈ રાવલ પરદેશ બેઠો પણ સાંભરે), એક પાસે ન પોસાય.***

**એન. જે. ગોહેલ**
રીટાયર્ડ જિલ્લા ખેતીવાડી અધિકારી-બોટાદ

## વિરલ વ્યક્તિત્વ : રાજેશ રાવલ

**■ મનોજ પંડ્યા**

રાજ્યમાં કદાચ કોઇક જ એવી સેવાભાવી સંસ્થા હશે કે જે સુરેન્દ્રનગરના નિર્ધાર મહિલા કલ્યાણ કેન્દ્રનાં સંસ્થાપક રાજેશભાઈ રાવલને નહીં ઓળખતી હોય તેમને સન્માન્યા ન હોય.

તા. ૨૮-૦૧-૧૯૬૨માં પિતા પ્રેમશંકરભાઈ ત્રિભુવનભાઈ રાવલને ત્યાં (જેમણે સાહિત્ય જગતમાં કવિ પરિમલકાન્ત રાવલ તરીકે ઓળખવામાં આવે છે) જન્મેલા રાજેશભાઈને સાહિત્ય ક્ષેત્રે કામ કરવાનો વારસો તેના પિતાશ્રી તરફથી વારસામાં મળ્યો છે. તેઓએ સાહિત્ય મોરી, મહિલા વિભાગ, વિરપૂરવાણી (મુંબઇ) બાળ વિભાગ તેમજ સુરેન્દ્રનગર રાઉન્ડઅપ જેવા વિવિધ વિષયોનું તેમણે લેખન અને સંપાદન કરેલ છે અને છેલ્લે ૧૯ વર્ષથી નિર્ધાર સાપ્તાહિકના પરામર્શક તરીકે સેવા બજાવે છે. તેમણે તેમના પિતા કવિ પરિમલકાંત રાવલ રચિત અને અપ્રગટ કાવ્યોનું કાવ્યસંગ્રહ 'પ્રેમનયનમાં'નું સંપાદન તેમને સ્મરણાંજલિ સ્વરૂપે અર્પણ કર્યું ને પિતૃઋણ અદા કર્યું.

ફક્ત ૪૦ વર્ષની ઉંમરે દૃષ્ટિ ગુમાવ્યા પછી રાજેશભાઈ રાવલ નિરાશ થયા વગર એવામાં સક્રિય બન્યા અને વૈધવ્ય કાને પડતા જ કાળઝાળ પથ્થર જેવું હૃદય ધરાવતા માનવી પીગળી જાય છે. એવામાં ખમીરવંતી ઝાલાવાડી ધરતીમાં વસતા પતિના મૃત્યુથી ભાંગી પડેલ વિધવા મહિલાઓને સહાય કરવા માટે નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર નામની સંસ્થાની સ્થાપના કરી અને આ સંસ્થા અંતર્ગત અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે વિધવા મહિલાઓને સરકાર તરફથી મળતી આર્થિક સહાય અપાવવા મદદરૂપ થવું, સંસ્થા તરફથી અનાજ-કરિયાણાની સહાય, પુનર્વસન માટેનું આયોજન, બાળકો માટે શિક્ષણકિટ, ધર્મયાત્રા, પ્રવાસો, વિનામૂલ્યે મીઠાઈ ફરસાણ વિતરણ, ધંધા-રોજગાર માટે સાધન સહાય, ઉત્તરાયણ પર્વે ઉંધિયું-લાડુનું વિતરણ, તેજસ્વી બાળકોને સ્કોલરશિપ, કરિયાવર વિતરણ, પ્રસૂતિ સહાય, વ્યાજમુક્ત લોન વગેરે વિધવા મહિલા તથા તેમના પરિવાર માટે મદદરૂપ થવાની ભાવના સેવતા રાજેશભાઈ સ્વભાવે સરળ, વિવેકી અને સતત પ્રવૃત્તિમય કાર્યો કરે છે. આ કાર્યો માટે જરૂરી આર્થિક સહાય દાતાઓ તરફથી તેમને મળે છે. તેમનું હૃદય નારીની વેદનાને સમજે છે. તેમણે સ્થાપેલી સંસ્થાની મદદથી હજારો ભાઈ-બહેનો બાળકોના આંસુ લૂછતા તેમને સધિયારો આપતા મેં જોયેલા છે. આ તમામ સેવાકાર્યો કર્યા પછી જ્યારે તેમની દૃષ્ટિહીન આંખો સામે જુઓ તો એક અજબ પ્રકારનો સંતોષ તેમના ચહેરા ઉપર જોવા મળે છે.

તેમના કાર્યોની વચ્ચે પણ તેમની સરળતા, સહજતા અને સહૃદયતા તેમને મળતા દરેક વ્યક્તિના હૃદયને સ્પર્શી જાય તેવું તેમનું વિરાટ વ્યક્તિત્વ છે.

આ તમામ પ્રકારના સેવાકાર્યની કદરરૂપે તેમને અનેક સંસ્થાઓ દ્વારા અઢળક સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં...

-આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'ધરતી રત્ન' એવોર્ડથી તત્કાલીન રાજ્યપાલ શ્રીમતી કમલાજી બેનીવાલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.



- ગાડી સેવા રત્ન એવોર્ડ
- પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી એવોર્ડ તેમજ માધવ સ્મૃતિ ટ્રસ્ટ-રાજકોટના સૌજન્યથી 'ઝાલાવાડ સેવા ભૂષણ-૨૦૧૪'ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- જનસુરક્ષા ફાઉન્ડેશન-વિસનગર દ્વારા સેવારત્ન એવોર્ડ-૨૦૧૬
- સ્વ. ભાનુભાઈ શુક્લ પરિવાર દ્વારા અપાતો એવોર્ડ 'સુરેન્દ્રનગરનું સોનું'-૨૦૧૭
- ભુતડા પરિવાર દ્વારા વ્યક્તિ વિશેષ સન્માન-૨૦૧૮
- અહિંસા ધામ-કચ્છ ખાતે પૂજ્ય મોરારિબાપુના વરદ્ હસ્તે વિધવા કલ્યાણની વિશિષ્ટ સેવા બદલ મોમેન્ટો-શાલથી સન્માનિત-૨૦૧૯

## શ્રી રાજેશભાઈ એક નવો વિચાર અને રાહ...

**■ ઈન્દુભાઈ પરીખ**

શ્રી રાજેશભાઈ પ્રેમશંકર રાવલ આશરે ૩૫ વર્ષની નોકરી પૂર્ણ કરી નિવૃત્ત થવા જઈ રહ્યાં છે, ત્યારે તેમના યાદગાર પ્રસંગો અને તેમની કારકિર્દી બાબતે થોડા શબ્દોમાં મારી લાગણી વ્યક્ત કરું છું.

હું પણ નિવૃત્ત કર્મચારી છું. સરકારી નોકરીમાં સ્વચ્છ રહેવું એ આજના યુગમાં ખૂબ જ અઘરું કામ છે. ત્યારે શ્રી રાજેશભાઈ તેમની સરકારી સેવામાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી અને સાથે સાથે નિર્ધાર વિધવા બહેનો માટે તેમના વ્યવસાયિક માર્ગદર્શન અને આર્થિક પગભર થવા માટેની પ્રવૃત્તિ માટે બહેનોને સહકાર આપી પગભર કરેલ છે. તેમની આ કામગીરી સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે. નિર્ધાર વિધવા મહિલા મંડળની સ્થાપના કરી તેમના આંસુ લુછવાનું કામ કરેલ છે. જે પ્રશંસાને પાત્ર છે. હું છેલ્લા આશરે છ વર્ષથી તેમના પરિચયમાં આવ્યો અને તેમના વિચાર અને તેમના દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો હું સાક્ષી છું. કોઈપણ જાતના જ્ઞાતિના ભેદભાવ વગર તેમના દ્વારા કરવામાં આવતી સેવા અજોડ અને બેનમૂન છે.

સુરેન્દ્રનગર જિલ્લાની સમગ્ર જ્ઞાતિની વિધવા બહેનો માટે તેઓ સતત જાગૃત રહે છે અને તેમની જરૂરિયાતોને સમયાંતરે પૂરી પાડે છે. તેમના દ્વારા વિધવા બહેનોની દીકરીઓના લગ્ન પ્રસંગો ધામધૂમથી ઉજવેલ છે તેમજ વિધવા બહેનોના દીકરા-દીકરીઓના અભ્યાસ માટે કંપાસ બોક્ષ, લંચબોક્ષ, સ્કૂલ બેગ, પેન-પેન્સિલ, નોટબુક વિગેરે દાતાઓ પાસેથી મેળવી જરૂરિયાતમંદોને સમયસર વિતરણ કરે છે. તેમની આ પ્રવૃત્તિ ઝાલાવાડને ગૌરવ પ્રદાન કરે છે. આ તકે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તેમનું નિવૃત્ત જીવન નિરોગી, આનંદમય અને સુખરૂપ બની રહે અને તેમના બધા સ્વપ્નો ઈશ્વર પૂરા કરે તેવી પ્રાર્થના કરું છું અને આ તકે અભિનંદન આપું છું.

## રાજેશ રાવલને શુભેચ્છા...

■ ભરતભાઈ પટેલ

શ્રી રાજેશભાઈ રાવલ કે જેવો ખેડૂત તાલીમ કેન્દ્રમાં પોતાની સેવાઓ સરકારને આપે છે. હું ભરત એ પટેલ, નાયબ ખેતી નિયામક, ખેડૂત તાલીમ કેન્દ્ર સુરેન્દ્રનગર ખાતે ફરજ બજાવું છું સુરેન્દ્રનગર ખાતે હું તારીખ ૨૧ /૭ /૨૦૨૦ ના રોજ હાજર થયેલ અને એ સાથે જ શ્રી રાજેશભાઈ રાવલનો મને પરિચય થયો તેઓ બંને આંખે ન દેખતા હોવા છતાં તેમની કામ કરવાની આવડત, ધગશ અને ખેવનાની કોઈ જ સીમા નથી. મેં જ્યારે જ્યારે ખેડૂત તાલીમ કેન્દ્રની કામગીરી માટે તેમની વાત કરી હશે તો તત્પર તેઓ એ કામ હાથ

ઉ ૮ ા ૨

લેતા અને કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી જંપે પણ નહીં.


અહીં તાલીમ કેન્દ્રમાં ખાસ કરીને ખેડૂત ભાઈઓને અને બહેનોને ભેગા કરી તાલીમ વર્ગ તૈયાર કરવાનો થાય છે શ્રી રાવલભાઈની અથાક મહેનતના કારણે આ તાલીમ કેન્દ્રમાં અન્ય કોઈ સ્ટાફ ઉપલબ્ધ ન હોવા છતાં સુરેન્દ્રનગર જિલ્લાની કામગીરી હંમેશા અગ્રતાક્રમે રહેલ છે.

આ ઉપરાંત જિલ્લાના દરેક ગામોમાં તેઓ પાસે સારું એવું સંક્લનનું વ્યવસ્થિત માળખું હોવાના કારણે ખૂબ ટૂંકા સમયમાં વર્ગો ગોઠવાઈ જાય એનો મને પણ ગર્વ છે.

તેઓની રિટાયરમેન્ટ પછી ચોક્કસ મારા તાલીમ કેન્દ્રમાં ખોટ વર્તાશે અને તાલીમ કેન્દ્રની કામગીરીને ચોક્કસ અસર થશે. વધુમાં શ્રી રાવલભાઈ નિર્ધાર સંસ્થામાં પણ ખૂબ ખંતથી સેવાઓ આપે છે જેનો કોઈ સહારો નથી એવી વિધવા બહેનોને સહારો આપી, એવી બહેનોના તેઓ ભાઈ બને છે અને હું જ્યારે તેમની સાથે તાલીમ કેન્દ્રની કામગીરી સાથે જતો ત્યારે આવી વિધવા બેનોને આનંદિત જોતો ત્યારે ખરેખર મને એમ થતું કે  બે આંખે જોઈ શક્તો માણસ કામ ન કરી શકે એવું ઉમદા કામ તેઓએ ર્ક્યું છે. જે એક સરાહનીય અને પ્રસંશનીય કામગીરી છે

નિવૃત્તિ બાદ શ્રી રાવલભાઈનું જીવન દીર્ધાયુ આનંદિત અને તંદુરસ્ત રહે તેમજ તેમના જે કોઈ બાકી કાર્યો છે તે પૂરા થાય તેમજ ભગવાન તેમને અને તેમના પરિવારને ખૂબ સુખી સંપન્ન અને આનંદિત રાખે એવી પ્રાર્થના કરુંછું. ક્ચેરીના વડા તરીકે ક્યાંક કામગીરીના ભાગરૂપે મારાથી વિશેષ કહેવાઈ ગયું હોય તો ક્ષમા પણ ચાહું છું. !






**માનવ જ્યોત ટ્રસ્ટ-મુંબઈના ટ્રસ્ટી શ્રી કે. સી. લુઠીયા સાહેબ દ્વારા નિર્ધારના સ્થાપક રાજેશ રાવલ, આનંદ રાવલને સંસ્થાના વિકાસ માટે રૂપિયા ચાર લાખનો ચેક આપતાં તસ્વીરમાં દશ્યમાન થાય છે**

## રાજેશની રહેમ... રૂઠેલી તકદીર પર

■ પંકજ કે. ડગલી

*રૂઠી હુયી તકદીર આંસુ બહાતી,*
*દુઃખ કા ગહેરા સાગર સદમા દેતા હૈ,*
*હિંમત ઔર પરિશ્રમ સે તકદીર બદલે મેરે યાર,*
*આંસુ કો મુસ્કાન બનાવક જીવન સજા લે મેરે યાર.*

તકદીર રૂઠે છે ત્યારે માણસનું જીવન છિન્ન ભિન્ન થઈ જાય છે. તકદીર રૂઠે ત્યારે શ્રીમંત ગરીબ થાય છે, કરોડપતિ રોડપતિ થાય છે, સર્વાંગ સંપૂર્ણ અપંગ બને છે, સંતાનસભર ઘર સૂના બને છે, પક્ષીઓના ગુંજારવથી ભરેલા ઉપવન વેરાન બને છે, જળ હોય ત્યાં સ્થળ થાય છે, હર્યા ભર્યા બગીચા રેગિસ્તાન જેવા બની જાય છે અને આવે વખતે ગયેલી સંપત્તિ અથવા ગુમાવેલા સુખને ફરી કેવી રીતે પાછા મેળવવા તે માણસ માટે મોટો પ્રશ્ન બની જાય છે.

રાજેશ રાવલ સર્વાંગ સંપૂર્ણ હતાં. તેમના જીવનનો સદુપયોગ તેઓ તેમના પિતાના મળેલ સાહિત્યના વારસાના જોરે પત્રકારત્વ, સાહિત્ય જેવી અનેક પ્રવૃત્તિઓ કરતા હતા. સ્વતંત્ર રીતે હરીફરીને પોતાના બધા કામો સરળતાથી કરતા હતા. તેમનું જીવન ખૂબ સુંદર રીતે ચાલતું હતું. પણ અચાનક તેમની તકદીર રૂઠતા તેમને આંખ ગુમાવવાનો વારો આવ્યો. જેને સતત ચાર દાયકા સુધી અજવાળા જોયા છે તેના જીવનમાં એકાએક અંધકાર આવે તો તેની શું દશા થાય ? રાજેશભાઈની પણ ખૂબ કફોડી હાલત થઈ. તેમનું જીવન તેમને અકારું લાગ્યું. તેમને વારંવાર જીવન ટુંકાવી દેવાની ઈચ્છા થતી હતી, પણ કેટલાક મજબૂત પ્રેરણાસ્ત્રોત તેમને મળ્યાં. પરિણામે, તેઓ બંધ નયને પ્રવૃત્ત થયા. નિર્ધાર નામનો સાપ્તાહિક અંક તેઓ ચલાવતા જ હતા ત્યારબાદ તેમણે નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રની સ્થાપના કરી. વિધવાઓના આંસુએ રાજેશભાઈના હૃદયને દુઃખથી ભરી દીધું. તેથી તેમણે વિધવા બહેનોના આંસુ લૂછી શકાય તેવી પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો. વૈધવ્ય સ્ત્રી માટે મોટામાં મોટી વિડંબણા છે. જે સ્ત્રીએ પોતાના તન-મન-ધન સર્વત્ર પતિને અર્પણ કર્યું હોય એ પતિને પરમાત્મા છીનવી લે ત્યારે તેને કેટલી વેદના થાય તે સમજી શકાય તેવી વાત છે. જગતમાં તે સ્ત્રી ભાગ્યવાન જે સ્ત્રીને પતિનો સંગ આજીવન મળે છે. પતિના સંગે જીવતી સ્ત્રી હસતી જોવા મળે છે. જ્યારે પતિ વિહોણી સ્ત્રી સતત રૂદનમાં દિવસો વિતાવે છે. તેને ડગલે ને પગલે પતિની ખોટ વર્તાય છે. પરમાત્માએ આપેલી ખોટ આપણે પૂરી શકતા નથી. પરમાત્માએ છીનવેલું ધન આપણે આપી શકતા નથી, પણ, જો થોડો ટેકો આ વિધવા મહિલાને મળે તો તેનું અને તેના બાળકોનું જીવન ધન્ય બની જાય છે. શ્રી રાજેશભાઈએ અનેક સ્ત્રીઓના જીવનને ધન્ય બનાવવા માટે કમર કસી છે. શ્રી રાજેશ રાવલ અનેક વિધવા સ્ત્રી માટે સુખનો કિનારો છે. શ્રી રાજેશ રહેમદિલ હોઈ સર્વ મહિલાઓ અને બાળકો પ્રત્યે તેની અખૂટ લાગણી જોવા મળે છે. આ



વ્યક્તિ નોકરીના સમય પછી બધો જ સમય વિધવા બહેનોના વિકાસ અને તેમના સુખ માટે ફાળવે છે. તેમના જીવનમાં વિધવા બહેનોનો ઉદ્ધાર એક મહામંત્ર છે.

તેમનામાં પડેલી અખૂટ શક્તિ અને અદ્વિતીય સૂઝને સલામ કરવી પડે. નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટના ચોપડે નોંધાયેલી તમામ વિધવા બહેનો અને બાળાઓને રાજેશભાઈ અવાજથી ઓળખે છે. દરેકના જીવન વૃતાંત તે માનવ મેદનીને કડકડાટ બોલીને કહી સંભળાવે છે. સમાજના જુદા જુદા વર્ગોના લોકોને સન્માનિત કરવાની રાજેશ પાસે અનોખી કળા છે. ખરેખર, રાજેશભાઈને પ્રોત્સાહનનો પર્યાય કહી શકાય. નિમ્નવર્ગથી માંડીને ઉચ્ચ વર્ગના લોકોને તેમના કાર્યો બદલ સન્માનવાનું તે ક્યારેય ચૂકતા નથી. ટૂંકા પગારમાં જીવતા આ માનવીએ તેના માતા-પિતાની જન્મ શતાબ્દિ ભવ્ય રીતે ઉજવી છે. રાજેશ પાસે સમૃદ્ધિ ઓછી છે પણ તેનું મન ખૂબ મોટું છે. તેને તેના દિકરા-દિકરીને ધામેધૂમે પરણાવીને અનોખો સંતોષ આપ્યો છે. તેમણે જીવનમાં આવેલી આફતોનો ખૂબ કુનેહથી સામનો કર્યો છે. કાર્યક્રમના કુશળ આયોજક તરીકે અને લોકો પાસેથી કામ લેવાની કુનેહ માટે તેમને એવોર્ડ આપવો ઘટે. તેમની નોકરીમાં પણ તેઓ ખેડૂત તાલીમ શિબિરનું કુશળતાપૂર્વક આયોજન કરે છે. ખેડૂતોને માહિતી આપવા માટે તેઓ જુદા જુદા તજજ્ઞોને બોલાવે છે. ખૂબ ટૂંકા પગારમાં પણ તેમને યોગ્ય નાણાંકીય આયોજન કરીને પરિવારને સમૃધ્ધ કર્યો છે. તેમના નાના-મોટા દરેક પ્રસંગોમાં અમને હાજર રહેવા માટે આગ્રહ કરે છે.

માતા-પિતાની જન્મ શતાબ્દિ ઉજવનાર મારી ૬૪ વર્ષની ઉંમરમાં મેં પહેલો માણસ જોયો છે. કુટુંબમાં અન્ય ભાઈઓ સમૃદ્ધ હોવા છતાં રાજેશભાઈએ માતા-પિતાની જન્મ શતાબ્દિ ઉજવવામાં કોઈનો સહકાર લીધો નથી. જો રાજેશભાઈ ધારે તો માતા-પિતાની જન્મ શતાબ્દિ સમાજના પૈસે પણ ઉજવી શકે. કારણ કે વિશાળ સમાજ રાજેશ રાવલને માન-સન્માન આપે છે, પણ તેમણે માતા-પિતાની જન્મ શતાબ્દિ સ્વખર્ચે ઉજવીને સમાજને અનોખું ઉદાહરણ આપ્યું છે. માતા-પિતાના ઋણનો મૌખીક સ્વીકાર કરવો અને તેમની જન્મ શતાબ્દિ ઉજવી ઋણ સ્વીકાર કરવું તેમાં જમીન આસમાનનો ફેર છે. માત્ર શાબ્દિક શ્રધ્ધાંજલિ નહીં પણ પ્રાયોગિક શ્રધ્ધાંજલિ જુદા જુદા કાર્યક્રમો યોજીને શ્રી રાજેશભાઈએ માતા-પિતાને આપી છે. તેમના માતા-પિતાનો આત્મા જ્યાં હશે ત્યાં ખૂબ પ્રસન્ન થતા હશે. તેમને આવો પુત્ર પ્રાપ્ત થયાનું ગૌરવ થતું હશે.

જ્યારે રાજેશભાઈનો પુત્ર આનંદ પિતાની ષષ્ટિપૂર્તિનું સુંદર આયોજન કરી રહ્યો છે ત્યારે પરમ કૃપાળુ પરમાત્મા આનંદને તેના પિતાની શતાબ્દિ ઉજવવાની તક આપે અને રાજેશભાઈને પણ દિકરા આનંદની શતાબ્દિ જોવાની તક પરમ કૃપાળુ પરમાત્મા આપે અને તંદુરસ્તપ્રદ, નિરોગી જીવન આપીને શ્રી રાજેશભાઈને સતત કાર્યરત રહેવાની શક્તિ આપે એજ પ્રાર્થના...

## અંધકારમાં પ્રકાશ... અંધકારમાં અશ્રુબિંદુ પાનખર થઈ ટપક્યાં, પ્રેરણાના અમૃતબિંદુ વસંત બની ઉમટ્યાં...

■ મીના કીર્તિ મહેતા

આપણે ચમત્કારને માનીએ કે ન માનીએ પણ જીવનમાં ઘણાં ચમત્કારો બની જતા હોય છે.

પિતાશ્રી પરિમલભાઈએ વર્ષો પહેલાં એક ખૂબ સરસ સ્ટોરી લખેલી હતી. જેમાં સ્ટોરીનો નાયક અનેક વિધવા બહેનોને ખૂબ મદદ કરતો હોય છે. આ સ્ટોરીનું ટાઈટલ હતું 'વિધવાની વહારે' જેને અનેક લોકોએ વાંચેલ, દાદ પણ મળેલી, આનું પાત્ર હતું કાલ્પનિક પણ કલ્પના કરવી અને પ્રેરણા મેળવવી ખૂબ ગમે તેવું હતું.

વર્ષો પછી પિતાના આ કાલ્પનિક પાત્રને એમના પનોતા પુત્રે જ તેને પોતાના જીવનમાં આરોપી વાસ્તવિક બનાવ્યું. માતા અને પિતા પોતાના સંતાનને સંસ્કાર સાથે ઘાટ આપે છે. અહીં તો તેની કલ્પનાને આબેહુબ આકાર પુત્રએ આપેલ છે. સ્વ. પરિમલકાન્તભાઈના પનોતા પુત્ર રાજેશભાઈ હિરો બની અનેક વિધવા બહેનોના બંધુ બની એમની વહારે આવ્યા છે.

તા. ૨૮-૦૧-૬૨ના રોજ જન્મ, અભ્યાસમાં તેજસ્વી, અમદાવાદ સ્થિત સંસ્કૃત વિદ્યાલય ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે રહીને સંસ્કૃત વિશારદની ડિગ્રી મેળવી, માત્ર ૨૫ વર્ષની ઉંમરે ખેતીવાડી વિભાગમાં નોકરી મેળવી પગભર થયા. ખૂબ સંઘર્ષભર્યા જીવનમાં પરિશ્રમ અને નીતિમતાથી આનંદથી પોતાનું કાર્ય કરી જીવનના પરિતાપને સંતોષથી પોતાના ઘરને સુખ-શાંતિનું સરનામું આપતા હતા.

જન્મથી ૪૦ વર્ષની ઉંમર સુધી પત્ની અને બે દીકરી તથા એક સાવ નાના દીકરાના પિતા એવા રાજેશભાઈના જીવનમાં એક વાવાઝોડું આવ્યું અને સાથે રાજેશભાઈના ચક્ષુ છીનવી ગયું. જીવનમાં અત્યાર સુધી ભલે સંઘર્ષ હતો પણ નયન હતા. બે છેડા ભેગા કરવા ભલે અઘરા હતા પણ છેડા તો દેખાતા હતા. હવે નાનકડા એવા જીગરના ટુકડા આનંદનું રૂદન ભલે સંભળાતું હતું પણ અશ્રુ લુંછવા માટે રતુમડા ગાલ દેખાતા ન હતા. અચાનક ગાઢ અંધકારે આખા જીવનને હચમચાવી નાખ્યું. રાજેશભાઈની અંધ આંખોની લાચારી જોઈ ઘરના બધા સ્તબ્ધ બની ગયા હતા.

અશ્રુઓ ખુટતા ગયા. લાચારી વધતી ગઈ. 'આત્મહત્યા એ જ રસ્તો' એ સિવાય કોઈ વિચાર ન આવતા હતા. ત્યારે પ્રજ્ઞાચક્ષુ પંકજભાઈ ડગલી અને મુક્તાબેન ડગલીએ માર્ગ બતાવ્યો કે 'રાજેશ હવે તારે તારા માટે નહીં પણ અન્ય માટે જીવવાનું છે.' વર્ષો પહેલાં ટ્રેનના ડબ્બામાં બેઠેલી વિધવા બહેન યાદ આવી. એના દુઃખદ સંસ્મરણોએ એને ઘેરી લીધા અને અંતરમાં એક ઉજાસ પ્રગટ્યો. વિધવા બહેનોની વ્હારે આવી એમની થોડી લાચારી દૂર કરવાનો મક્કમ નિર્ધાર કર્યો. વિધવા બહેનો કે જ્યાં સંબંધના સુકાય ગયેલા સરોવરમાં શ્વાસોની હોડી હંકારવી ખૂબ અઘરી હતી ત્યાં લાગણી અને સમજનું વાવેતર કરી હોડી હંકારવી સહેલી કરી. જેના જીવનમાં ગૂંચ પડી હોય તેને ઉકેલવાના પ્રયત્નમાં વિધવા બહેનોના ભાઈ રાજેશભાઈ પ્રયત્નશીલ થયા.



સુરેન્દ્રનગર શહેરનું વાદીપરા, છ નંબરની સાંકડી પોળનું છેલ્લું ઘર... જ્યાં અઢળક પ્રવૃત્તિઓ અને અન્ય માટે લેવાતા શ્વાસના ધબકારા અને અનેકનું જીવન ચલાવતા લેવાતા મક્કમ પગલાં સાથે રાજેશભાઈનું અન્ય કાર્યકર બહેનો સાથે કાર્યની વણઝાર ચાલુ થઈ અને સંસ્થાનું નામ આવ્યું 'નિર્ધાર.'

ચક્ષુ ખોયા પછી અનેરી દૃષ્ટિ સાથે અનેક સુજ્ઞ અને સુખી દાતાશ્રીઓના સથવારે વિધવા બહેનોના બાળકો માટે શૈક્ષણિક કિટ્સ, દિવાળીના તથા સાતમ-આઠમના પર્વોએ મિઠાઈ તથા ફરસાણનું વિતરણ, સમયાંતરે વિધવા બહેનો માટે દર્શન યાત્રા-પ્રવાસ, સાડીનું વિતરણ, સેમીનાર, સ્વરોજગારલક્ષી શિબિર, સર્વરોગ નિદાન કેમ્પ જેવી અનેકવિધ પ્રવૃત્તિ ચાલુ થઈ. ૫૧ જેટલી વિધવા બહેનોથી શરૂ કરી અત્યારે સુરેન્દ્રનગર જિલ્લાની ૧૦૯૫ વિધવા બહેનોનું પિયર નિર્ધાર સંસ્થા બની ગઈ છે. જ્યાં અડીખમ ઊભેલા ભાઈ રાજેશભાઈ સાથે કાર્યકર બહેનોનો સાથ છે અને એમના યુવાન પુત્ર આનંદનનો મજબૂત હાથ અને સાથ છે.

અનેક વિધવા બહેનોને આત્મનિર્ભર બનાવવાના અથાક પ્રયત્નમાં વેસેલીન, ફિનાઈલ, એસીડ જેવા ગૃહઉદ્યોગ માટેની તાલીમ તથા ઈમીટેશન જ્વેલરી, સાડીનું વેચાણ કરી શકે તે માટે બહેનોને ત્રણ દરવાજા... અમદાવાદ લઇ જઇ દુકાનોમાં ફરી ફરીને કાર્યકર બહેનો સાથે રાજેશભાઈએ ખરીદી કરવાનું શીખવ્યું. જેથી વિધવા બહેનો પોતાની રોજી રોટી કમાઈ શકે.

વિધવા બહેનોના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે પણ મદદ કરે છે, જેમાંથી કેટલાક એન્જિનિયર, હોમિયોપેથી ડૉક્ટર વગેરે ડિગ્રી મેળવી નોકરી પણ મેળવી લીધી છે.

અનેક બહેનોને સાધન સામગ્રીની જરૂરિયાત હોય, તેમાં લારી, સિલાઈ મશીન, રસોઈના સાધનો વગેરેની અત્યાર સુધીમાં ૪.૫ થી ૫ લાખ રૂપિયા સુધીની મદદ કરી પુનઃવર્સન કરાવેલ છે. ૨૯૫ વિધવા બહેનોને વિવિધ તાલીમ આપી પગભર કરેલ છે.

અત્યાર સુધી અનેક એવોર્ડ રાજેશભાઈને મળેલ છે, જેમાં મુખ્યત્વે પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા એવોર્ડ, ધરતી રત્ન એવોર્ડ, સેવારત્ન એવોર્ડ, પંડિત સુખલાલજી એવોર્ડ, ઝાલાવાડ સેવા ભૂષણ એવોર્ડ જેવા અનેક એવોર્ડ તથા સન્માનપત્ર રાજેશભાઈને મળેલ છે. જે એવોર્ડ નિર્ધાર સંસ્થાને ગૌરવ આપે છે.

રાજેશભાઈ રાવલ એટલે કે નિર્ધાર સંસ્થાએ અનેકવિધ પ્રવૃત્તિ કરી અનેક વિધવા બહેનો માટેનું કાર્ય કરવાની યોજના માટે એક જગ્યા લઈ લીધી છે. (ડોનરોના સાથ સાથે) અને ત્યાં બાંધકામ ચાલુ છે. જેમાં અન્ય ડોનરો પણ લાભ લેશે તેવી રાજેશભાઈને આશા છે.

સૂર્યનું ડૂબવું અને ચંદ્રના રિસામણા વચ્ચે ઘનઘોર અંધકારમાં પણ ગભરાયા વગર પોતાના ઘરનું કોડિયું (પોતાની પ્રજ્ઞા) પેટાવી અજવાળું ફેલાવવું તે પોતાના હાથની વાત છે ને ! સંજોગો સામે ઝૂકે એ પ્રજ્ઞાવાન નહીં પોતાની પ્રજ્ઞાથી અજવાળું ફેલાવે તેવા પ્રજ્ઞાચક્ષુ એટલે રાજેશભાઈ પરિમલકાન્ત રાવલ. રાજેશભાઈએ વિધવા મહિલાઓના ઉત્કર્ષ માટે સેવેલા સ્વપ્ના સાકાર થાય તેવી પ્રભુને પ્રાર્થના.

**('વૃક્ષ' માસિકના સૌજન્યથી)**

## રહે ના રહે હમ...... મહેકા કરેન્ગે...

■ હેમા ત્રિવેદી

અરે, કોઈ રસપ્રદ પારિવારિક ચલચિત્ર ચાલતું હોય... ડ્રામા, એક્શન્સ, ઈમોશન્સ, રોમાન્સ, કોમેડી....માંડ ચાલીસ ટકા ફિલ્મ પૂરું થયું હોય ! અને....અચાનક વિજળી ગુલ થઈ જાય ??? અને વળી, જાહેરાત થાય કે હવે વિજળી આવવાના કોઈ ચાન્સ નથી....તો ! ત્રણ કલાક્ની ફિલ્મ માટે કેટલી ઉતેજના-ઉત્કંઠા વ્યાપી જાય... 'ને વસવસો પણ રહી જાય ?

દોસ્તો ! જિંદગીને પણ આપણે ફિલ્મ કે નાટક સાથે સરખાવીએ જ છીએ ને ? ફિલ્મના ત્રણ કલાક્ની જેમ જીવનના પણ ત્રણ તબક્કા... બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા. જીવનમાં પણ ફિલ્મની જેમ અનેક રસ હોય છે. ફિલ્મ શો દરમિયાન વિજળી ગુલ થાય તો માત્ર ઉતેજના રહી જાય ! પરંતુ, રોમાંચક ચલચિત્રની માફક જીવનચિત્ર સુંદર અને રસપ્રદ ચાલતું હોય.... અને અચાનક આંખોની રોશની છીનવાઈ જાય ત્યારે જીવનમાં ઘોર નિરાશા જ વ્યાપી જાય ! કશુંય સૂઝે જ નહીં. પરંતુ, આવી પરિસ્થિતિ બાદ પણ જે વ્યક્તિ માત્ર પોતાને ગૌણ કરી બીજાને માટે જ સમર્પિત થઈ જીવન જીવતી થઈ જાય એને જ કહેવાય સાચી ઝિંદાદિલી.

હું આજે ઝાલાવાડના એવા જ એક અદકેરા વ્યક્તિ વિશેની વાત લઈને આવી છું કે.... જે ઉંમરના પડાવે વ્યક્તિની આંખોમાં કંઈ કેટલુંય કરવાના સ્વપ્નો ઝળહળતા હોય તેવે ટાણે એટલે કે માત્ર ચાલીસ વર્ષની આયુષ્યમાં જેણે પોતાની આંખોની રોશની ગુમાવી ! ઘણીબધી વિટંબણા, મુશ્કેલીઓ, પડકારો, અનિશ્ચિતતાઓ વચ્ચે પણ જેણે એવાં સરાહનીય અને અનુકરણીય કાર્યો કર્યાં કે આજે અનેક બેસહારાના જીવનનો સહારો બની ગયાં !

નવાઈની વાત તો તે છે કે તેઓ પોતે ભલે બીજાના સહારે ડગ માંડતા હોય ! જીવનની અમૂલ્ય સંપત્તિ સમાન ચક્ષુરત્ન ગુમાવ્યા બાદ પણ આવી અત્યુતમ પ્રકારની સેવા અવિરતપણે કરવી જરાય સહેલી નથી ! અરે, ઘરમાં થોડોક ઉજાસ ઓછો લાગે કે ચશ્માના નંબર બદલાય તો પણ આપણે અકળાઈ જઈએ છીએ !! આટઆટલી મુશ્કેલીઓ વચ્ચે પણ હજુ આજસુધી એમનો આ સેવાયજ્ઞ સતત ચાલુ જ છે....એમની ઓળખ છતી કરતાં પહેલાં જરૂર કહેવાનું મન થાય....

*છે મંદિરોમાં દેવોને પરિચય આપનો;*
*'ને છે મસ્જિદમાં ખુદાને પણ ઓળખ આપની,*
*નથી વ્યક્તિત્વ અછાનું કોઇથીય આપનું;*
*કર્યા છે એવા વિશિષ્ટ કાર્યો કે હરકોઈ ઓળખે છે આપને.*

જો આપને યુગપુરુષ કહું તો પણ અતિશયોક્તિ નહીં લાગે, મહાપુરુષ કહીશ તો પણ મોટી વાત



નહીં લાગે. ***તુમ્હે સૂરજ કહું યા ચંદા ! તુમ્હે દીપ કહું યા તારા ! રાવલ પરિવારકા બંદા.. 'રાજેશ રાવલ' હૈ નામ તુમ્હારા.***

નિર્ધાર વિધવા કલ્યાણ કેન્દ્રના સંસ્થાપક શ્રી રાજેશભાઇ રાવલને કોઈ ન ઓળખતું હોય એવું કેમ બને ? ભલે, રાજેશભાઇની પાસે આંખો નથી પરંતુ, હજારેક જેટલી વિધવા બહેનોના આંખોના તારા છો આપ ! એમના ઘરની રોશની છો આપ ! દ્રષ્ટિ ગુમાવીને આપે તો દિવ્ય દ્રષ્ટિ મેળવી છે ! નાતજાતના ભેદભાવ વગર કોઈપણ જાતિ કે ધર્મની વિધવા બહેનોના ભાઈ બની વહાલ ઓઢાડ્યું છે આપે ! આપ તો સાચા સધર્મરક્ષક, રાષ્ટ્રીયતાના શણગાર સમાન છો !

અગરબત્તી જ્યાં સુધી પ્રગટે નહીં ત્યાં સુધી અગરબત્તી છે, પ્રાગટ્ય બાદ તે સુગંધ/સુવાસ બની જાય છે, એ જ રીતે આપ પણ ઝાલાવાડની સુવાસ છો અને આપના કાર્યની સુવાસ માત્ર ઝાલાવાડમાં જ નહીં દૂર-સુદૂર સુધી પ્રસરી રહી છે અને પ્રસરતી રહેશે. રહે ના રહે આપ... મહેકા જરૂર કરેંગે !

જ્યારે, આપની દૃષ્ટિ ગુમાવ્યાના સમાચાર જેણે પણ સાંભળ્યા હશે ! જે તે સમયે ખૂબ આઘાત જરૂર લાગ્યો હશે! ઈશ્વરને ઠપકો પણ આપ્યો હશે! પણ, આપે તો આપના તરફ ફેંકાયેલી ઇંટને પગથી બનાવી ટોચ આંબી લીધી ! જાણે કહેતાં હોવ કે.....

*જીતવાની ઝંખનાથી પર થયો છું;*
*હારથી હું એટલો સદ્ધર થયો છું,*
*ચૂપ રહીને કેટલા વર્ષો વીતાવું ?*
*હું ફરી મહેનત કરી પગભર થયો છું,*
*ભૂલ ક્યાંથી નીકળે મારી જરાપણ ?*
*યાદ કરતાંવેંત જ હાજર થયો છું.*

ખરેખર, રાજેશભાઇ....આપે વિધવા બહેનો માટે એટલાં અઢળક કાર્યો એટલા અવિરતપણે ક્ર્યા છે કે જો કાર્યોનું વર્ણન કરવા બેસીએ તો પેઈજ ના પેઈજ ભરાય...આપે વૃદ્ધો માટે પણ એટલું કાર્ય ક્ર્યુ છે , વિધવાઓના જીવનનિર્વાહ - પુર્નઃવિવાહ - પુનઃર્વસન અને વિધવા સ્ત્રીઓના સંતાનો માટે પણ અગણિત કામ ક્ર્યું છે. દરેક વાર-તહેવાર હોય કે પોતાના જ પરિવારનો પ્રસંગ હોય, પોતાની તબિયત નાદુરસ્ત હોય કે કોરોના જેવો કપરો કાળ હોય.... પરંતુ, આપ આપની ફરજમાં ક્યાંય અને ક્યારેય ચૂક્યા નથી ! ધન્ય છો આપ !

બસ, આ રીતે જ આપની કાર્યગંગા અવિરત વહેતી રહે અને ઇશ્વર આપને તંદુરસ્ત નિરોગી દીર્ઘાયુ બક્ષે એવી સતત પ્રાર્થના સહ આપને સલામ અને વંદન....

અને હા ! હવે એવું જરૂર લાગે કે આપની દ્રષ્ટિ છીનવી લેવા પાછળ ઈશ્વરનો જરુર કોઈ ન કોઈ સંકેત કે આશય કે સ્વાર્થ અવશ્ય હશે !

## અંધકારને ભેરુ બનાવી કદમથી કદમ મિલાવતા રાજેશભાઈ

■ **કિશોરભાઈ વી. પટેલ**

પરમ આદરણીય રાજેશભાઈ રાવલ વિશે કહેવા જાવ તો એવું લાગે કે, 'જાણે એક વાદળને કેમ વરસવું એ શીખવાડવા બરાબર લાગે.' પરંતુ તેમ છતાં હું મારા એમની સાથેના અણમોલ અનુભવને આધારે એટલું જરૂર કહીશ કે રાવલ સાહેબે હંમેશા અંધકારના વાદળાઓને દૂર હડસેલીને સદાયને માટે સફળતાના સૂર્યોદયની જ હાકલ મારી છે. એનું કારણ છે કેમ કે, જે વ્યક્તિએ આ રંગીન દુનિયાને જોઈ હોય અને ત્યારપછી અચાનક તેમાં કાળો રંગ છવાઈ જાય તો માણસ ભાંગી પડે છે. પરંતુ ભાઈશ્રી રાજેશભાઈ ભાંગી ન પડતા અંધકારને જ ભેરૂ બનાવી કદમથી કદમ મિલાવી પોતાનું કાર્ય પ્રવાહિત રાખેલ છે.

જેમ કે ગરીબ વિધવાઓ માટેના કાર્યો, વિધવા બહેનોનાં ભાઈ બનીને હંમેશને માટે તેમણે તેમની રક્ષા કરી છે. માટે જ તેમને હરહંમેશ પોતાની આ બહેનોની ચિંતા રહેતી. માટે તેમણે દરેક બહેનોને તાલીમબધ્ધ બનાવી અને રોજગાર મેળવતી બનાવી સ્વનિર્ભર બનાવી અને સ્વમાનપૂર્વક જીવતાં શીખવાડ્યું. મહેનતથી માન સાથે જીવવાના મૂલ્યવાન માર્ગ બનાવ્યો. કેવું ઉદાર મન છે, આ અદકેરા માનવી માટે કહેવાનું મન થાય કે-

*'આસમાનની શું ઉપમા આપું, જેનું હૃદય વિશાળ વ્યોમ છે,*
*ધરતીના શું બોલ બોલું, જેનું મન અવનિના અસીમ છોર છે.'*

આવા ઉત્સાહના ઉમદા અદાકાર લાગણીની લેરખીથી ભરેલા, કર્મનિષ્ઠ રાવલભાઈના આવા સત્કાર્યની સરિતા સદાય વહેતી રહે. કારણ કે તેઓ સદાય કાર્યને જ કર્મભૂમિ અને સમયને જ શસ્ત્ર બનાવીને હર એક સમયે સમાજ સેવા માટે, સત્કાર્યો માટે તત્પર રહે છે અને આમ જ એમની સેવાની સુગંધ ચોમેર પ્રસરી રહે. બસ એજ આશા સાથે અંતમાં આટલું કહીશ કે-

*'તમે ઝરણું બનીને વહી જજો, આકાશના તારા બની ચમકી જજો,*
*બગીચાના ફૂલ બનીને ખીલી જજો, આમ કસ્તુરી બની હૃદયમાં મહેંકી જજો.'*

કલમ થાકી જાય છે, હૈયું હરખાઈ જાય છે, હોઠ હસી પડે છે આપને આમ નિહાળી, ભગવાન કરે તમારી સેવાનો પ્રવાહ આમ જ અવિરત વહ્યા કરે અને તમારી સેવાની સરવાણી વણથંભી વણઝાર બનીને વિસ્તૃત બનતી રહે.

અસ્તુ...

**(અલ્ટ્રાવિઝન સ્કૂલ)**





**સુરેન્દ્રનગરના જાણીતા ચાર્ટર એકાઉન્ટન્ટ, સમાજ સેવક શ્રી ડી. વી. શાહ સાહેબ નિર્ધાર કાર્યાલયની મુલાકાતે આવ્યા ત્યારે વિધવા ભવનના નિર્માણ માટે નિર્ધારના સ્થાપક રાજેશ રાવલને રૂપિયા પાંચ લાખનો ચેક આપતાં તસ્વીરમાં દ્રષ્યમાન થાય છે**

## સુરેન્દ્રનગરના પ્રજ્ઞાચક્ષુ રાજેશ રાવલનો નિર્ધાર

■ **હરનેશ સોલંકી**

એમને ફોન કરો એટલે... જય હો... જય હો... આ ખાસ લ્હેકાવાળો અવાજ હૃદયને સ્પર્શી જાય. એ અવાજના માલિક છે સુરેન્દ્રનગરના રાજેશ રાવલ. રાજેશ રાવલ સૂરદાસ નહોતા તે સમયના મિત્ર રહ્યા છે. મિત્ર વિનોદ આચાર્ય (હવે સ્વર્ગસ્થ)ની સાથે ઘણીવાર મળવાનું થાય. તેમનો લાગણીસભર વ્યવહાર અને હંમેશા કોઇને પણ મદદરૂપ થવાની ભાવના જોઈ વંદન કરવાનું મન થાય.

તા. ૨૮-૧-૧૯૬૨ના રોજ બ્રહ્મ પરિવારમાં જન્મેલા રાજેશ રાવલે ૧૯૮૦માં સેલ્સમેનશીપથી કારકિર્દીની શરૂઆત કરી. સાથોસાથ સુરેન્દ્રનગર ખાતે કાકા કાલેલકર યુથ કાઉન્સિલની સ્થાપના કરી. સેવાકીય જાહેર પ્રવૃત્તિની શરૂઆત કરેલી. સંખ્યાબંધ સાપ્તાહિકો, દૈનિકોમાં સાંપ્રત પ્રવાહ ઉપર કલમ ચલાવી.

'પેરેડાઈઝ લોસ્ટ'ના લેખક મીલ્ટને લખેલ છેઃ ઈશ્વર બે પ્રકારના ચક્ષુ આપે છે એક બ્રાહ્ય અને બીજા આંતરચક્ષુ ! બહારની આંખોના પડળ બંધ થાય ત્યારે જ અંદરની આંખોના પડળ ખુલે છે. વર્ષ ૧૯૮૮માં સુરેન્દ્રનગરથી બોટાદ જતી ટ્રેનના એક ડબ્બામાં ત્રીસ વરસના વિધવા રેખાબેન બેઠા હતા. તેમના બે જોડિયા બાળકોને જીવાડવા માટે બોટાદ હીરા ઘસવાના કારખાનામાં મજૂરી કામ કરતા હતા. હીરાની જેમ પોતાની જાત ઘસીને તે બાળકોના ભવિષ્ય ઉજળા બનાવવા મહેનત કરી રહી છે.

આ દૃશ્યોએ સામે બેઠેલા રાજેશભાઈના દિમાગમાં એક પ્રેરણા આપી અને 'નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર'ની સ્થાપના કરી. વિધવાઓને સ્વાવલંબન, પુનઃવસન, રોજગારી તેમજ દાતાઓની મદદથી તેમના બાળકો માટે શૈક્ષણિક કિટ્સ, પ્રકાશના પર્વ દિવાળી પર વિનામૂલ્યે મીઠાઈ-ફરસાણનું વિતરણ, શ્રાવણ માસ દરમિયાન વિધવા બહેનોને માટે દર્શન યાત્રા તેમજ સાડી વિતરણ, સેમિનારો, વર્કશોપ, સ્વરોજગાર શિબિર, સર્વરોગ નિદાન કેમ્પ વિ. પ્રવૃત્તિઓથી શરૂ થયેલ આ સંગઠનમાં આજે ૧૦૯૫ વિધવા મહિલાઓ જોડાયેલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૬૩ જાહેર કાર્યક્રમોનું સંપૂર્ણ નેતૃત્વ લીધેલ છે. સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી, ધ્રાંગધ્રા, મુળી, ચૂડા, સાયલા તથા લખતર વિસ્તારની તદ્દન નિરાધાર વિધવા મહિલાઓનું પિયર 'નિર્ધાર' સંસ્થા બનેલ છે. આ સંસ્થાના વિવિધ કાર્યક્રમોમાં સુરેન્દ્રનગરના નામાંકિત રાજ્ય ક્ષેત્રના અગ્રણીઓ, ડૉક્ટરો, વકીલો, સમાજ સેવકો, પત્રકારો, બિલ્ડરો, ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો, કવિઓ, વેપારીઓ તેમજ દરેક ક્ષેત્રની મહિલા અગ્રણીઓ હોંશભેર આ સેવા કાર્યને પ્રોત્સાહિત કરે છે. સંસ્થા પોતાનું 'નિર્ધાર' નામનું સાપ્તાહિક પણ નિયમિત બહાર પાડે છે. જેના દ્વારા સંસ્થાના શુભેચ્છકો સાથે સતત સંપર્કમાં રહેવાય છે.

એક દિવસ તા. ૨-૪-૨૦૦૨ના સાંજના ૪-૨૦ કલાકે રાજેશ રાવલની બંને આખે દેખાતું બંધ થઈ ગયું અને ૧૦૦ ટકા દૃષ્ટિહીન થયાં. સ્થાનિક ડૉક્ટરોની સલાહ લઇ અમદાવાદ મુકામે નિદાન કરાવેલ. જેમાં રેટીના ડેટેચમેન્ટ થયાનું જણાતા ઓપરેશન કરી સારવાર લીધેલ. પરંતુ ઝામર તથા નસ સુકાઇ જતા સફળતા મળેલ નહીં. આમ, માત્ર ૪૦ વર્ષની વયે સંપૂર્ણ દૃષ્ટિહીન થવા છતાં કદી હિંમત હાર્યા નહીં, મુશ્કેલીઓ, પડકારો સામે સતત ઝઝૂમતા રહ્યા છે અને 'વિકલાંગતા તનની પણ મનની નહીં' એ ઉક્તિને સંપૂર્ણ ચરિતાર્થ કરી વિધવા મહિલાઓનું કલ્યાણ કાર્ય આજે પણ કરી રહ્યા છે. તેમની આ સેવાકાર્યોની નોંધ લઇ રાજ્યપાલશ્રીના હસ્તે 'ધરતી રત્ન' અને સામાજિક કાર્યકર ચંદુભાઈ શાહના હસ્તે 'ગાર્ડી સેવા રત્ન' એવોર્ડ પ્રાપ્ત થયા છે.

તેમના આ સેવા કાર્યમાં તેમના સહધર્મચારિણી પારૂલબેન આર. રાવલ અને સુપુત્ર પણ હસતા હસતા આ સેવાની જ્યોત જલતી રાખી છે. રાજેશ રાવલે કામ કરતા કરતા દૃષ્ટિ ગુમાવી પણ જીવન પ્રત્યેની દૃષ્ટિ ગુમાવી નથી, હામ નથી ગુમાવી.

તેમના 'રાજેશ નિવાસ', મો. ૯૪૦૮૮ ૮૮૬૧૨, ૯૮૨૪૩ ૨૨૫૮૫ના રહેઠાણ કમ 'નિર્ધાર' કાર્યાલયના દરવાજા ૨૪ કલાક મદદ માટે ખુલ્લા રહે છે. જે કામ કેટલાય લોકો છતી આંખે નથી કરી શક્યા તે વિરલ કામ રાજેશ રાવલે આંખો ગુમાવીને કરી બતાવ્યું. તાજેતરમાં 'નિર્ધાર'નો 'વિધવા વિશેષાંક' પણ બહાર પાડ્યો. એટલે જ તો રાજ કપૂરની ફિલ્મની પંક્તિઓ યાદ આવે છે. - 'કિસી કી મુસ્કુરાહટો પે હો નિસ્સાર...'

**('અરસપરસ' માસિકના સૌજન્યથી)**



---

## ઉમદા વ્યક્તિત્વ : રાજેશ રાવલ

■ **મેહુલ ધોળકિયા**

રાજેશભાઈના પરિચયમાં હું ઘણા વર્ષોથી છું અને સુરેન્દ્રનગર ઘણા કાર્યક્રમમાં હું હાજર રહેલ છું તથા રાજેશભાઈ મારી ઓફિસે અમદાવાદ પણ આવી ગયેલ છે. રાજેશભાઈ નિર્ધાર વિધલા મહિલા પોતે કેવી રીતે પગભર થાય તથા તેઓની જરૂરિયાત અને દરેક પ્રસંગો ઉપર પ્રસંગોપાત મદદ કરે છે.

રાજેશભાઈએ પોતે દૃષ્ટિ ગુમાવી પણ હિંમત હાર્યા વિના તેઓ સમાજ ઉપયોગી કાર્યોમાં આગળ વધી ઘણા બધા સારા કાર્યો કરેલ છે અને હજુ કરી રહ્યા છે. ખરેખર, અત્યારના આવા કપરા કાળમાં જે વિધવા બહેનોને તકલીફો પડતી હોય છે, તેમાં રાજેશભાઈનું આ અતિ ઉમદા કાર્ય છે. રાજેશભાઈ જાન્યુઆરી-૨૦૨૦માં ૬૦ વર્ષ પૂર્ણ કરે છે. ત્યારે પ્રભુ પરમાત્માને એક જ પ્રાર્થના કે રાજેશભાઈ આવી જ રીતે સારા કાર્યો કરતા કરતા અને સ્વસ્થ આરોગ્ય સાથે સો વર્ષ પૂર્ણ કરે તેવી શુભેચ્છા.

એક વખત હું સુરેન્દ્રનગર તેમના એક આવા જ કાર્યક્રમમાં હાજરી આપવા ગયેલ ત્યારનો અનુભવ યાદ આવે છે. રાજેશભાઈ જેટલી જરૂર હોય તેટલું જ ડોનેશન સ્વીકારે છે. મને યાદ છે તેમના એ કાર્યક્રમમાં જરૂર હતી તેથી વધારે ડોનેશન બધા લખાવી રહ્યા હતા, ત્યારે તેઓએ સામેથી જ બધાની ક્ષમા માગી વધારે ડોનેશન સ્વીકારવાની ના પાડેલ હતી. ખરેખર રાજેશભાઈ અને તેમની ટીમનું કાર્ય ખૂબ જ ઉમદા છે.

**મેહુલ પોપટલાલ ધોળકિયા**
**ધોળકિયા હસુમતિબેન પોપટલાલ કાળીદાસ ચેરીટેબલ ટ્રસ્ટ-અમદાવાદ**

## છડી : શ્રી રાજેશ રાવલની...

**■ કવિશ્રી જસવંત મહેતા**

*ઝૂલું છું જેમાં હું એ તારી ખાટ છે, માલિક.*
*સમસ્ત વિશ્વ બનારસનો ઘાટ છે, માલિક.*
**ડૉ. એસ.એસ. રાહી (ઝાલાવાડી)**

પૃથ્વી ઉપરનાં ઘણાય સમર્થ માણસોની મનની ઈચ્છા પામી જનાર આપણા ઝાલાવાડનાં સમર્થ ગઝલકાર ડૉ. એસ.એસ. રાહીજીએ શ્રી રાજેશ રાવલ જેવા માણસના મનમાં ઈશ્વર પ્રત્યેની ભાવને જાણી, માણીને ઉજાણી કરતાં આ શેર લખ્યો હશે ! જેમાં વૈશ્વિક ભાવનાનાં દર્શન થાય છે. આપણા જ પોતાનાં જ પરિચિત વ્યક્તિ વિશે લખવાનું કેમ ટાળી શકાય.

પરસેવો તો બધાને વળે, કાર્ય કરે તેને ય વળે ને ન કરે તેને ય વળે, પરંતુ જેમાંથી અત્તર જેવી સુગંધ આવે એ જ સાચો પરસેવો. એવા નીતરતાં પરસેવાનાં પરમ મરમી શ્રી રાજેશ રાવલ વિશે થોડું લખવાનું મન થઈ આવે. જેમને પીર કે પથ્થરનાં દેવ બની પૂજવાની આકાંક્ષા, મહત્વકાંક્ષા નથી, અત્યારે તો માણસો બીજાનાં ચહેરા લઈને નીકળી પડે છે. એવા સમયમાં પોતાનો મૂળ સેવા કાર્યનો ચહેરો ક્યાંય દર્શાવે તો કંઈ ખોટું ક્યાં છે ? ચહેરા વગરનાં માણસો પૂજવાની ખેવના લઈને નીકળી પડે છે ત્યારે આ માણસ તેનાં સત્કર્મોનાં સુંદર ચહેરા સાથે સમાજના અરિસામાં પ્રતિબિંબિત થવાની આજની આ ક્ષણે તેમનાં ઉમદા, ઉત્તમ, સંનિષ્ટ અને સત્કર્મનાં ચહેરાને વિનમ્રતાથી શબ્દોથી ભાવપૂર્ણ વાત મૂકું છું.

જેમની ભાવના વિશુધ્ધ અને લોહીના લાલ રંગ જેવી, જેમને સમાજ દર્પણમાં બધાં જ પોતીકા લાગે એટલે જ એક શેર તેમને સમર્પિત કરવાનું મન થઈ આવે છે.

*હું યે માણસ, તું યે માણસ,*
*સૌનું લોહી લાલ ફકીરા.*
*એની મેડીએ બેસીને,*
*થૈજા માલામાલ ફકીરા.*
*-ઝાકીર ટંકારવી.*

કશાય આડંબર વિના એકધારા આઠ-આઠ કલાક સતત મથતાં રહેવું, કોઈને મળવું, પૂછવું, માર્ગદર્શન આપવું, સાહસ કરવાની પ્રેરણા આપવી, પ્રશંસા કરવી ને નિઃસહાયના આંસુ લૂછવું એ જ જેમનું ગંગાસ્નાન છે, સમયનું ભાન ભૂલી જવું એ જ એમની કર્તવ્યનિષ્ઠા છે. ગૃહસ્થીને શોભે એવું ઉમદા જીવન જીવનાર વ્યક્તિ, અંગત સંસારને પૂર્ણ ન્યાય આપવાની સાથે સાથે સેવાના ભગીરથ સંન્યાસી બનવું ક્યાં સહેલું છે ? પણ શ્રી રાજેશ રાવલ માટે સહેલું છે. કારણ કે તેમના દિલમાં વિધવા બહેનોનાં આંસુ લુછવાનો પ્રેમ છે એટલે તો કહેવાનું મન થઈ આવે છે કે 'સેવાના સંસારી સાધુ' જેમનો સંસાર જ સેવા છે. એવા આ કર્મયોગિની ષષ્ટીપૂર્તિ પ્રસંગે તેમની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ત્રણ દાયકાથી ચાલતું નિર્ધાર



વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર, નિર્ધાર સાહિત્ય વર્તુળ, નિર્ધાર સાપ્તાહિકનાં સ્થાપક શ્રી રાજેશ રાવલનાં પરિચયમાં હું સાતમા-આઠમા દાયકાથી છું. ૧૯૭૧ થી ૧૯૭૫નાં વર્ષોમાં મારા કૉલેજકાળ દરમિયાન હું તથા મારા સાહિત્ય મિત્રો શ્રી મુકેશ માલવણકર (ગુજરાતી ફિલ્મ જગતનાં પટકથા-સંવાદ-લેખક, કવિ, નાટ્યલેખક અને નિવૃત્ત આકાશવાણી રેડિયો સ્ટેશનનાં ડિરેક્ટર) શ્રી રાજેશભાઈ રાવલના પિતાશ્રી પરિમલકાન્ત રાવલજી પાસે પતરાવાળી સામેની ગલીમાં જતાં, ત્યારે પણ શ્રી રાજેશભાઈનો વિનમ્ર આવકાર એવો જ હતો. એ દિવસો યાદ કરતાં લાગે કે તેમનાં સ્વભાવગત લક્ષણો આજે વટવૃક્ષ બનીને સમાજને છાંયો બની રહ્યા છે. તેનો આનંદ વ્યક્ત કરવાનો આ અવસર છે. આ અવસરે જરૂર એટલું લખું છું કે આવા સેવાનાં ભેખધારીનાં ધૂણાં જ્યાં સુધી સમાજમાં ધખે છે ત્યાં સુધી સમાજમાં દુઃખ નહીં રહે.

આ માણસનું કાર્ય એવું છે કે તે એકલીટીની ઉપર લીટી ક્યારેય નથી બનાવતો. એ તો એની આગવી પગદંડીનો માલિક છે. તેમની વિવિધ પગદંડીઓ જેવી કે વિધવા મહિલાનું સ્વાવલંબન, પુર્નવસન, રોજગારી, વિધવાનાં બાળકોની સંભાળ, જિલ્લાની તમામ વિધવાઓને મળતી તમામ સહાયની સેવા સમાજમાં શોભિત છે, સુવાસિત છે, આવકારદાયક છે, અભિનંદનીય છે ને અનુકરણીય છે.

યુવાન વયે દૃષ્ટિ ગુમાવનાર આ વ્યક્તિ ઘરમાં નિઃસહાય બેસી રહેનાર ન બની, સામાજિક ક્ષેત્રે અને સાહિત્યનાં ક્ષેત્રે યોગદાન આપવા તત્પર બની, કરૂણા, માનવતા, સેવા પરાયણતાંના ભાવ સાથે લોક વચ્ચે આવી લોકબોલીમાં (આડંબર કે અહંકાર વગર) લોકસેવાર્થે ખપી જવાની ખેવનાવાળા આવા ઉમદા વ્યક્તિત્વને લાખ લાખ સલામ સાથે... જય મહાદેવ.

**શુભેચ્છા સંદેશ...**

શ્રી રાજેશભાઈ રાવલની સૌમ્ય અને સશક્ત પ્રતિભાથી રૂબરૂ થવાની તક મને મળેલ છે. જીવનની થપાટો સામે જેમણે હતોસ્તાહિત થયા વગર હામ ભીડી અને કાળના લલાટ પર એની સ્યાહી થી પોતાની ભાગ્યરેખાઓને નવ વળાંકો આપ્યા હોય એ વ્યક્તિના લેખની આર્જવથી વહે, એ સ્વયંભૂ ઘટના બની રહેતી હોય છે.

શ્રી રાજેશભાઈ રાવલની કલમમાં એક ઉમદા અવલોકનકર્તા તરીકેની એમની ઓળખ છતી થયા વિના રહેતી નથી. એમની કલમ શ્વસે પણ છે અને ધબકે પણ છે. એમની લેખનીમાંથી બ્રહ્મ પ્રગટ થયા કરે એવી અંતર્મનથી શુભકામનાઓ...

**–દીપક મેઘાણી**
આઈ.પી.એસ.
ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ, વડોદરા

# વિધવા બહેનોના આધાર સમાન રાજેશભાઈ રાવલ

■ ડૉ. પી.સી. શાહ

સેવાભાવી અને સમાજસેવા ક્ષેત્રે આગવું અને અવનવું સ્થાન ધરાવનાર, અનેક નિરાધાર વિધવા બહેનોના આધાર સમાન રાજેશભાઈ રાવલ આજે તેમની જીવનસફરનાં ૬૦ વર્ષ પૂરાં કરી ૬૧માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે.

ઈશ્વર સદાય આપને સ્વસ્થ જીવન અને દિર્ઘાયુ પ્રદાન કરે તેવી મંગળકામના.

જન્મ દિવસ મુબારક.

આપના અથાગ પરિશ્રમ અને પ્રયત્નોથી વિધવા મહિલાઓના સ્વાવલંબન, રોજગારી અને પુનઃર્વસનની કામગીરી આજે વટવૃક્ષ સમી પાંગરી છે.

ટૂંક સમયમાં 'નિર્ધાર' સંસ્થાને એક સુંદર, વ્યવસ્થિત આવાસ કમ કાર્યાલય સાંપવડાનું છે તે માટે અભિનંદન...

આપના આ નિઃસ્વાર્થ સેવા યજ્ઞની જ્યોત હંમેશ માટે પ્રજ્વલિત રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

*જિંદગી જીના આસાન નહીં હોતા,*
*બિના સંઘર્ષ કે કોઈ મહાન નહીં હોતા,*
*જબ તક ન પડે હથૌડે કી ચોટ,*
*પથ્થર ભી ભગવાન નહીં હોતા.*

શારિરીક, માનસિક જેવા અનેક સંઘર્ષો સામે આપ અડગ ઊભા રહીને, તેનો સામનો કરી એકલે હાથે અનેક વિધવાઓના જીવનમાં ઉજાસ પાથરવાનો જે પ્રયત્ન કર્યો છે તે ખરેખર અભિનંદનીય છે.

હે પ્રભુ, જોજે નથી આપ્યું તેનો અફસોસ ક્યારેય નહીં કરું, કારણ કે તે એવું પણ ઘણું આપ્યું છે જેની મેં કલ્પના પણ નહોતી કરી.

આપની આ પ્રાર્થના પ્રભુએ સ્વીકારી આપને ખૂબ ખૂબ બીજું ઘણું આપ્યું છે જે અમારી સૌ પાસે નથી.





પી.જી.વી.સી.એલ.ના ચીફ એન્જિનીયર, સમાજ સેવક, વર્ષોથી નિર્ધાર સંસ્થામાં જોડાયેલા શિરીષભાઈ ઓઝા સાહેબ નિર્ધારના સ્થાપક શ્રી રાજેશ રાવલનું ફુલહારથી સન્માનિત કરતા તસ્વીરમાં નજરે પડે છે

# વિધવા બહેનોના પાલક પિતા

■ ગૌરવ જાની

'મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું - મુજ હૈયામાં વહ્યા કરે,

શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.'

આ પંક્તિને ખરેખર સાર્થક કરનાર અને અનેક નિરાધાર મહિલાઓને દિકરીનું સ્થાન આપી તેમનું જતન કરનાર કોઈ વિરલ વ્યક્તિત્વ હોય તો તે રાજેશભાઈ છે.

આમ તો તેમના વિશે લખીએ એટલું ઓછું છે. છતાં પણ કહેવું પડે કે ઈશ્વરે તેમના બાહ્ય ચક્ષુ ભલે છીનવી લીધા હોય પણ તેમને ભીતરી ચક્ષુથી લોકોની પીડાના દર્શન કર્યા છે અને હા માત્ર દર્શન નથી કર્યા પણ તે પીડાને દૂર કરવાનો પ્રયાસ પણ કર્યો છે. જેના હૃદયમાં નિરાધાર મહિલાઓ માટે અનુકંપા છે, કરુણા છે. તેમને પગભર કરીને સમાજમાં ઉચ્ચ સ્થાન આપવાનો જુસ્સો છે તે રાજેશભાઈ આજે નિરાધાર મહિલાઓના મસીહાનું કાર્ય કરી રહ્યા છે.

આપણે ત્યાં અનેક સમાજ સુધારકોએ સમાજના વિકાસ માટે અનેક કાર્યો કર્યા છે. અમુક જડ પરંપરા, ખોટા રિવાજો જેમ કે દિકરીને દૂધ પીતી કરવી, વિધવાઓ પુનઃ લગ્ન ના કરી શકે, વિધવાઓએ દુઃખી જીવન જીવવું, સમાજમાં તેને માન ન મળવું, આવી માન્યતાઓ હતી ત્યારે રાજા રામમોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ જેવા મહાનુભાવોએ આ માન્યતાઓને દૂર કરી મહિલાઓને નવું જીવન આપ્યું છે. હાલના તબક્કે જો આ કાર્ય કોઈ કરી રહ્યું હોય તો તે રાજેશભાઈ રાવલ છે.

આપણે ત્યાં અંધ વ્યક્તિ માટે 'સુરદાસ' શબ્દ વપરાય છે. 'સુર'નો અર્થ થાય છે 'દેવ'. એક સમયે જે કાર્ય દેવતાઓ કરતા હતા તેવું કાર્ય આજે તેમના દાસ થઈને અથવા સુરદાસ થઈને રાજેશભાઈ રાવલ કરી રહ્યા છે.

અહીં એક પ્રસંગ યાદ આવે છે કે એક સૂરદાસ રોજ મંદિરે ભગવાનના દર્શન કરવા જાય છે. ત્યારે કોઈએ પૂછ્યું કે તું તો અંધ છે, તને ભગવાન દેખાય છે. ત્યારે તે અંધ વ્યક્તિ (સૂરદાસ) ખૂબ સરસ જવાબ આપે છે કે હું અંધ છું પણ મારો ભગવાન. હું તેને જોઈ શકતો નથી પણ ભગવાન તો મને જોઈ શકે છે કે આ અંધ રોજ મારા દર્શન કરવા આવે છે. કહેવાનો અર્થ એટલો જ કે રાજેશભાઈ અંધ હોવા છતાં તેને બધામાં ભગવાનના દર્શન કર્યા અને નિરાધાર લોકોની પૂજા રૂપી સેવા પણ કરી. તેને લાઈવ ચક્ષુથી નહીં પરંતુ ભિતરી ચક્ષુથી લોકોની પીડાને જાણી અને દૂર કરવાનો પ્રયાસ પણ કર્યો.

*ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા.*



આ પ્રાર્થનાની ઉક્તિને રાજેશભાઈએ સાર્થક કરી છે. તેને વિધવા બહેનોના દુઃખ દૂર કરવાનો પ્રયાસ કરીને એના જીવનમાં અજવાળા ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. ઈશ્વરે તેમને અંધત્વ આપ્યું સાથે સાથે મમત્વ આપ્યું. તેમને અંધત્વનો સહર્ષ સ્વીકાર કરીને વિધવા બહેનો પ્રત્યે પિતા જેવું મમત્વ રાખ્યું અને બધાને મમતા ભરી દૃષ્ટિથી જોયા.

આવા સેવાના ભેખધારી દૃષ્ટિ ના હોવા છતાં દીર્ઘદૃષ્ટા અને અનેક નિરાધાર મહિલાઓના પાલક પિતા બનનાર રાજેશભાઈ રાવલને વંદના જ હોય.

# બીજાના જીવનમાં અજવાળા પાથરતા માણસ એટલે રાજેશભાઈ

■ ડૉ. નિખિલેશ દેસાઇ–સુરેન્દ્રનગર

અંતરના અજવાળાથી જોતા અને જીવતા-શ્રી રાજેશભાઈ રાવલને ષષ્ઠીપુર્તિ નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન - વંદન

- નજરથી નહીં દૃષ્ટિથી આરપાર જોતો માણસ એટલે શ્રી રાજેશભાઈ રાવલ.
- પોતાના દુઃખની ઈંઢોણી બનાવી ઉપર વિધવા બહેનોના દુઃખની ગાગર ઉંચકીને ચાલતો માણસ એટલે શ્રી રાજેશભાઈ રાવલ.
- અજવાળાને જોતો નહીં પણ બીજાના જીવનમાં અજવાળા પાથરતો માણસ એટલે શ્રી રાજેશભાઈ રાવલ

એમણે વિધવા બહેનોના ખાલી આંસુ નથી લુછ્યા, પણ એમણે ખુદ્દારી, ખુમારી સભર જીવવાનુ સન્માન આપ્યું છે. એમણે ઘણી વિધવા બહેનો અને તેમના કુટુંબીજનોને લાચારી મુક્ત જીવન જીવતા કર્યા છે. કોરોનાના કપરા કાળમાં પણ એમણે સેવાની જ્યોત ચાલુ રાખી હતી.

પોતાના પૂજ્ય માતા-પિતાને સાચી શ્રદ્ધાંજલિ આપવા એમણે એમના નામના એવોર્ડથી કવિઓ, લેખકો, સાહિત્યકારોને અને સમાજમાં જુદા જુદા ક્ષેત્રમાં કામ કરતી વિધવા બહેનોને માન-સન્માનિત કર્યા છે. એમણે સમાજના એવા ક્ષેત્રમાં કામ કર્યું છે જેને લીધે વિધવા બહેનો ખુદ્દારી-ખુમારી અને આત્મ સન્માનથી સભર જિંદગી જીવી રહ્યાં છે.

આમ દિવાની નહીં પણ પોતાની જાતને અજવાળીને સમાજમાં રાહ ચીંધતો માણસ એટલે શ્રી રાજેશભાઈ રાવલ.

॥ શતમ્ જીવેન શરદઃ ॥ આપને અભિનંદન - વંદન

॥ હરિ ૐ ॥

# સેવા, સદ્‌ભાવના અને સદ્‌વિચારનો ત્રિવેણી સંગમ : શ્રી રાજેશભાઈ રાવલ

■ **જૈમિનીબા કિરીટસિંહ ઝાલા**

૨૨ વર્ષની યુવાન વયે પતિ કિરીટસિંહનું વાલની બીમારીમાં અવસાન થયું. ત્યારે મારી સ્થિતિ ઉપર આભ-નીચે ધરતી જેવી હતી. મોટી પુત્રી પૂજા ૨ વર્ષની અને ૯ માસની મિત્તલની જવાબદારી સાથે હું વૈધવ્યનો ભોગ બની. ફાંટાબાજ કુદરતે ૪ વર્ષના લગ્નજીવનના ટૂંકાગાળામાં મારા જીવનમાં મધ્યાહને સૂર્યાસ્ત કર્યો. હું મનથી ભાંગી પડી. બે પુત્રીના ઉછેર સાથે જીવન નિર્વાહ માટે શું કરવું ? તે પ્રશ્નથી હું બેચેન હતી. કુદરતે સંકલિત બાળ વિકાસ યોજનાની આંગણવાડી કાર્યકર તરીકે મને નોકરી મળી. નાના ભુલકાઓની મા જશોદા થવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. સમયનું ચક્ર ચાલતું હતું. દુઃખનું ઔષધ દાડા કહેવત મારા માટે સાચી પડી. બાલ્યાવસ્થાથી બીજાને મદદ કરવી, બીજાનું દુઃખ દૂર કરી સુખ મેળવવું મને ગમતું. નોકરીની સાથે બીજાને મદદ કરવાનું ગમતું. હું કામ કરવા ઉત્સુક હતી અને એ મંઝિલ તરફ મને કુદરતે મેળાપ કરાવ્યો. શહેરમાં નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર વિધવા બહેનો માટે કામ કરતી સંસ્થા રાજેશ રાવલ નામનાં પ્રજ્ઞાચક્ષુ ચલાવે છે તે સમાચાર શાંભવીબેન શુક્લએ આપ્યો અને હું નિર્ધાર સંસ્થાના કાર્યાલયમાં પ્રથમવાર રાજેશભાઈને મળી. તેમનું કામ, તેમનું વ્યક્તિત્વ, વિધવા પ્રત્યેની તેમની સહાનુભૂતિથી હું પ્રભાવિત થઈ અને મેં નિર્ધાર કર્યો કે હું આ સંસ્થામાં નિઃશુલ્ક સેવા આપીશ.

તા. ૨૨-૫-૨૦૦૬એ કોઠારી બાલમંદિર ખાતે યોજાયેલ શૈક્ષણિક કિટ વિતરણ કાર્યક્રમથી મેં આ સંસ્થામાં સેવા આપવાનું કામ શરૂ કર્યું. દરરોજ અસ્ખલિત રીતે આંગણવાડીથી છૂટીને નિર્ધાર સંસ્થાના કાર્યાલયમાં સેવા આપવા પહોંચવું તે મારો નિત્યક્રમ બની ગયો. નવા વિધવા બહેનોના પ્રવેશ ફોર્મ ભરવા, જુદી જુદી સહાયની કિટ બનાવવી, હિસાબી કામ કરવું, દાતાઓને પત્ર લખવા વિગેરે કાર્ય મારા માટે નવું હતું, પણ રાજેશભાઈના માર્ગદર્શન નીચે આ તમામ કાર્યનો મને બહોળો અનુભવ થયો અને આ કાર્યો સહજતાથી શીખવાનો મને આનંદ થયો.

એક પ્રજ્ઞાચક્ષુ સમાજસેવક દૂરંદેશીથી સંસ્થાનું કુશળતાપૂર્વક સંચાલન કરે તે પ્રત્યક્ષ અનુભવ આ સંસ્થા સાથે જોડાયા પછી મને થયો. નાની ઉંમરે વૈધવ્યનો ભોગ બનેલા સમદુઃખિયા બહેનોને હું મળું ત્યારે મને મારો ભૂતકાળ યાદ આવે. નાની દિકરીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે હું મક્કમપણે વિચારતી



રહી. તેમને સારું શિક્ષણ મળે અને તેમની આવતીકાલ પ્રજ્જવલિત બને તે માટે નિર્ધાર સંસ્થા દ્વારા મને અનેકવાર શિક્ષણ માટે સહાય મળી. પરિણામે મારી બંને પુત્રીને સારું શિક્ષણ આપવા મારા સંકલ્પને હું સાકાર કરી શકી છું. 'નિર્ધાર'માં જોડાયા પછી મારો માનસિક વિકાસ થયો છે. રાજેશભાઈ જાહેરમાં કહે છે કે જૈમિનીબા મારા માનસપુત્રી છે. હું તેમનામાં પિતા, મોટા ભાઈ, શ્રેષ્ઠ માર્ગદર્શકના દર્શન કરું છું. ૧૬ વર્ષ રાજેશભાઈ સાથે કામ કર્યા પછી હું સ્પષ્ટ માનું છું કે મક્કમ મનોબળ, દૃઢ સંકલ્પ શક્તિ અને આગવી વિચારધારાના રાજેશભાઈ સ્વામી છે. આજે આ સંસ્થામાં હું ટ્રસ્ટી માનદ્ મંત્રી છું. મને વીટીવી દ્વારા સને ૨૦૧૪માં શ્રેષ્ઠ માતાનો રાજ્ય કક્ષાનો એવોર્ડ પ્રાપ્ત થયો છે જે નિર્ધારને આભારી છે.

રાજેશભાઈ સાથે કામ કરવું મને સહજ એટલે લાગ્યું કે તેઓ તમામ પ્રકારના કાર્યમાં કુશળ છે. દાતાઓને પત્ર લખવા, નિમંત્રણ કાર્ડ લખવું, વહીવટી હિસાબી કામની ફાઈલો તૈયાર કરવી આ બધા કાર્યોમાં રાજેશભાઈનું સીધું જ માર્ગદર્શન પ્રાપ્ત થાય એટલે હું તમામ કાર્યોમાં પ્રવીણ બની ગઈ છું.

'જીભમાં અમી તો દુનિયા નમી' ઉક્તિને રાજેશભાઈએ ચરિતાર્થ કરી છે. તેઓ કુશળ વક્તા છે. કોઈપણ વિષય પર માહિતીસભર વાત કરવાની કુદરતે તેમનામાં પ્રભાવશાળી શક્તિ આપી છે. આવા રાજેશભાઈ જિંદગીના છ દાયકા પૂર્ણ કરે છે ત્યારે હું તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવી તેમની તંદુરસ્ત દિર્ઘાયુની કામના કરું છું.

અસ્તુ

## ભાઈ નહીં ! પણ મોટાભાઈ...

■ ગીતાબેન પી. મોરી

૩૨ વર્ષની યુવાન વયે હું વૈધવ્યનો ભોગ બની. પતિએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું. બે પુત્ર, બે પુત્રીની જવાબદારી મારા શીરે આવી પડી. સાત ધોરણ સુધીનું શિક્ષણ લીધેલી હું એકાએક આવી પડેલ આપત્તિથી હતાશ થઈ. ચાર બાળકો સાથે જીવન નિર્વાહનો પ્રશ્ન પેચીદો હતો. પારકા ઠામ-વાસણ, કપડાં, પરચૂરણ કામ કરી જીવનનો ગુજારો કરવા સિવાય કોઈ રસ્તો ન હતો. બધા જ બાળકો સગીર આઠથી બે વર્ષની વયજૂથના હતા. ફાંટાબાજ કુદરતે હર્યાભર્યા કુટુંબનો માળો વિખેરી નાખ્યો હતો. આવા સમયે મને માહિતી મળી કે એક અંધ સમાજ સેવક વાદીપરામાં વિધવા બહેનો માટે કામ કરે છે. મારી બે વર્ષની પુત્રી ઉર્વિને લઈને હું પ્રથમવાર રાજેશભાઈને મળી. મારા જીવનમાં ઝબકારો થયો. આશાનું કિરણ પ્રજ્જવલિત થયું. નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રમાં હું જોડાઈ. માત્ર સહાય લેવા નહીં પણ મારા જેવા સમદુઃખીયા વિધવા બહેનોની મદદ કરવા માટે. આ વાતને બાવીસ વર્ષના વહાણા વહી ગયા. નિર્ધાર ટીમના એક કાર્યકર - ટ્રસ્ટી તરીકે હું સેવા આપી રહી છું.

રાજેશભાઈના નેતૃત્વમાં નિર્ધાર સંસ્થાએ શૂન્યમાંથી સર્જન કરી વટવૃક્ષ જેવું સ્થાન સમાજમાં પ્રાપ્ત કર્યું છે. મારા પુત્રના લગ્ન સમયે મદદ અને પુત્રી ઉર્વિના લગ્નનો તમામ ખર્ચ નિર્ધારના માધ્યમથી સમાજે ઉપાડી લીધો હતો. જીવનમાં અનેક ઊંચા ચઢાણો વચ્ચે સુખ-દુઃખની છાયડી મારા માટે પડકારરૂપ રહી હતી. આ વિકટ સમયે એક મોટાભાઈ તરીકે રાજેશભાઈ મારી સાથે રહ્યા. તેમણે મારા જીવનમાં ધૈર્ય, આશ્વાસન અને હિંમત આપી મારા જીવનને નવપલ્લિત કર્યું છે. ચારેય સંતાનનો ઉછેર, તેનું ભરણ પોષણ, તેના શિક્ષણ માટે મને સદાય આર્થિક વિડંબણા રહી છે. સંકલિત બાળ વિકાસ યોજનાની આંગણવાડીમાં મામૂલી પગારથી હેલ્પર તરીકે હું જોડાઈ ગઈ. નિર્ધાર સંસ્થા સાથે મારો નાતો મજબૂત બન્યો. સંસ્થાની તમામ પ્રવૃત્તિઓમાં હું રસપૂર્વક કામ કરતી રહી. પરિણામે, મારા જીવનનો પરિતાપ દૂર થયો છે. રાજેશભાઈ છેલ્લા ૨૨ વર્ષથી વડીલબંધુની ભૂમિકા ભજવી મારા પરિવારને સધિયારો આપ્યો છે તે ભૂલી શકાય તેમ નથી.

પુત્રી ઉર્વિના લગ્ન વખતે હું મુસીબતમાં હતી. આ પડકાર રાજેશભાઈએ સ્વીકારી મારી પુત્રીને કરિયાવર સાથે રંગેચંગે પરણાવી મારા જીવનનો ભાર હળવો કર્યો છે. કદાચ મારા પતિ પ્રવિણ મોરી હયાત હોત તો પણ આવા ધામધૂમથી લગ્ન શક્ય ન હતા.

મારા જીવનમાં ઉજાસ પ્રગટાવી હતાશ દૂર કરી મારા જીવનને બીજાને ઉપયોગી બનાવવા પ્રેરણા આપનારા મારા ભાઈ નહીં પણ મોટાભાઈ રાજેશભાઈ રાવલ જિંદગીના છ દાયકા પૂર્ણ કરી રહ્યા છે ત્યારે હું તેમની તંદુરસ્ત દિર્ઘાયુની પ્રાર્થના કરુ છું.





**પીતામ્બર પીઠ સંસ્થાના સ્થાપક શ્રી મહેન્દ્રભાઈ રાવલ દ્વારા નિર્ધારના સ્થાપક શ્રી રાજેશ રાવલને 'ઝાલાવાડ સેવા ભૂષણ' એવોર્ડ આપતાં તસ્વીરમાં દૃષ્યમાન થાય છે**

## શ્રી રાજેશભાઈ એક ક્રાંતિકારી વ્યક્તિ, એક નવો વિચાર અને નવો રાહ...

■ ગજેન્દ્ર એચ. રાવલ/જ્યોતિબેન રાવલ

શ્રી રાજેશભાઈ પ્રેમશંકર રાવલ અમારા રાવલ કુટુંબના હીરા સમાન વ્યક્તિ છે. મારા કાકાના દીકરા ભાઈ સ્વભાવે એકદમ શાંત અને સૌમ્ય ચહેરો ધરાવતા અને ઉચ્ચ વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ છે. અમો કાકા-દાદાના મળી કુલ ૧૧ ભાઈઓમાં સૌથી નાના ભાઈ રાજેશભાઈ રાવલ છે.

આશરે ૩૫ વર્ષની નોકરી પૂર્ણ કરી નિવૃત્ત થવા જઈ રહ્યાં છે, ત્યારે તેમના યાદગાર પ્રસંગો અને તેમની કારકિર્દી બાબતે થોડા શબ્દોમાં મારી લાગણી વ્યક્ત કરું છું.

નાની ઉંમરમાં આંખોની દ્રષ્ટિ ગુમાવી હોવા છતાં અડગ મન રાખીને આગળ વધ્યાં અને શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન કરી સમાજને નવો રાહ બતાવ્યો. નાની ઉંમરમાં સરકારી નોકરી સ્વીકારી લઈને અવકાશના સમયે સાહિત્યનું વિશાળ વાંચન કરી, તેમની સાહિત્ય પ્રત્યેની રુચિને ઉજાગર રાખી અને વિશિષ્ટ પ્રકારના સંવેદનશીલ પત્રકાર, વાર્તાકાર અને કવિ વિગેરે પદવીઓ ધારણ કરી. સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા બહેનોનું પિયર એટલે 'રાજેશ નિવાસ'. 'નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર' તરીકે સમગ્ર ગુજરાતમાં પ્રસિધ્ધ છે. આંખોની દ્રષ્ટિ નહીં હોવા છતાં એક અડગ મનનો માનવી શું ન કરી શકે ? તેનું ઉદાહરણ એટલે શ્રી રાજેશભાઈ રાવલની સંઘર્ષમય જિંદગી. જિંદગીમાં અનેક ચડાવ-ઉતારને જોનાર અને તેનો હિંમત પૂર્વક સામનો કરનાર રાજેશભાઈ રાવલ એટલે એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ. જેઓને ગુજરાત રાજ્યના માનનીય ગવર્નરશ્રીના હસ્તે સન્માનપત્ર મળેલ અને આજદિન સુધી ગુજરાતમાંથી અનેક પ્રકારના એવોર્ડ મેળવેલ છે.

વિધવાઓના આંસુ લુછવાનું કામ તેમની મનગમતી અને લાગણીસભર પ્રવૃત્તિ છે. કોઈપણ જાતના વ્યસન વગર દિવસના ૧૨ કલાક વિધવાઓની કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં તેઓ પ્રવૃત્ત રહે છે. તેમના આ ભગીરથ કાર્યમાં તેમના પત્ની શ્રીમતિ પારૂલબેન રાવલ તથા બંને પુત્રીઓ ચિ. દિપાલીબેન અને ચિ. ઉર્મિબેન તથા પુત્ર ચિ. આનંદ અને ચિ. ક્રિષ્નાનો મોટો ફાળો છે. તેમની હૂંફ અને સાથ-સહકારથી તેમને આ પ્રવૃત્તિ કરવાનો જુસ્સો મળતો રહે છે અને તેમને પ્રેરણા મળતી રહેશે.

સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા બહેનોના સ્વાભિમાન અને પુનર્વસન માટે તેમનો ફાળો ખરેખર પ્રસંશાને પાત્ર છે અને સમગ્ર ગુજરાતમાં વિધવા બહેનોની અનેકવિધ કાર્ય કરતી સંસ્થાઓમાં ફક્ત સુરેન્દ્રનગરમાં આ એક જ સંસ્થા અજોડ છે અને સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાનું ગૌરવ સમાન છે. તેમની દીર્ઘદ્રષ્ટિ અને કામનું આગોતરું આયોજન ખરેખર પ્રસંશાને પાત્ર છે. તેમની આ પ્રવૃત્તિથી સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના રાજકીય આગેવાનો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને સમાજના અગ્રગણ્ય સમાજ



સેવકો તેમની પ્રવૃત્તિથી પરિચિત છે.

તેઓની નિવૃત્તિ બાદ તેઓ લાંબુ દિર્ઘાયુષ્ય ભોગવે અને શરીરની તંદુરસ્તી સારી રહે તેવી ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ. તેમના દ્વારા તેમના માતા-પિતા માટે જે તન-મન-ધનથી વિવિધ કાર્યક્રમોના આયોજન કરી અંજલિ આપેલ છે, તે ભૂલી શકાય તેમ નથી. સરકારી નોકરીમાં તેમની સરળ સ્વભાવ અને કાર્યકર્તા તરીકેની છાપ તેમના ખાતામાં કાયમ માટે યાદગાર બની રહેશે. તેમના ખાતામાં નિવૃત્ત થયેલ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ તેમના અનેકવિધ કાર્યક્રમોમાં હાજરી આપી તેમને બિરદાવતા રહે છે. જે તેમની નોકરીનું ભાથું છે. તેમને શુભેચ્છા પાઠવીએ છીએ.

## એક ઘરદીવડો – રાજેશભાઈ

■ ગિરીશ ભટ્ટ

સાલ યાદ નથી.

બકુલ દવેએ તેમનો શાબ્દિક પરિચય આપ્યો હતો. એક રાજેશ રાવલ છે, મારા મિત્ર છે. તેમને પણ રેટિનાની તકલીફ થઈ હતી. ના મટ્યું. દિવ્ય ચક્ષુ છે. સેવા પ્રવૃત્તિઓકરે છે વાદીપરાની છ નંબરની શેરીમાં.

એ યાદ નથી કે એ પછી અમે ક્યારે મળ્યા ? ને ક્યારે મિત્ર બની ગયા.

ઓળખવા જેવા માણસ, વિધવાઓના ભાઈ, અનેક સેવાપ્રવૃત્તિઓના સફળ સંચાલક, સારા વક્તા, સરળ, નિખાલસ - એમ પરિચય વિસ્તરતો ગયો. સ્વ. સુમંત રાવલ અમને વિશેષ નિકટ લાવ્યા હતા.

રાજેશભાઈની સેવા પ્રવૃત્તિઓની સુવાસ દશે દિશામાં ફેલાઈ રહી હતી. કાંઈ એમ જ ના બને. તેમની દ્રષ્ટિ, તેમની દ્રઢતા, તેમની લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાનો નિર્ધાર અને બલિદાન-એ જ કારણભૂત છે.

પાઈ પાઈનો હિસાબ, પારદર્શક વહીવટ હોય તો દાનની વર્ષા થાય. તેમના એકપણ કાર્ય ક્યારેય અટક્યા નથી.

ભરોસાનું જતન કરે છે રાજેશભાઈ. લગભગ ૧૦૯૫ વિધવાઓના જીવનમાં ઉજાશ પથરાયો. સાધનો, અનાજ, મીઠાઈ, વસ્ત્રો, વ્યાજ વિનાની લોન અને યાત્રાઓ.

સુમંત રાવલ કહેતા કે તેમને મેગ્સેસે એવોર્ડ મળવો જોઈએ. શી જરૂર છે એવાં સન્માનોની જે અનેકના હૃદયમાં સ્થાન પામ્યા હોય ? અંધો વિશે મેં ચારેક વાર્તાઓ લખી છે જેમાંની એક જોગાનુજોગના પરેશભાઈ અને રાજેશભાઈ થકી મળ્યા છે.

જય હો આ ઘર-દીવડાની.

# મા + મા : રાજેશમામા

■ કુ. જહાન્વી જયેશભાઈ પરમાર

ત્રણ વર્ષ પહેલાં મારા પિતાનું અવસાન થયું. પિતાના અવસાનને કારણે હું દુઃખી અને ઢીલી થઈ ગઈ હતી. મન મક્કમ અને મજબૂત રાખીને ભાઈને સાથ આપી મમ્મીને જીવન જીવવાનો નવો રાહ સાથે અમે ચાલ્યા. એકવાર મને જાણવા મળ્યું કે વાદીપરા, શેરી નં.-૬ માં એક પ્રજ્ઞાચક્ષુ વિધવા બહેનો માટેની સંસ્થા ચલાવે છે. હું ત્યાં તેમને મળવા ગઈ ત્યારે પ્રથમ મુલાકાત મને રાજેશભાઈ નામના સંસ્થાના સંસ્થાપક સાથે થઈ. થોડા મહિના બાદ તેમના કાર્યાલયમાં હું જોડાઈ - મારાથી થતી સેવા આપવા. કાર્યાલયમાં થતું પેપરવર્ક, કોઈપણ પ્રકારની કિટ બનાવવી તથા કાર્યક્રમમાં સન્માનિત બહેનોનો પરિચય કેવી રીતે આપવો આ બધી જ વાત મને આ સંસ્થાના સ્થાપક રાજેશમામાને કારણે શીખવા મળી. જીવનમાં એકાએક આવો સમય આવી જતાં બીજી તરફ ઈશ્વરે મને દીર્ઘદૃષ્ટિ, દયાળુ અને સૌ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા રાજેશમામા સાથે મેળાપ કરાવ્યો.

સંસ્થામાં થતાં કાર્યથી જીવનમાં ડગલે ને પગલે થતી બહેનોની મુશ્કેલી તથા સમસ્યાનું યોગ્ય નિવારણ રાજેશમામા સિવાય કોઈ જ ના કરી શકે. કેમ કે જેટલી ધીરજ, પ્રામાણિકતા આ કાર્યમાં જોઈએ તે મેં મારા રાજેશમામામાં જોયું છે. મને મારા શિક્ષણ માટે આર્થિક મદદ કરી તથા મને પોતાની દીકરી સમજીને મારી અનેક મુશ્કેલીઓનું રાજેશમામાએ સોલ્યુશન આપ્યું. જીવનમાં અનેક પાસાઓને કેવી રીતે હેન્ડલ કરવા અને સૂઝબૂઝથી કામ કરવું એ સંસ્થામાં જોડાયા બાદ મને જાણવા મળ્યું. મામા એટલે મા + મા. કુટુંબના કોઈપણ વ્યક્તિ ધ્યાન ન રાખે પણ સંસ્થામાં આવ્યા પછી મને મારું સાચું કુટુંબ મળ્યું છે તેનો મને આનંદ છે.

ઈશ્વર જીવનમાં જે કંઈ પણ કરે છે. તેનો સહજ સ્વીકાર કરી આગળ વધવું એ મારા મમ્મી માટે તથા મારા ભાઈ અને મારી માટે ખૂબ જ મુશ્કેલ હતું. છતાં ઈશ્વરે આ સમયમાં પણ એક ઈશારો કરી સારા લોકો છે એમ બતાવી તેમની સાથે મુલાકાત કરાવી. મુલાકાત થઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે બહેનોની પરિસ્થિતિ કેવી હોય છે અને તેમનું ધ્યાન રાજેશમામા કેવા મેનેજમેન્ટ સાથે રાખે છે તે જાણી આનંદ થયો. રાજેશમામાને સાંઈઠ વર્ષ પૂરાં થાય છે ત્યારે ઈશ્વર તેમને ખૂબ લાંબુ દીર્ધાયુ બક્ષે તેવી પ્રાર્થના...



# કળિયુગ કે સત્યુગ ?

■ મીના કીર્તિ મહેતા

'ઘણા લોકો કહેતા હોય છે કે અત્યારે કળિયુગ ચાલી રહ્યો છે - અત્યારે કોઈને સારા અનુભવો ન થાય.'

ઉપરની વાત સાથે હું સહમત થઈ શકતી નથી... જ્યારે કોઈ મુઠ્ઠી ઉંચેરા માનવી સતત બીજાના સુખનો વિચાર કરે છે, કુદરતી આવી પડેલ આપત્તિમાંથી બહાર કાઢે, એમના અશ્રુને લુછવા મદદ કરે, રોજગારી અપાવે અને હૂંફ આપે, એમના બાળકોને ભવિષ્યને સુરક્ષિત બનાવે ત્યારે અનેક સદ્‌ગૃહસ્થો પોતાના પરસેવાના પુણ્યથી બનાવેલી સંપત્તિમાંથી દાનની સરવાણી કરે... ત્યારે તે માનવતાના મૂલ્યોથી સુશોભિત માનવીઓને વંદન થઈ જાય છે અને સત્યુગની અનુભૂતિ થાય છે.

સદ્‌ગહસ્થોથી શોભતો સમાજ અને માનવતાના શિખર ઉપર અંધ આંખે અનોખું સ્વપ્ન જોતા માનવી એટલે કે રાજેશભાઈ રાવલને જોઈ અનેરો આનંદ અને પરમાનંદ સાંપડે છે.

પ્રજ્ઞાચક્ષુ આંખના સ્વપ્ન પણ પૂરા થઈ શકે છે... જો તેમાં ક્યાંય નીજી સ્વાર્થ ન હોય, ખુમારી હોય, સતત અન્યના સુખનો વિચાર હોય અને ખાસ તો અનેક દાતાઓનો સાથ હોય તો એના સ્વપ્નને સાકાર થતા કોઈ રોકી નહીં શકે.

નિર્ધાર સંસ્થાના નિરાધાર વિધવા બહેનો માટે એક માનવતાના મંદિર જેવું એક મકાન બની રહ્યું છે. જ્યાં વિધવા બહેનોને રોજગારી મળશે, અનેક રીતે સદ્‌કાર્ય થશે અને સુખનું સરનામું મળશે. તે માટે આપ જેવા માનવતાથી મહેંકતા દાતાઓને વિનંતી કરું છું કે પ્રજ્ઞાચક્ષુ રાજેશભાઈ રાવલની ષષ્ઠીપૂર્તિ જન્મ દિવસે દાનની સરવાણીથી એમની ઝોળી છલકાવી દેશો અને પુણ્યના ભાગીદાર બનશો.

## સેવાના ભેખધારી : રાજેશભાઈ

**■ નરેન્દ્રભાઈ પ્રજાપતિ**

સુરેન્દ્રનગરમાં જેનું નામ ગાજે છે તે, સુરેન્દ્રનગર અને તેની આસપાસના વિસ્તારના ગામોમાં વિધવા, ત્યક્તા અને નિરાધાર બહેનોના સાચા સગાભાઈ એટલે શ્રી રાજેશભાઈ રાવલ.

ઉચ્ચ બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા અને માતા-પિતા દ્વારા સંસ્કારોથી સંચિત એવા શ્રી રાજેશભાઈએ એક ગોઝારા દિવસે દૃષ્ટિ ગુમાવી અને તેમના સંસ્કાર તેમને સેવાકાર્યમાં લઈ આવ્યા.

ઈ.સ. ૨૦૦૨માં તેમને એક સુંદર વિચાર આવ્યો. આ સુંદર વિચારનું પરિણામ એટલે તેમણે સ્થાપેલી સંસ્થા...'નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર.'

'રાજેશ નિવાસ', વાદીપરા, સુરેન્દ્રનગરમાં રહી તેઓ પોતાનું કાર્ય કરે છે. તેમની પ્રવૃત્તિ સમાજ સેવા પણ ખાસ કરીને વિધવાઓ સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે માટે બ્યુટી પાર્લર, સિવણ, કોમ્પ્યુટર જેવા વિષયોની તાલીમ આપે છે. તેઓ જુદા જુદા તહેવારો જેવા કે દિવાળીમાં તેઓને મીઠાઈ, કપડાં, સાડી વિગેરે આપે છે. સંસ્થા સાથે ૧૦૯૫ જેટલી જરૂરિયાતમંદ બહેનો સંકળાયેલી છે. એમના સંતાનોને શૈક્ષણિક કીટ આપે છે. મહિલા સભ્ય બહેનોને દવા અને બીજી જરૂરિયાતો પણ પૂરી પાડે છે.

બીજી સહયોગી સંસ્થાઓ વારંવાર સહયોગ આપે છે. માનવ કલ્યાણ ટ્રસ્ટ, વડવાળા મંદિર ટ્રસ્ટ, માનવ જ્યોત-મુંબઇ જેવી સંસ્થાઓનું યોગદાન મોટું છે.

આવી સેવાના ભેખધારી શ્રી રાજેશભાઈ રાવલ સ્વભાવે સૌમ્ય, શાંત, મિલનસાર અને ખૂબ જ દયાળું છે. અમારી સંસ્થા તેમની પ્રવૃત્તિ આવીને આવી રીતે ફૂલીફાલીને વટવૃક્ષ બને તેવી શુભ કામના પાઠવે છે.

*શુભેચ્છક :*

*માનવ કલ્યાણ ટ્રસ્ટ - મણિનગર*

*સદ્ વિચાર પરિવાર - મણિનગર*

*રામરોટી સત્સંગ મંડળ - મણિનગર*






**ભારતીય જનતા પાર્ટી દ્વારા નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમમાં વઢવાણના પૂર્વ ધારાસભ્ય વર્ષાબેન દોશી, ધનરાજ કૈલા, પૂર્વ સાંસદ શંકરભાઇ વેગડ, પૂર્વ જિલ્લા પ્રમુખ દિલીપભાઈ પટેલ રાજેશ રાવલનું બહુમાન કરતા તસ્વીરમાં નજરે પડે છે**

## શ્રી માધવ સ્મૃતિ ટ્રસ્ટ રાજકોટ

## શ્રી પીતાંબરા પીઠ શોધ સંસ્થાન કર્ણાવતી

## ઝાલાવાડ સેવા ભૂષણ એવોર્ડ





### ભાઈશ્રી રાજેશભાઈ પ્રેમશંકર રાવલ

આપને, શ્રી માધવ સ્મૃતિ ટ્રસ્ટ(રાજકોટ), તથા શ્રી પીતાંબરા પીઠ શોધ સંસ્થાન(કર્ણાવતી)ના સયુંક્ત ઉપક્રમે આ એવોર્ડ માટે પસંદ કરાતા પસંદગી સમિતિ ના, અમો સૌ ગૌરવ અનુભવીએ છીએ. ઝાલાવાડના સુરેન્દ્રનગરમાં, પ્રાથમિક શિક્ષકના સામાન્ય પરંતુ સંસ્કારી બ્રાહ્મણ પરિવારમાં જન્મીને તમે સેવાક્ષેત્રે જે સફળતા હાંસલ કરી છે તે ખરેખર પ્રસંશનીય છે. ગુજરાતમાં ૨૦૦૧માં આવેલ **ધરતીકંપે,** માનવ જીવન અસ્ત વ્યસ્ત કરી નાખ્યું હતુ. ત્યારે તમારા જીવનમાં તો મોટા મોટા બે ભૂકંપ આવ્યા. ૨૦૦૧ ની સાલમાં આવેલ ધરતીકંપમાં તમે મકાન ગુમાવ્યુ અને ૨૦૦૨માં આવેલ શારીરિક ભૂકંપમાં તમે આંખો ગુમાવી. વ્યક્તિ એક ભૂકંપથી ડરી જાય – થાકી જાય – હારી જાય ત્યારે તમે બબ્બે ધરતીકંપ સહન કરી અડગ રહ્યા. અને આથી જ તમોને **ઝાલાવાડ સેવા ભૂષણ એવોર્ડ** માટે પસંદ કરવામાં આવે છે. પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ બીજાને **સહારે જીવન જીવે,** ત્યારે તમે બીજાને સહારો આપો છો.

શ્રી રાજેશભાઈ તમે **વિધવા મહિલા કલ્યાણની** પ્રવૃતિ દ્વારા ૮૫૧ કરતાં પણ વધારે વિધવા બહેનોને ટેકારૂપ બન્યા છો.**'જીવન ખોયા પછીનું સુખ'** જેવા લેખ દ્વારા તમે સુરેન્દ્ર નગરમાં જ નહિ પરંતુ સમગ્ર ઝાલાવાડની સેવાક્ષેત્રની વ્યક્તિ તરીકે ઉપસી આવ્યા છો. તમે સફળ **લોક સેવક** હોવા ઉપરાંત સારા લેખક, કવિ અને પત્રકાર પણ છો. **'નિર્ધાર'** નામક સામાયિક દ્વારા ઝાલાવાડની ધરતીના સમાચાર ઘર ઘરમાં પહોંચાડો છો. **'કાકા કાલેલકર યુથ કાઉન્સીલ'** દ્વારા તમે **સાહિત્ય સેવા અને યુવા સંગઠનનું** કાર્ય કરી રહ્યા છો. ઝાલાવાડમાં તમારી સેવાની સુવાસ પ્રસરી રહી છે. તમને સેવાની કદર રૂપે.....

**(૧) ૨૦૦૯માં અંધ સર્વોદય મંડળ દ્વારા 'પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા' એવોર્ડ**
**(૨) ૨૦૧૦ માં ગુજરાત રાજયના રાજયપાલ દ્વારા 'ધરતી રત્ન' એવોર્ડ**
**(૩) ૨૦૧૧ માં દીપચંદ ગાર્ડી દ્વારા 'સેવા રત્ન' એવોર્ડ**
**(૪) ૨૦૧૩ માં સી.યુ.શાહ પ્રજ્ઞા ચક્ષુ સેવાકુંજ દ્વારા 'પંડિત સુખલાલ' એવોર્ડ મળ્યા છે. આજે**
**(૫) ૨૦૧૪ માં શ્રી માધવ સ્મૃતિ ટ્રસ્ટ-રાજકોટ તથા શ્રી પિતાંબરા પીઠ શોધ સંસ્થાન-કર્ણાવતી દ્વારા** 'ઝાલાવાડ સેવા ભૂષણ' એવોર્ડ મળી રહ્યો છે.

આજનો દિવસ ઘણી રીતે વિશિષ્ટ છે. આજે તમારા પિતાજી **સ્વ.કવિ પરિમલકાંત રાવલની** શતાબ્દિનો ઉત્સવ ઉજવાય છે. આપ્તજન વંદના અને કવિસંમેલનના કાર્યક્રમો પણ છે. આવા શુભ અવસર પર અને શુભ દિવસે, પરિવારના આપ્તજનો વચ્ચે ઝાલાવાડના સેવા ક્ષેત્રના ગણમાન્ય અગ્રણીઓની ઉપસ્થિતીમાં, બહોળા લોકસમર્થન સાથે આ એવોર્ડ અર્પણ કરતાં આનંદની લાગણીઅનુભવીએ છીએ.

પરમ કૃપાળુ પરમાત્મા તમોને સ્વાસ્થ્યપૂર્ણ, દીર્ઘ જીવન આપે અને તમો આવી રીતે ઝાલાવાડની ધરતીની સેવા કરતા રહો તેવી શુભેચ્છા સાથે....

કમલેશભાઈ જોશી (પ્રોફેસર)
ઉપ પ્રમુખ
શ્રી પીતાંબરા પીઠ શોધ સંસ્થાન

મહેન્દ્રભાઈ રાવલ
પ્રમુખ
શ્રી માધવ સ્મૃતિ ટ્રસ્ટ





**જન સુરક્ષા ફાઉન્ડેશન દ્વારા નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્રના સ્થાપક રાજેશ રાવલને એવૉર્ડ આપતાં તસ્વીરમાં નજરે પડે છે**

**આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ**

રજી. નં. ઈ - ૩૧૪૧ (મુંબઈ પબ્લિક ટ્રસ્ટ)
ઓફીસ નં. ૫,૬,૭, આભૂષણ કોમ્પલેક્ષ, મહાદેવનગર સોસાયટી, નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦૦૧૪. ફોન : ૦૭૯ - ૨૬૪૬ ૮૯૯૩, ૯૪૦૮૫૦૭૧૦૨

# " ધરતી-રત્ન એવોર્ડ "

## શ્રી રાજેશભાઈ પ્રેમશંકર રાવલ
## શ્રીમતી પારૂલબહેન રાજેશભાઈ રાવલ

આપશ્રીનું મકાન ૩૯ વર્ષની ઉંમરે ધરતીકંપમાં ધરાશાયી થયું. આપશ્રી ૪૦ વર્ષની ઉંમરે પ્રજ્ઞાચક્ષુ થયા. જીવનમાં આફતો આવી. પરંતુ હતાશ ન થયા. કપરી આફતોને આપશ્રીએ સફળ અવસરમાં ફેરવી બતાવી છે. પ્રજ્ઞાચક્ષુ થયા પરંતુ અંતરના દિવ્યચક્ષુ દ્વારા વિધવા બહેનોનાં જીવનની અંધાર કોટડીમાં આપના દિવ્ય આત્માના દિવાએ અજવાળા પાથર્યા. આપશ્રી આજરોજ ૬૦૦ થી વધુ વિધવા બહેનોની એવી સેવા કરી રહયા છો કે તે બધી બહેનો તમારામાં ભગવાનના દર્શન કરે છે.

આંખની ખેવના નથી, આંખથી ઉડીને ઉંચે ન જવાય,
પ્રવૃતિની પાંખે ઉડીને ઉંચે ને ઉંચે, ઉડી રહેલા ..... શ્રીરાજેશભાઈ ...............

તમારી મહેકતી સેવાવૃત્તિની અનેક આવૃતિઓ
થતી રહે...થતી રહે...થતી રહે...

આપને 'ધરતી રત્ન' નું સન્માનપત્ર *મહામહિમ ડૉ. શ્રીમતી કમલાજીના* વરદ હસ્તે સાલ ઓઢાડી રૂા. ૫૦૦૦/- ના પુરસ્કાર સાથે અર્પણ કરતાં સંસ્થા ધન્યતાની લાગણી અનુભવે છે.

**એવોર્ડ પસંદગી સમિતિ**

| | |
|---|---|
| શ્રી એમ. બી. શાહ | - અધ્યક્ષશ્રી - ફોર્મર જસ્ટીસ : સુપ્રીમ કોર્ટ |
| શ્રી એન. વી. વસાણી | - ડાયરેક્ટર જનરલ, નિરમા યુનિવર્સિટી |
| શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલ | - સીએમડી. સદ્ભાવ એન્જી. લી. |

તારીખ : ૦૯-૦૧-૨૦૧૧, રવિવાર
સ્થળ : અમદાવાદ

આર. એસ. પટેલ
પ્રમુખ
(આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ)





સિનિયર સીટીઝન ક્લબ-વઢવાણ દ્વારા સેવાકુટીરના માધ્યમથી નિર્ધાર સંસ્થાના સ્થાપક પ્રજ્ઞાચક્ષુ સમાજ સેવક શ્રી રાજેશ રાવલનું અભિવાદન કરાયું તે પ્રસંગની તસ્વીરમાં સેવાકુટીર-વઢવાણના ચેરમેનશ્રી ભવાનીસિંહ મોરી તથા અન્ય મહાનુભાવો તસ્વીરમાં દૃષ્ટિગોચર થાય છે.

## વિધવા-ત્યકતા-દુ:ખિયારાના બેલીને અંતરના અભિનંદન...

# સન્માન પત્ર



### શ્રી રાજેશભાઈ પ્રેમશંકર રાવલને અર્પણ....

**સુઘડ-સ્વચ્છ જીવન એ પૂર્વની કમાણી છે, સેવામાં હંમેશ પ્રવૃત્ત રહેવું એ એક લ્હાવો છે, જ્ઞાનનું પ્રત્યારોપણ એ એક મહાદાન છે, પ્રતિકૂળતામાં પણ સાતત્ય જાળવવું ભગીરથ કાર્ય છે.**

શ્રી રાજેશભાઈ પી. રાવલ, આપશ્રીને ભગીરથની ઉપમા આપવી એ યોગ્ય જ ગણવી રહી, કારણ સાચું જ છે કે, આપે પોતાના સુખરૂપ, હેમખેમ અને ભર્યાભર્યા જીવનમાં ચાલીસીએ પહોંચ્યા બાદ દેહનું મુખ્ય અંગ એવા ચક્ષુઓએ દ્રષ્ટિલક્ષી કાર્યનો વિરામ કર્યો. અનેક ઉપચારો વ્યર્થ થવા છતાં આપશ્રી પ્રબળ પ્રજ્ઞાના માલિક અને અનેક દુ:ખિયારાઓના પથિક બનવા સાથે વિધવા-ત્યકતા બહેનોના સર્વાંગી વિકાસક્ષેત્રે ઉત્થાન માટે જન્મજાત સેવાના ભેખધારી હો તેવું પ્રતિપાદિત કરી રહયા છો, તેથી જ ઉપરોક્ત ઉપમાને લાયક આપ છો.

આપશ્રીનો જન્મ તા. ૨૮-૦૧-૧૯૬૨ ના રોજ સુરેન્દ્રનગર ખાતે ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારમાં થયો. માતા-પિતાના સુસંસ્કાર આપનામાં ઓતપ્રોત થયા. આપે સુરેન્દ્રનગરમાં તાલુકાશાળા નં. ૬ માં પ્રાથમિક શિક્ષણ મેળવીને માધ્યમિક શિક્ષણ 'શેઠ એન.ટી.એમ. હાઈસ્કૂલ'માં મેળવ્યું. ત્યારબાદ આપે અમદાવાદ સ્થિત 'સંસ્કૃત વિદ્યાલય, શ્રી ભાગવત વિદ્યાપીઠ - સોલા' ખાતે રહીને સંસ્કૃત વિસારદની ઉપાધિ પ્રાપ્ત કરેલ. સાથે પૂર્વ-સેવા-તાલીમ રાજકોટમાં લીધેલ છે.

આપશ્રીએ સને ૧૯૮૦માં વ્યાવસાયીક ધોરણે સેલ્સમેનશીપ પણ કરેલ. ૧૯૮૧માં સુરેન્દ્રનગર ખાતે 'કાકા કાલેલકર યુથ કાઉન્સીલ'ની સ્થાપના કરીને આ યુથ સંગઠનને જાગૃત કરીને સારી એવી સામાજિક પ્રવૃત્તિઓ કરેલ. ૧૯૮૪માં આપશ્રી ૪થા વર્ગના કર્મચારી તરીકે ખેતીવાડી વિભાગમાં નોકરીમાં દાખલ થયા. સાથેસાથે આપના તરવરિયા અંતરાત્માએ રચનાત્મક અભિગમનું ક્ષેત્ર વિસ્તારીને ૧૯૯૯માં વિધવા-ત્યકતા બહેનોને સ્વાવલંબી બનાવવા માટે 'નિર્ધાર' નામક વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર' ની સ્થાપના કરીને આવી દુ:ખીયારી બહેનોના હિતાર્થે અને તેઓના પુનર્વસન, રોજગારી, સામાજિક પ્રશ્નો જેવા કાર્યોને આપે અથાગ પ્રયત્નો સાથે સુજ્ઞ સખી દાતાશ્રીઓના સથવારે તેમના બાળકો માટે શૈક્ષણિક કીટ્સ, દિવાળી, સાતમ-આઠમ જેવા પર્વોએ મિઠાઈ-ફરસાણનું વિતરણ, સમયાંતરે વિધવા-ત્યકતા બહેનો માટે દર્શન, યાત્રા-પ્રવાસ, સાડીનું વિતરણ, સેમીનાર, સ્વરોજગારલક્ષી શિબિર, સર્વરોગ નિદાન કેમ્પ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે હાલમાં પણ ઓતપ્રોત છો.

આ કલ્યાણ કેન્દ્રની સ્થાપના વેળાએ ૫૧ જેટલી વિધવા-ત્યકતા બહેનોની સંખ્યાથી શરૂ થયેલી આ સેવાકીય પ્રવૃત્તિઓ વિસ્તરીને આજે ૫૮૦ની સંખ્યા ધરાવતું આ કેન્દ્ર વિધવા-ત્યકતા બહેનો માટેનું પિયરીયું બની ગયું છે. જેના કાર્યમાં સમાજના શ્રેષ્ઠીશ્રીઓ, સુજ્ઞ મહાનુભાવશ્રીઓ, દાતાઓનો પૂર્ણ સહયોગ મેળવો છે તે આપની કર્તવ્યનિષ્ઠાને આભારી છે.

આપના સેવાકીય કાર્યમાં આપના ધર્મપત્ની શ્રીમતી પારૂલબેન રાવલ કે જેઓ 'નિર્ધાર' મુખપત્રના તંત્રી છે, જેઓ પણ આપના આ ભગીરથ કાર્યમાં ખભેખભો મિલાવી કાર્યરત છે.

આપશ્રી પત્રકારત્વ સાથે સાહિત્યરૂપી મનખો હોવાથી સાહિત્યક્ષેત્રે પણ સારી નામના મેળવી છે.

કુદરતને મંજૂર ન હોય તેમ આપશ્રી તા. ૦૨-૦૪-૨૦૦૨ ના રોજ અંધત્વનો ભોગ બનયા. 'મન હોય તો માળવે જવાય' એ ઉક્તિએ આપે ચર્મચક્ષુથી નહીં, પ્રજ્ઞાચક્ષુથી આવા ભગીરથ કાર્યને આગળ ધપાવવા જીવનની ચાલીસીએ આંખો ગુમાવવા છતાં હિંમત, હામ, જોશ, સ્ફૂરણાના સથવારે એ જ કાર્યશૈલીથી આ સામાજિક કાર્યને વેગ આપી રહયા છો, તે એક પ્રશંસનીય અને બિરદાવવા લાયક હકીકત છે.

તેથી જ આપના આવા સામાજિક કાર્યોના પરિપાકરૂપે આપશ્રીને આ સન્માનપત્ર અર્પણ કરતાં અમો હર્ષ-આનંદ અનુભવીએ છીએ.

સ્થળ : ગોંડલ
તારીખ : ૨ - ૮ - ૨૦૦૯ (રવિવાર)

લી. આપના

શ્રી અશ્વિનભાઈ કે. પારેખ
(પ્રમુખશ્રી)
શ્રી છગનભાઈ કે. પટેલ
(ઉપપ્રમુખશ્રી)

શ્રી હિમાંશુભાઈ વી.ટોળિયા
(મંત્રીશ્રી)
શ્રી રતીભાઈ એન. મકવાણા
(સહમંત્રીશ્રી)

★ શ્રી અંધ સર્વોદય મંડળ - રાજકોટ ★





સુરેન્દ્રનગરના ૫૫૧ વિધવા મહિલાઓને અનાજ કીટ વિતરણ કાર્યક્રમમાં
પ્રવચન આપતાં રાજેશ રાવલ

સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ આયોજીત

શ્રી ચંન્દ્રકાંતભાઇ-હિમ્મતલાલ શાહ, રાજકોટ અને સ્વ.સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા, રાજકોટ પ્રેરીત પંડિત સુખલાલજી પુરસ્કાર

# સન્માન પત્ર

## શ્રી રાજેશભાઈ પ્રેમશંકર રાવલ

દિલમાં છે કરૂણા ઘણી દિલમાં દયાનુ સ્થાન, દિલમાં દુનિયા સમાવીને કિધા સેવાના દાન,
નાત જાતના ભેદ વિના વહાલ વહાવ્યું ખુબ, વિધાવાને ભગીની ગણી ભલુ કિધુ છે ખુબ

દુ:ખ અને સુખ માનવ જીવન સાથે વણાયેલા છે. માણસનુ સાચું ઘડતર દુ:ખમાં થાય છે. દુ:ખને દૂર કરવાની મથામણમાં માનવ વિકાસપંથે આગળ વધી સુખી બનીને સમાજને કઇંક આપી જાય છે. આવી જ કઇંક જીવન ગાથા આપની પણ છે.

આપ બંને આંખે આ દુનિયાને જોઇ ચુક્યાં છો અને આજે બંધ નયને પણ દુનિયાને જોઇ રહ્યાં છો. ખુલ્લી આંખે પણ આપ સમાજ સેવાના માર્ગે હતા અને બંધ આંખે પણ આપ સમાજ સેવાના માર્ગે ચાલી રહ્યાં છો. આપ પૂજ્ય પ્રેમશંકર રાવલ અને માતા તારાબહેનના પરીવારમાં જન્મ્યાં અને આપે સાચા અર્થમાં તારાની જેમ ચમકી સમગ્ર વિશ્વમાં પ્રેમ પાથરવામાં સફળ થયા છો. આપે ન્યુ એસ.એસ.સી સુધીનુ શિક્ષણ અનુક્રમે સુરેન્દ્રનગરની તાલુકા શાળા નં. ૬ માં અને એન.ટી.એમ.હાઇસ્કુલમાં લીધેલ છે. આપ સંસ્કૃત વિશારદની ડીગ્રી સોલા ભાગવત વિધાપીઠમાંથી મેળવી ચુક્યાં છો. આપે સમાજ સુધારણાના ક્ષેત્રે અનેક યુવા સંગઠનોનુ નેતૃત્વ કર્યુ છે અને અનેક સામાયિકોમાં સફળ સંપાદક તરીકેની ભુમિકા અદા કરી ચુક્યાં છો. આપે ૧૯૯૯ થી વિધવા બહેનોના ઉધ્ધાર માટેની કામગીરી શરૂ કરી છે અને આપ આજે પણ ૩૫૦૦ જેટલી વિધવા બહેનોને એક ભાઇ તરીકેની સાંત્વના આપી રહ્યાં છો. આપે અનેક દાતાઓની સહાયથી વખતો વખત વિધવા બહેનોના પુન:ર્વસન માટે, તેમના બાળકોના શિક્ષણ માટે, તેમની અનાજ સહાય માટે, તેમની વસ્ત્ર સહાય માટે, તેમને તહેવારો માં મિઠાઇ વિતરણ માટે, શ્રાવણમાસમાં વિધવા બહેનોની તિર્થયાત્રા માટે અનેક કાર્યક્રમો કરી ચુક્યાં છો અને હજુ પણ જીવન પર્યત આ સેવાયજ્ઞ ચલાવવાની આપની નેમ છે. ખુબ ગરીબીમાં ઉછર્યા હોવા છતાં આપે હિમ્મતભેર આગળ વધીને સમાજને પ્રેરણા મળે તેવા કામો કરવાની પરંપરા જાળવી રાખી છે.

આપના લગ્ન પારૂલબહેન સાથે થયા બાદ આપને બે પુત્રી રત્નો પ્રાપ્ત થયા અને એક પુત્રરત્ન પણ પ્રાપ્ત થયેલ છે. આપે આપની નજીવી રોજીનુ સુંદર આયોજન કરીને દિકરા દિકરીઓના પ્રસંગોને ખુબ સફળતા પૂર્વક ઉકેલ્યાં છે. આપ પિતૃઋણના હિમાયતી છો તેથી આપ ૨૦૧૩, ૨૦૧૪ નુ વર્ષ પિતાની જન્મ શતાબ્દી વર્ષ તરીકે ઉજવવા માટે સમર્થ છો અને આ ભવ્ય કાર્યક્રમોમાં આપ કોઇનો પણ સહકાર લીધા વિના આપના ખર્ચે જ સમાજની અનેક વિભુતિઓને આપ સન્માનિત કરનાર છો. તે ખરેખર સમાજ માટે પ્રેરણાદાયી બાબત છે.

૨૦૦૨ માં આંખ ગુમાવ્યા છતાં આપ હિમ્મત હાર્યા નહી અને આપે આપનો સેવાયજ્ઞ ચાલુ રાખેલ છે. આપની ભવ્ય કારકિંદીને સન્માનપત્રમાં સમાવવી શક્ય નથી. પણ બંધ આંખે આપ જે કામ કરી રહ્યાં છો તે કામ સમાજ માટે પ્રેરણાદાયી હોય. અમે સ્વ. વિનોદાબેન કે. શાહ અખિલ ગુજરાત અંધમહિલા વાનગી સ્પર્ધાના પુરસ્કાર વિતરણ સમારંભમાં આપને સન્માનિત કરતા અનોખા આનંદની લાગણી અનુભવીએ છીએ અને આપને રૂ. ૨૧૦૦૦/- ના પંડિત સુખલાલજી પુરસ્કાર સાથે સન્માનિત કરતા પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ તમને હિમ્મત પુરી પાડે અને તમારા વરદ્હસ્તે સેવાના કામો થતા રહે અને તમે સહપરીવાર તંદુરસ્તી પ્રદ દિઘાર્યુ મળે એજ પ્રાર્થના...

લિ. અમો છીએ.


સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ આયોજીત શ્રી ચંન્દ્રકાંતભાઈ હિમ્મતલાલ શાહ, રાજકોટ અને સ્વ.સુરજબેન કામદાર સ્મૃતિ સહયોગ અંબા, રાજકોટ પ્રેરીત પંડિત સુખલાલજી સન્માન સમિતિના સભ્યો

તા. ૧૯/૦૧/૨૦૧૩, સ્થળ :- સી.યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સુરેન્દ્રનગર






અતિ વૃષ્ટિને કારણે નીચાણવાળા વિસ્તારમાં ખુબ પાણી ભરાયેલ જેના કારણે સૂકીભાજી અને થેપલાનું વિતરણ કરતા રાજેશ રાવલ








શ્રી રમેશભાઈ ભૂતડાના જન્મદિવસ નિમિતે 'સેવા એવૉર્ડ'
રાજેશ રાવલને આપતાં પ્રવિણસિંહ ઝાલા એડવોકેટ



ફોન : ઑ. ૨૮૩ રેસી. ૨૫૫ ગ્રામ : PRINTERY

**સુરેન્દ્રનગર જિલ્લા સહકારી મુદ્રણાલય લિમિટેડ**

મણિલાલ કોઠારી માર્ગ,
સુરેન્દ્રનગર. ૩૬૩ ૦૦૧
તા.

સામાહિક

પ્રમાણપત્ર

આથી પ્રમાણ પત્ર આપવામાં આવે છે કે શ્રી. રાજેશકુમાર. પ્રેમશંકરભાઇ રાવલ સાથે છેલ્લા પાંચ વર્ષથી હું સારી રીતે પરિચિત છું તેઓ નિષ્ઠાવાન, વફાદાર, કાર્યકુશળ યુવાન છે.

પ્રમાણિકતા તેમના લોહીમાં છે. તેમની સાથે જે કુ કાર્ય યોજવામાં આવે અથવા તેમને જે કામ સુપ્રત કરવામાં આવે તે માટે તેઓ ભારે ચીવટ અને નિષ્ઠા ધરાવે છે. તેઓ સમય પત્રના લેખક હોવાના નાતે તેમના વધુ પરિચયમાં આવવાનું થયું છે.

: ભાનુભાઇ શુકલ. :

તંત્રી

સમય સાપ્તાહિક
સુરેન્દ્રનગર.





**અન્ન વિતરણ કરતા સેવાભાવી નિર્ધારના સ્થાપક રાજેશ રાવલ**




**પરમાર્થને પગલે કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદી, નગરપાલિકા પ્રમુખ વીરેન્દ્ર આચાર્ય રાજેશ રાવલને મોમેન્ટો આપી સન્માનિત કરતા તસ્વીરમાં નજરે પડે છે**



## વિધવાની વહારે – રાજેશ રાવલ
## ગાઢ અંધકારમાં એક ઝબકારો પથદર્શક

■ સ્વ. સુમંત રાવલ

વરસ બે હજાર બે..! માસ એપ્રિલ !! અને તારીખ બીજી !

શહેર સુરેન્દ્રનગર સ્થળઃ ૬, વાદીપરા, સહયોગ પાર્ક, 'રાજેશ નિવાસ'માં રાજેશ પ્રેમશંકર રાવલની આંખો સમક્ષ એક ઝબકારો થયો, વિજળીનો લીસોટો થયો, ઊડી જતી ટ્યુબ લાઈટ જેવો ચમકારો થયો અને ગાઢ અંધકાર છવાઇ ગયો, દિવો બુઝાઈ ગયો, રોશની ગુલ થઈ ગઈ. એકાએક કાળું દૃશ્ય દેખાવા લાગ્યું, એટલે રાજેશ રાવલ ગભરાઈ ગયાં. શરીરે પરસેવો છૂટી ગયો, હાથપગ ઠંડા પડી ગયા... આંખો ગઈ કે શું ? મનમાં એક સવાલ પેદા થયો... અને મનમાં જ ઉત્તર મળી ગયો ! ચાલીશ વરસની ઉંમરે આંખોના દિવડા રામ થઈ ગયા ! હજુ તો જિંદગીની અડધી લડાઈ પૂરી થઈ નથી. ત્યાં અંધારિયા કૂવામાં ફેંકી દીધો ! હજુ શિક્ષક પિતા પ્રેમશંકર ત્રિભોવન રાવલ, હજુ તો પોતાની ચાલીસમી વરસગાંઠ ઉજવ્યાને ત્રણ મહિના માંડ થયા હતાં, તે ગભરાઈ ગયા, પોતાની પત્ની પારૂલને ક્યા શબ્દોમાં કહેવું કે પારૂલ, હું સુરદાસ બની ગયો, બે દીકરી દિપાલી-ઉર્વી અને એક દીકરો આનંદ તો હજુ માત્ર પાંચ વરસનો હતો. એંસી વરસની વિધવા મા...! ના, હવે જીવવું નિરર્થક છે... રાજેશ રાવલ હતાશ થઈ ગયાં. આ પહેલાં એક આંખમાં મોતૈયાનું અને એક આંખમાં રેટીનાનું ઓપરેશન કરાવ્યું હતું. બધું ઠીકઠીક હતું, લ્યૂના ચલાવી શકાતું હતું. પોતે કેન્દ્રની પરીક્ષા પાસ કરી હતી. તદુપરાંત સોલા ભાગવત વિદ્યાપીઠમાં સંસ્કૃત વિશારદ થયાં હતા, સંઘર્ષમય દિવસોમાં સાયકલ પર બેસીને સેલ્સમેનનું કામ કર્યું હતું... અને નિશ્ચિત નોકરી મળતાં લગ્ન કર્યા, બાળકો થયાં, હવે એ બધા પરિચિત ચહેરા પોતે જોઈ શકતો નહિ. મુક્તાબેન ડગલી અને પંકજ ડગલી યાદ આવી ગયાં. એ દંપતિ અંધ હતું છતાં અંધશાળામાં કામ કરતાં હતાં. સેવાભાવી ભવાનીસિંહ મોરી, ડૉ. કુબાવતની મદદ લઈ અમદાવાદ ગયો.

કેવી દશા ! જીવન નિરશ લાગતું હતું માત્ર અવાજો અને સ્પર્શથી લોકોની ઓળખ થતી. અંધારાના દરિયા ઉલેચવાનો આ વ્યર્થ પ્રયત્ન હતો. તેની સાથે તેમનો ભાણો શૈલેષ ભટ્ટ હતો. ત્રણ વખત ઓપરેશન થયું, પત્નીએ સ્ત્રીધન વેચી નાખ્યું, ફીક્સ ડીપોઝીટના પૈસા ઉપાડી લીધા, ખૂબ ખરચ થયો, છતાં કંઇ પરિણામ નહિ ! જીવન ખાલીખમ થઈ ગયું. ખાલી થયેલી નાવ સપાટી પર આવી જાય તે રીતે વારંવાર આપઘાત કરવાનો વિચાર સપાટી પર આવી જતો હતો, શા માટે જીવવું ? બીજાનો ટેકો લઈને બીજાનો ભાર બનીને જીવવું !

હજારો અંધજન થયા છે, મન જવાબ આપતું હતું, તું એક અંધ નથી. અને અંધ તો દેખતા કરતા ય ઝાઝાં કામ કરે છે. તારા સામે જ પાંચ દંપતિનું ઉદાહરણ છે.

મારે નથી જીવવું...

તું નહિ જીવે તો તારા પરિવારનું કોણ ? તારી યુવાન પત્નીનું કોણ ? તારા ત્રણ બાળકો નબાપા થઈ જશે તેનો વિચાર કર્યો છે ??

ચાર વ્યક્તિએ તેને હિંમત આપી, તેનું જીવન ટકાવી રાખનાર આ ચાર વ્યક્તિને તે ક્યારે નહિ ભૂલે. દંપતિ પંકજ ડગલી અને મુક્તાબેન ડગલી, ખુમારીથી જીવન જીવનાર રાજપૂત યુવાન ભવાનીસિંહ મોરી અને યુવાન ડૉક્ટર કુબાવત સાહેબ... તે બધાનો એક જ સૂર હતો કે આંખ ભલે ગુમાવી પણ હામ કદી ન ગુમાવતાં ! હામ હશે તો તમારા નામ થશે, તમને કામ સુઝી આવશે અને કામ સૂઝી આવ્યું.

આંખો સામે રચાઈ ગયેલ અંધકારની અભેદ કાળી દિવાલમાં એક કાણું પડ્યું, એક નાની અમથી તિરાડ પડી અને તેના ઝાંખા ઝાંખા ઉજાસમાં એક દૃશ્ય દેખાવા લાગ્યું.

૧૯૯૯ માં રાજેશ રાવલ સુરેન્દ્રનગરથી બોટાદ તરફ જતી ટ્રેઈનમાં બેઠો છે, ખાલી ડબ્બામાં તેની સામે એક સ્ત્રી પોતાના બે બાળકોને ગોદમાં લઈને બેઠી છે. તે રડી રહી છે. ફાટલી સાડી, વીખરાયેલા વાળ, ઉઘાડા પગ વાળી આ સ્ત્રીના બે બાળકોની હાલત પણ અત્યંત ગરીબ અને દયનીય છે.

'કેમ રોઈ બહેન ?' રાજેશે પુછ્યું.

'ભાઇ મારા પર આભ તૂટી પડ્યું છે ?' 'શું થયું ?' 'મારો પતિ છ મહિના પહેલાં ગુજરી ગયા, સાસરીના ઘરમાં ઢોર જેવું કામ કર્યું. સાસુ-સસરાની સેવા કરી, પણ સાસુ-સસરા અને દેર-દેરાણી બધા એક થઈ ગયા. ઘરમાંથી જાકારો મળી ગયો.' વિધવાએ ડુસકું ભર્યું.

રાજેશ રાવલ ઉદાસ થઈ ગયાં. 'તો હવે ક્યાં જશો ?'

'બોટાદ... મારા મામાને ત્યાં.. મામાએ પત્ર લખ્યો, મારે ઘેર આવી જાવ ભાણી અમને ભારે નહિ પડે.' ફરી હીબકું ભર્યું આંસુ લુછ્યા, 'ત્યાં હીરાના કારખાનામાં કામ કરીશ અને આ મારા બાલુડાને ભણાવીશ.. બંને બાળકોના માથે હાથ મુકતા કહ્યું. બાળકોના માસુમ ચહેરા સામે ટગર ટગર જોઈ રહ્યા.

ઓહ... આજથી ત્રણ વરસ પહેલાં જોયેલું એ કામ અંધકારનો પડદો વીંધીને સામે આવી ગયું. તેના જીવનમાં ચાંદરણા બનીને અંજવાળા પાથરી ગયું, પોતે ક્યાં અંધ હતો ! પોતાની આસપાસ ઊભા હતા. જિલ્લામાં અનેક વિધવાઓના ચહેરા દેખાતા હશે. બંધ કપાળમાં તારલા, અને અનેક પડકારો હતા, જે સફેદ કપડામાં તેને ઘેરી વળ્યા, જાણે કહી રહ્યા... અમને ઉગારી લો.

અને બસ તે પાછી વહેતી સતકર્મની કેડી પર પકડાયેલા લીસોટાની ટેકણ લાકડી પકડીને તેમણે સંકલ્પ કર્યો વિધવા મહિલા કલ્યાણના કામ માટે.

આજે સુરેન્દ્રનગરના આંગણે નિર્ધાર વિધલા મહિલા કેન્દ્ર સંસ્થાનું ૧૯૯૯ માં વાવેલું બીજ એક વિરાટ વૃક્ષ બનીને સતત છાયો આપતું રહ્યું છે. 'નિર્ધાર' સાપ્તાહિક અને વાર્ષિક અંક દ્વારા વિવિધ લેખકો દ્વારા વિધવાના પ્રેરણાદાયી લેખ સાથે પ્રસિધ્ધ થાય છે. વિધવા માટે પુનર્વસન, સ્વાવલંબન અને રોજગારીની તકો પૂરી પાડવાનું અભિયાન. ગતિશીલ બનીને જિલ્લાભરમાં વિકસી ગયું છે. માત્ર ૫૧ વિધવા બહેનોથી શરૂ થયેલી આ કારકીર્દિ આજે ૧૦૯૫ ની સંખ્યા સુધી પહોંચી છે.

વરસ દરમિયાન જાન્યુઆરીમાં મકરસંક્રાંતિના દિવસે ઊંધિયું-લાડવાનું વિતરણ, દિવાળીમાં વિધવાના બાળકોને મીઠાઈનું વિતરણ, અનાજ વિતરણ, વચ્ચે વચ્ચે વિધવાની દીકરીના લગ્ન પ્રસંગે દાતા પાસેથી કરિયાવર તરીકે શેટી પલંગ, ખુરશી, ટીપોય, વાસણો આપીને વિધવાની દીકરીને વિદાય આપવામાં તે મોખરે હોઈ. તેમણે વિધવાને વાત્સલ્યન્યાન આપવાનું કામ કર્યું છે.

કાર્યાલયમાં જ્યારે પણ ફોન રણકે ત્યારે રિસીવર ઉપાડતા જ પહેલા શબ્દો હોય છે... હલ્લો નિર્ધાર કાર્યાલય-રાજેશ રાવલ. આંખો પર વાદળી કલરના ચશ્મા ચડાવીને રીવોલ્વીંગ ચેર પર બેસે ત્યારે તેમણે જોઈતી પત્રવ્યવહારની માહિતી, કાર્યક્રમના ફોટા આલ્બમ અને છાપામાં છપાયેલા લેખો દેખતાની જેમ ટેબલના ડ્રોઅર ખોલીને કાઢી બતાવે. સાંજે ગં.સ્વ. નલીનીબેન પટ્ટણી છાપું વાંચી સંભળાવે, તે એક ધ્યાનથી સાંભળે. એંસી કિલોનું વજન ધરાવતું શરીર, ઝભ્ભા લેંઘામાં કેદ હોય, અને અરજદાર સાથે ફોન પર ટેમ્પરેચર ગુમાવ્યા વગર બહુ સાફ અવાજમાં વાત કરે ત્યારે જોનારને લાગે કે ભગવાને તેમને વિધવા



બહેનોની સહાય માટે જ જન્મ આપ્યો હતો, તે બીજા રસ્તે ન વળી જાય એટલે જ ભગવાને આંખો છીનવીને તેમને સાચો રાહ બતાવ્યો હશે ! તે ઘણીવાર કહે હે છે ભગવાને મને આ કામ માટે પસંદ કર્યો તેનું મને ગૌરવ છે. આંખો ગુમાવવાનો લગીરે અફસોસ નથી, તેને લાગે છે કે વિધવા બહેનોની હજારો આંખો વડે તે વિશ્વને નવી દૃષ્ટિથી જોઈ શકે છે. ટેબલ પર પડેલા ટ્રાન્ઝિસ્ટર દ્વારા સમાચાર સાંભળે છે. મોબાઈલ દ્વારા માત્ર વાતો નથી કરતા કલાકે કલાકે કેટલો સમય વીત્યો તેની જાણકારી મેળવે છે. તેમનું નિર્ધાર કાર્યાલય બપોરના બારથી છેક આઠ સુધી ધમધમતું હોય છે. જે કોઇ આવે કે ફોન કરે તેને સાંભળી સમજ આપે ડ્રોઅર ખોલી પોતાના નામ લખવા ફોન સરનામા ફોન નંબરવાળું કાર્ડ આપે, મુંજાશો નહિ આ નંબરે ફોન કરજો. ફોન પર વિધવાનો અવાજ સાંભળે અને નામ કહી દે, નામ સાંભળે તો તેનો ઇતિહાસ પણ જાણે. તેમના દિમાગમાં વિધવાને લાયક પાત્રના નામઠામ હોય તે રીતે પુર્નલગ્ન કરાવી આપે છે.

વિધવા સિવાય પણ વિવિધ પ્રકારના સન્માનના કાર્યક્રમો યોજ્યા છે. વિશ્વ મહિલા દિને (તા. ૦૮-૦૩) સેવાજ્યોત ઍવૉર્ડ (ખાસ પ્રકારની સેવા કાર્ય કરતી મહિલા), ધર્મ જ્યોત એવોર્ડ (અંધશ્રધ્ધા નિવારણનું કામ કરતી મહિલા), શ્રમજ્યોત ઍવૉર્ડ (શ્રમ કરીને પરિવારનો ગુજારો કરતી મહિલા), ત્યાગજ્યોત ઍવૉર્ડ (પરિવાર માટે ત્યાગ કરનાર મહિલાને) ચાર ઍવોર્ડ આપીને પ્રોત્સાહિત કરે છે.

કોઇ અંધ પોતાના પિતાની જન્મ શતાબ્દિ યોજીને સ્વર્ગસ્થ પિતાની અપેક્ષા મુજબના કાર્યક્રમ યોજ્યા નહીં હોય. પોતાના કવિ શિક્ષક પિતા પરિમલકાન્તની ૨૦૧૩-૧૪ ના વર્ષ દરમિયાન પોતાની બચતની રકમમાંથી લાખ રૂપિયા જેટલી મૂડી ખર્ચીને એકસો વ્યક્તિનું સન્માન કર્યું. જેમાં ૨૫ શિક્ષકો, ૨૫ સામાજિક કાર્યકરો, ૨૫ મહિલા કાર્યકરો, ૨૫ લેખક-કવિઓ અને કવિ સંમેલન યોજીને સો વરસે તેમને પુનઃજીવીત કરી દીધા. ભલે દીકરો જીવતા તો બાપને યાત્રા કરાવે, પણ મૃત્યુ પછી રાજેશ રાવલે પિતાને ધરતી પર પણ બોલાવી શબ્દ યાત્રા કરાવી છે. પોતાની સેવાકીય કારકિર્દી બદલ તેમને ધરતી રત્ન ઍવૉર્ડ-૨૦૦૯), પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા ઍવૉર્ડ (૨૦૧૦), દીપચંદભાઈ ગાર્ડી સેવાકીય ઍવૉર્ડ (૨૦૧૧) અને પંડિત સુખલાલ ઍવૉર્ડ (૨૦૧૩) મળેલ છે. તેમજ ઝાલાવાડ સેવાભુષણ ઍવૉર્ડ (૨૦૧૪).


વર્ષો પહેલા તેમના પિતાજીએ એક નવલકથા લખી હતી જેનું શિર્ષક હતું 'વિધવાની વહારે !' જેમાં એક યુવાન વિધવાની વહારે ચડીને સમાજનો સામનો કરી સેવા કાર્યનો ઝંડો હાથમાં લઈને નીકળી પડે છે, ત્યારે પિતાને ક્યાં ખબર હતી કે મારા ગયા પછી મારો જ દીકરો રાજેશ રાવલ પણ આ નવલકથાના નાયકની જેમ વિધવાની વહારે ચડવાનો છે. આજે સુરેન્દ્રનગરના ગામડે ગામડે વિધવાની જીભ પર તેમનું નામ છે. વિધવાનો હાથ પકડી બેઠી કરી ચાલતી કરનાર આ સેવક સાચેસાચ નિરાધાર વિધવાની ટેકણ લાકડી બની રહ્યો છે.

દરેક માણસ કંઈ એન્જિન ડ્રાઈવર ન બની શકે, પણ તેના પૈડામાં તેલ જરૂર ઊંજી શકે. તે રીતે વિધવાના જીવનચક્ર ચાલતું થાકી જાય ત્યારે તેમાં તેલ પૂરીને ચાલતું કરવાનું કામ રાજેશ રાવલ કરી રહ્યા છે. આંખો ગુમાવી ત્યારે આંખો સામે ગાઢ અંધકાર પથરાઈ ગયો અને તેમાં જ્યોત પ્રગટી તે જ્યોતિમાં એક વિધવા રડતી કકળતી દેખાઈ. એ પળે જ તેમણે પ્રતિજ્ઞા લીધી કે જીવવું તો વિધવા માટે જ જીવવું અને મરવું તો વિધવા માટે. તેમણે દેહદાન કરી દીધું છે. ચક્ષુદાન માટે કહે છે. ચક્ષુઓ તો મેં ભગવાનને દાનમાં આપી દીધા છે અને બદલે જે આંતર મળ્યું અને એ જ્યોત પ્રગટતી રહી. દાતાઓ તેમાં તેલ પૂરતા હતા અને જ્યોત વધી તે મશાલ બની ગઈ છે. તેનો ઉજાસ દૂર દૂર સુખી પ્રસરી રહ્યો છે અને પ્રસરતો રહેશે.



વિધવા મહિલાની દીકરીના લગ્ન હોવાથી નિર્ધાર સંસ્થા તરફ થી ભેટ આપતાં રાજેશ રાવલ





રાજેશ મારો પ્રાણ છે
રાજેશ મારો શ્વાસ છે.
રાજેશમાં હું છું અને
મારા મહીં રાજેશ છે.

માગશર વદ ૮

રાજેશ! તારી આંખમાં મેં
પ્રેમના અંજન કર્યાં
રાજેશ! મારા હૃદયમાં
(મા) વાત્સલ્યની [illegible]

30 TUE મંગળ ૯ પોષ માગશર વદ ૯

તારા હૃદયમાં પ્રેમ જો
એવા મહાન રત્નાકર છે!
[illegible]
[illegible]

31 WED બુધ ૧૦ પોષ માગશર વદ ૧૦

રાજેશ જેવા દીકરા
જગમાં કોઈ જડતા નથી
X o X o X o X
ઘર ઘર ચંદન ન નીપજે
હો [illegible]!
ઘેર ઘેર રાજેશ ન હોય!

સ્વ. કવિ પરિમલકાંત રાવલ
સ્વહસ્તાક્ષરમાં લખેલ રચના ઉપર મુજબ છે.



**ઝાલાવાડમાં વિવિધ ક્ષેત્રે સેવાની સુવાસને પ્રજ્વલિત કરનાર પૂર્વ ધારાસભ્યશ્રી ધનરાજ કેલા ષષ્ટિપૂર્તિ સન્માન સમિતિ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં વિધવા મહિલાઓના કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રજ્ઞાચક્ષુ સામાજિક કાર્યકરશ્રી રાજેશ રાવલનું કેલા પરિવાર દ્વારા અભિવાદન કરાયું તે પ્રસંગની તસવીર**



**■ જસ્મીનાબેન સોલંકી**

૩૨ વર્ષની ઉંમરે મારા જીવનમાં એકાએક મધ્યાહને સૂર્યાસ્ત થયો. પતિ ઈકબાલ સોલંકીનું હાર્ટએટેકથી મૃત્યુ થયું. બે પુત્રી અને વૃધ્ધ વિધવા સાસુની જવાબદારી સાથે હું વૈધવ્યનો ભોગ બની. નિર્ધાર સંસ્થામાં હું જોડાઈ. સંસ્થા દ્વારા મને તમામ પ્રકારની સહાય પ્રાપ્ત થઈ. પરિણામે મારું જીવન ફરી ધબકતું થયું. મારા સાસુએ મોટી પુત્રીના લગ્ન કરાવ્યાં. તેમના પેન્શનમાં ઘરનો નિભાવ થતો હતો. પણ ફાંટાબાજ કુદરતે મારા સાસુનું પણ ૨૦૧૧ માં મૃત્યુ થયું. રેલવેની પેન્શનની આવક બંધ થઈ. નાની પુત્રી રીઝવાના સાથે જીવન નિર્વાહનો પેચીદો પ્રશ્ન એકાએક આવી પડ્યો.

આ સમયે રાજેશભાઈએ તમામ પ્રકારની રાહત મને મળે તેવા પ્રયત્નો કર્યા. પુત્રી રીઝવાનાના લગ્નનો પ્રસંગ હું કરી શકું તેમ ન હતી. નિર્ધાર સંસ્થા આ જવાબદારી ઉપાડી લીધી અને સંપૂર્ણ કરિયાવર સાથે મારી પુત્રીના રંગેચંગે નિકાહનો પ્રસંગ રાજેશભાઈના અથાગ પ્રયત્નથી થયો હતો.

આ દીકરીની પ્રથમ પ્રસૂતિ, જિઆણું પણ સંસ્થાની મદદથી કરવામાં આવ્યું. હું આ સંસ્થા સાથે છેલ્લા ૧૮ વર્ષથી જોડાયેલી છું. અહીંયા વિધવા બહેનો અશ્રુ ભરી આવે છે અને હસતા મુખે જાય છે. કારણ કે વિધવા બહેનોની પીડા, તેમની સમસ્યા અને તેમના પ્રશ્નો રાજેશભાઈ સાંભળે છે. સહાનુભૂતિપૂર્વક તેનું નિવારણ કરે છે અને બહેનોના જીવનમાં ફરી વસંત પ્રગટે તેવું વાતાવરણ ઊભું કરે છે.

રાજેશભાઈ રાવલ જિંદગીના સાંઈઠ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે ઈશ્વર તેમને તંદુરસ્ત દિર્ઘાયુ બક્ષે અને તેઓ વધુને વધુ વિધવા બહેનો માટે સારા કાર્યો કરતાં રહે તેવી અલ્લાહ પાસે દુઆ કરું છું.